नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नमः

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नमः

આગમ- ૧૨

# ઉવવાઇય

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ


અનુવાદક અને સંપાદક

આગમ દિવાકર મુનિદીપરત્નસાગરજી

[ M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि ]



'આગમ ગુજરાતી અનુવાદ શ્રેણી પુષ્પ–૧૨

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

# (૧૨) ઉવવાઇય

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

પ્રકાશન તારીખ 30/03/2020 સોમવાર તિથી– ૨૦૭૬, ચૈત્ર સુદ–૬

અનુવાદક અને સંપાદક

**આગમ દિવાકર મુનિ દીપરત્નસાગરજી**

[M.Com. M.Ed. Ph.D. श्रुत महर्षि]

∞∞: સંપર્ક :∞∞

જૈનમુનિ ડો૦ દીપરત્નસાગર [M.Com., M.Ed., Ph.D., श्रुतमहर्षि]

Email: - jainmunideepratnasagar@gmail.com Mob Mobile: - 09825967397

Web address:- (1) www.jainelibrary.org, (2) Deepratnasagar.in

–: ટાઈપ સેટિંગ :–

આસુતોષ પ્રિન્ટર્સ, 09925146223

–: પ્રિન્ટર્સ :–

નવપ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ 09825598855

## ૪૫ આગમ વર્ગીકરણ

| ક્રમ | આગમનું નામ | સૂત્ર | | ક્રમ | આગમનું નામ | સૂત્ર |
|---|---|---|---|---|---|---|
| ०१ | आचार | अंगसूत्र-१ | | २५ | आतुरप्रत्याख्यान | पयन्नासूत्र-२ |
| ०२ | सूत्रकृत् | अंगसूत्र-२ | | २६ | महाप्रत्याख्यान | पयन्नासूत्र-३ |
| ०३ | स्थान | अंगसूत्र-३ | | २७ | भक्तपरिज्ञा | पयन्नासूत्र-४ |
| ०४ | समवाय | अंगसूत्र-४ | | २८ | तंदुलवैचारिक | पयन्नासूत्र-५ |
| ०५ | भगवती | अंगसूत्र-५ | | २९ | संस्तारक | पयन्नासूत्र-६ |
| ०६ | ज्ञाताधर्मकथा | अंगसूत्र-६ | | ३०.१ | गच्छाचार | पयन्नासूत्र-७ |
| ०७ | उपासकदशा | अंगसूत्र-७ | | ३०.२ | चन्द्रवेध्यक | पयन्नासूत्र-७ |
| ०८ | अंतकृत् दशा | अंगसूत्र-८ | | ३१ | गणिविद्या | पयन्नासूत्र-८ |
| ०९ | अनुत्तरोपपातिकदशा | अंगसूत्र-९ | | ३२ | देवेन्द्रस्तव | पयन्नासूत्र-९ |
| १० | प्रश्नव्याकरणदशा | अंगसूत्र-१० | | ३३ | वीरस्तव | पयन्नासूत्र-१० |
| ११ | विपाकश्रुत | अंगसूत्र-११ | | ३४ | निशीथ | छेदसूत्र-१ |
| १२ | औपपातिक | उपांगसूत्र-१ | | ३५ | बृहत्कल्प | छेदसूत्र-२ |
| १३ | राजप्रश्निय | उपांगसूत्र-२ | | ३६ | व्यवहार | छेदसूत्र-३ |
| १४ | जीवाजीवाभिगम | उपांगसूत्र-३ | | ३७ | दशाश्रुतस्कन्ध | छेदसूत्र-४ |
| १५ | प्रज्ञापना | उपांगसूत्र-४ | | ३८ | जीतकल्प | छेदसूत्र-५ |
| १६ | सूर्यप्रज्ञप्ति | उपांगसूत्र-५ | | ३९ | महानिशीथ | छेदसूत्र-६ |
| १७ | चन्द्रप्रज्ञप्ति | उपांगसूत्र-६ | | ४० | आवश्यक | मूलसूत्र-१ |
| १८ | जंबूद्वीपप्रज्ञप्ति | उपांगसूत्र-७ | | ४१.१ | ओघनिर्युक्ति | मूलसूत्र-२ |
| १९ | निरयावलिका | उपांगसूत्र-८ | | ४१.२ | पिंडनिर्युक्ति | मूलसूत्र-२ |
| २० | कल्पवतंसिका | उपांगसूत्र-९ | | ४२ | दशवैकालिक | मूलसूत्र-३ |
| २१ | पुष्पिका | उपांगसूत्र-१० | | ४३ | उत्तराध्ययन | मूलसूत्र-४ |
| २२ | पुष्पचूलिका | उपांगसूत्र-११ | | ४४ | नन्दी | चूलिकासूत्र-१ |
| २३ | वृष्णिदशा | उपांगसूत्र-१२ | | ४५ | अनुयोगद्वार | चूलिकासूत्र-२ |
| २४ | चतु:शरण | पयन्नासूत्र-१ | | --- | --------------- | ----- |
| | | | | | | |
| | | | | | | |

# આગમસૂત્ર- ૧૨ 'ઉવવાઇય'

## ઉપાંગસૂત્ર- ૧ ગુજરાતી ભાવાનુવાદ

ક્યાં શું જોશો ?


| ક્રમ | વિષય | પૃષ્ઠ | ક્રમ | વિષય | પૃષ્ઠ |
|---|---|---|---|---|---|
| ૧ | સમવસરણ વર્ણન | ૦૬ | ૨ | ઉપપાત વર્ણન | ૩૦ |

## મુનિ દીપરત્નસાગરજીનું આ પૂર્વેનું સાહિત્ય-સર્જન

| આગમસાહિત્ય | | | આગમસાહિત્ય | | |
|---|---|---|---|---|---|
| ક્રમ | સાહિત્ય નામ | બુક્સ | ક્રમ | સાહિત્ય નામ | બુક્સ |
| 1 | मूल आगम साहित्य:- | 147 | 5 | आगम अनुक्रम साहित्य:- | 09 |
| | -1- आगमसुत्ताणि-मूलं print | [49] | | -1- આગમ વિષયાનુક્રમ- (મૂળ) | 02 |
| | -2- आगमसुत्ताणि-मूलं Net | [45] | | -2- आगम विषयानुक्रम (सटीकं) | 04 |
| | -3- आगममञ्जूषा (मूल प्रत) | [53] | | -3- आगम सूत्र-गाथा अनुक्रम | 03 |
| 2 | आगम अनुवाद साहित्य:- | 165 | 6 | आगम अन्य साहित्य:- | 10 |
| | -1- આગમસૂત્ર ગુજરાતી અનુવાદ | [47] | | -1- આગમ કથાનુયોગ | 06 |
| | -2- आगमसूत्र हिन्दी अनुवाद Net | [47] | | -2- आगम संबंधी साहित्य | 02 |
| | -3- AagamSootra English Trans. | [11] | | -3- ऋषिभाषित सूत्राणि | 01 |
| | -4- આગમસૂત્ર સટીક ગુજરાતી અનુવાદ | [48] | | -4- आगमिय सूक्तावली | 01 |
| | -5- आगमसूत्र हिन्दी अनुवाद print | [12] | | आगम साहित्य- कुल पुस्तक | 518 |
| 3 | आगम विवेचन साहित्य:- | 171 | | આગમ સિવાયનું અન્ય સાહિત્ય | |
| | -1- आगमसूत्र सटीकं | [46] | 1 | તત્વાભ્યાસ સાહિત્ય- | 13 |
| | -2- आगम मूलं एवं वृत्ति -1 | [51] | 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય- | 06 |
| | -3- आगम मूलं एवं वृत्ति -2 | [09] | 3 | વ્યાકરણ સાહિત્ય- | 05 |
| | -4- आगम चूर्णि साहित्य | [09] | 4 | વ્યાખ્યાન સાહિત્ય- | 04 |
| | -5- सवृत्तिक आगमसूत्राणि-1 | [40] | 5 | જિનભક્તિ સાહિત્ય- | 09 |
| | -6- सवृत्तिक आगमसूत्राणि-2 | [08] | 6 | વિધિ સાહિત્ય- | 04 |
| | -7- सचूर्णिक आगमसुत्ताणि | [08] | 7 | આરાધના સાહિત્ય | 03 |
| 4 | आगम कोष साहित्य:- | 16 | 8 | પરિચય સાહિત્ય- | 04 |
| | -1- आगम सद्दकोसो | [04] | 9 | પૂજન સાહિત્ય- | 02 |
| | -2- आगम कहाकोसो | [01] | 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન | 25 |
| | -3- आगम-सागर-कोष: | [05] | 11 | પ્રકીર્ણ સાહિત્ય- | 05 |
| | -4- आगमशब्दादिसंग्रह (प्रा-सं-गु) | [04] | 12 | દીપરત્નસાગરના લઘુશોધનિબંધ | 05 |
| | -5- आगम बृहत् नाम कोष: | [02] | | આગમ સિવાયનું સાહિત્ય કૂલ પુસ્તક | 85 |

1-આગમ સાહિત્ય (કુલ પુસ્તક) 518

2–આગમેતર સાહિત્ય (કુલ પુસ્તક) 085

દીપરત્નસાગરજીનું કુલ સાહિત્ય 603

# [૧૨] ઉવવાઇય
## ઉપાંગસૂત્ર–૧– ગુજરાતી ભાવાનુવાદ

## સમવસરણ વર્ણન

**સૂત્ર–૧ (અધૂરુ...)**

તે કાળે, તે સમયે (આ અવસર્પિણીકાળના ચોથા આરામાં ભગવંત મહાવીર વિચરતા હતા ત્યારે) ચંપા નામે નગરી હતી. તે ઋદ્ધિવાળી, નિર્ભય અને સમૃદ્ધ હતી. ત્યાંના લોકો–જાનપદો પ્રમુદિત હતા. જન–મનુષ્યો વડે તે આકીર્ણ હતી. સેંકડો હજારો હળો વડે ખેડાયેલ, સહજપણે સુંદર માર્ગ જેવી લાગતી હતી. ત્યાં કૂકડા અને સાંઢના ઘણા સમૂહો હતા, ઇક્ષુ–જવ–ચોખાથી યુક્ત હતી. ગાય, ભેંસ, ગવેલકની પ્રચૂરતા હતી. મોટા સુંદર કલાકૃતિવાળા ચૈત્યો અને નર્તકીઓના વિવિધ સન્નિવિષ્ટ ભવનોનીબહુલતા હતી.

ત્યાં લાંચીયા, ખીસાકાતરુ, ગ્રંથિભેદકો, ચોરો, બળજબરીથી કર વસૂલ કરનાર ન હતા. તે નગર સમસ્ત ઉપદ્રવોથી રહિત હતું. ત્યાની પ્રજા ક્ષેમકુશળ હતી. સુલભ ભિક્ષા પ્રાપ્તિવાળી અને સુખે નિદ્રા લઇ શકાય તેવી વિશ્વસ્ત હતી. અનેક શ્રેણીના કૌટુંબિકની ગીચ વસતી હોવા છતાં શાંતિમય હતી.

તે નગરી નટ, નર્તક, જલ્લ–દોરડા પર ચઢી ખેલ કરનાર, મલ્લ, મૌષ્ટિક–મુષ્ટિથી પ્રહાર કરનાર, વેલંબ–વિદૂષકો, કથક–કથા કરનારા, પ્લવક–તરવૈયાઓ, લાસક–રાસ રમનારા, આખ્યાયક–નૈમિતિકો, લંખ–વાંસડા પર ચઢી ખેલ કરનારા, મંખ–ચિત્રપટ દેખાડી આજીવિકા કરનાર, તૂણઇલ્લ–વાદ્ય વગાડનારા, તુંબવીણિક–વીણા વગાડનારા, અનેક તાલાચર–કરતાલ આદિ તાલ વગાડનાર દ્વારા સેવિત હતી.

વળી તે નગરી આરામ, ઉદ્યાન, અગડ, તળાવ, દીર્ઘિકા, વાપીથી યુક્ત હોવાથી નંદનવન સમાન લાગતી હતી.

**સૂત્ર–૧ (અધૂરેથી...)**

તે નગરી, એક ઊંચી, વિપુલ, ગંભીર ખાઈથી યુક્ત હતી. તેની ચારે બાજુ કોટ હતો. તે કોટ, ચક્ર, ગદા, મુસુંઢી, અવરોધ, શતઘ્ની આદિ શસ્ત્રોથી સજ્જ અને ઘન દ્વાર યુગલ વડે સુરક્ષિત તે નગરી દુષ્પ્રવેશ્ય હતી. ધનુષ જેવા કુટિલ, વાંકા પ્રાકારથી વીંટાયેલ હતી. પ્રાકાર ઉપર ગોળ કપિશીર્ષકો(કાંગરાઓ)થી રચિત–સંસ્થિત–શોભતી હતી. કોટ ઉપર અટ્ટાલક(અગાસી)હતી. ત્યાં ચરિકા, ગોપુર, તોરણ આદિ હતા. ત્યાં ઉન્નત(પહોળા) અને વિશાળ સુવિભક્ત–રાજમાર્ગ હતા, નિપુણ શિલ્પાચાર્ય નિર્મિત દૃઢ અર્ગલા અને ઇન્દ્રકિલથી યુક્ત હતી.

**સૂત્ર–૧ (અધૂરેથી...)**

તે નગરીની હાટ–બજાર, વણિક ક્ષેત્ર–દુકાનો, વણકર આદિ કારીગરોની આવાસોથી સુવિધા પૂર્ણ હતી. શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર હોય તેવા સ્થાનોમાં ક્રય–વિક્રય માટેની વાસણ આદિની દુકાનો, વિવિધ વસ્તુઓથી સુશોભિત અને સુરમ્ય હતી. રાજસવારી નીકળતી રહેવાથી રાજમાર્ગે ભીડ રહેતી હતી. અનેક શ્રેષ્ઠ ઘોડા, મત્ત હાથી, રથસમૂહ, શીબિકા, સ્યંદમાનિકા, યાન, યુગ્મથી આકીર્ણ હતી. ખીલેલા કમળો વડે શોભિત જળાશય હતા, શ્વેત શ્રેષ્ઠ ભવનોથી સુશોભિત, નિર્નિમેષ નેત્રો વડે પ્રેક્ષણીય–જોવા લાયક, પ્રાસાદીય–પ્રસન્નતા જનક, દર્શનીય–જોવા લાયક, અભિરૂપ–મનોરમ્ય, પ્રતિરૂપ–મનોહર રૂપવાળી હતી.

**સૂત્ર–૨**

તે ચંપાનગરીની બહાર ઉત્તર–પૂર્વ દિશામાં પૂર્ણભદ્ર નામક ચૈત્ય(મંદિર) હતું. તે ઘણું પ્રાચીન હતું. તે પૂર્વ પુરુષ પ્રશંસિત, પ્રાચીન, શબ્દિત, કીર્તિત અને ખ્યાતી પામેલ હતું, તે ચૈત્ય, છત્ર–ધ્વજ–ઘંટ પતાકા સહિત,

પતાકાતિપતાકાથી સુશોભિત હતું. ત્યાં સફાઈ માટે મોરપીંછી હતી. ત્યાં ઓટલો હતો. તે ચૈત્યની ભૂમિ ગોબરાદિથી લિપ્ત હતુ. ત્યાં ગોશીષ–સરસ–રક્ત ચંદનના પાંચે આંગળી અને હથેળી સહિત થાપા હતા.

ત્યાં ચંદન કળશો અને ચંદન ચર્ચિત ઘટ હતા. તેના દ્વારના દેશભાગ તોરણોથી સજાવેલા હતા. જમીનથી ઉપર સુધીના ભાગને સ્પર્શતી મોટી–મોટી, ગોળ અને લાંબી અનેક પુષ્પમાળાઓ હતી. સરસ–સુગંધી પંચવર્ણી પુષ્પોનો ઢેર કરાયેલ હતો. કાળો અગરુ, પ્રવર કુંદરુષ્ક, તુરુષ્ક, ધૂપના મઘમઘાટથી તે ઉત્કૃષ્ટ ગંધવાળું અને રમણીય લાગતું હતું. ઉત્તમ સુગંધી ગંધથી ગંધિત અને ગંધવર્તી ભૂત (એવું તે ચૈત્ય લાગતું હતું.)

તે ચૈત્ય નટ, નર્તક, જલ્લ, મલ્લ, મૌષ્ટિક, વેલંબક, પ્લવક, કથક, લાસક, આખ્યાયક, લંખ, મંખ, તૂણઈલ્લ, તુંબવીણિક, ભોજક અને માગધથી યુક્ત હતું. બહુજન જાનપદમાં તેની કીર્તિ ફેલાઈ હતી. ઘણા ઉદાર પુરુષો માટે તે આહ્વનીય–દાન દેવા યોગ્ય, પ્રાહ્વણીય–વારંવાર દાન દેવા યોગ્ય, અર્ચનીય–ચંદનાદિથી પૂજવા યોગ્ય, વંદનીય–સ્તુતિ આદિ દ્વારા વંદન યોગ્ય, નમંસણીય–પંચાંગ નમસ્કાર યોગ્ય, પુષ્પાદિ વડે પૂજનીય, વસ્ત્રાદિથી સત્કારણીય, બહુમાન વડે સન્માનનીય, કલ્યાણ–મંગલ–દેવ–ચૈત્યરૂપ, વિનયપૂર્વક પર્યુપાસનીય, દિવ્ય, સત્ય, દેવાધિષ્ઠિત, સન્નિહિત પ્રાતિહાર્ય, હજારો પ્રકારની પૂજાને પ્રાપ્ત હતું. ઘણાં લોકો ત્યાં આવીને પૂર્ણભદ્ર ચૈત્યમાં પૂજા–અર્ચના કરતા હતા.

સૂત્ર–૩ (અધૂરું...)

તે પૂર્ણભદ્ર ચૈત્ય, એક મોટા વનખંડથી ચોતરફથી ઘેરાયેલ હતું. તે વનખંડ કૃષ્ણવર્ણ અને–કૃષ્ણકાંતિવાળુ, નીલવર્ણ–નીલકાંતિવાળુ, હરિતવર્ણ–હરિતકાંતિવાળુ હતું., શીતળ–શીતળછાયા, સ્નિગ્ધ–સ્નિગ્ધછાયા, તીવ્ર–તીવ્રાવભાસ, કૃષ્ણ–કૃષ્ણછાય, નીલ–નીલછાય, હરિત–હરિતછાય, શીત–શીતછાય, સ્નિગ્ધ–સ્નિગ્ધછાય, તીવ્ર–તીવ્રછાય, ગહન અને સઘન છાયાથી યુક્ત, રમ્ય અને મહામેઘ નિકુરંબ ભૂત તે વનખંડ હતું.

સૂત્ર–૩ (અધૂરેથી...)

તે વૃક્ષો ઉત્તમ મૂળ, કંદ, સ્કંધ, ત્વચા, શાખા, પ્રવાલ, પત્ર, પુષ્પ, ફળ અને બીજવાળા હતા. તે વૃક્ષો અનુક્રમે સુજાત, સુંદર, વૃત્તભાવ પરિણત હતા. તે એક સ્કંધ, અનેક શાખા, અનેક શાખા–પ્રશાખાના વિસ્તારવાળા હતા. તેના સઘન, વિસ્તૃત, બદ્ધ સ્કંધો અનેક મનુષ્ય દ્વારા ફેલાયેલ ભૂજાઓથી પણ ગૃહીત થઈ શકતા ન હતા. તેના પાંદડા છિદ્ર રહિત, સઘન, અધોમુખ, ઉપદ્રવરહિત હતા. તેના પીળા પાન ઝરી ગયા હતા. નવા–લીલા–ચમકતા પાનની સઘનતાથી ત્યાં અંધારું અને ગહનતા દેખાતી હતી. નવા–તરુણ પાન, કોમલ–ઉજ્જ્વલ–હલતા એવા કિસલય, સુકુમાલ પ્રવાલ વડે શોભિત, ઉત્તમ કુરગ્ર શિખરથી શોભિત હતા.

તે નિત્ય કુસુમિત(પુષ્પોથી પુષ્પિત), નિત્ય માયિત(નવી મંજરિઓથી મંજરિત), નિત્ય લવચિક, નિત્ય સ્તબકીય(ગુચ્છોથી સભર), નિત્ય ગુલચિત(લતાઓથી વીંટળાયેલ), નિત્ય ગોચ્છિક(પુષ્પ ગુચ્છોથી સુશોભિત), નિત્ય યમલિક(સમપંક્તિમાં સ્થિત), નિત્ય જુવલિક(બબ્બેની જોડીમાં હોવાથી યુગલિત), નિત્ય વિનમિત(ફળોના ભારથી ઝુકેલ), નિત્ય પ્રણમિત(જમીન સુધી ઝુકેલ), નિત્ય કુસુમિત–માયિત–લવકીય–સ્તબકીય–ગુલયિત–ગોચ્છિક–યમલિક–યુવલિક–વિનમિત–પરિણમિત–સુવિભક્ત–પિંડમંજરીરૂપ પોતપોતાના શિરોભૂષણથી અર્થાત અવતંસકોથી શોભતા હતા.

તે વૃક્ષો ઉપર પોપટ, મોર, મેના, કોયલ, કોહંગક, ભૃગાંસ, કોંડલક, જીવં–જીવક, નંદીમુખ, કપિલ, પિંગલાક્ષ, કારંડ, ચક્રવાક, કલહંસ, સારસ આદિ અનેક પક્ષીગણ યુગલ દ્વારા શબ્દો કરાતા હતા, તેના ઉન્નત અને મધુર ઉલ્લાપ વડે તે વૃક્ષો ગુંજિત અને સુરમ્ય હતા. મદમાતા ભ્રમરો તથા ભ્રમરીઓના સમૂહ તથા મકરંદના લોભથી અન્યાન્ય સ્થાનોથી આવેલ વિવિધ જાતિના ભ્રમરની ગુનગુનાહટ વડે તે સ્થાન ગુંજાયમાન હતું.

તે વૃક્ષ અંદરથી ફળ–ફૂલ વડે અને બહારથી પાન વડે ઢંકાયેલ હતું. પત્ર અને પુષ્પો વડે આચ્છાદિત અને

પ્રચ્છાદિતહતું. તેના ફળ સ્વાદુ, નિરોગી, અકંટક હતા. વિવિધ ગુચ્છ–ગુલ્મ અને ઉત્તમ મંડપથી શોભિત હતું. વિચિત્ર–શુભ ધ્વજા યુક્ત હતું. વાપી–પુષ્કરિણી અને દીર્ઘિકામાં ઝરોખાવાળા સુંદર ભવન બનેલા હતા.

સૂત્ર–૩ (અધૂરેથી...)

દૂર–દૂર સુધી જનારી સુગંધના સંચિત પરમાણુને કારણે તે વૃક્ષો પોતાની સુંદર મહેકથી મનોહર લાગતા હતા. તે મહતી સુગંધને છોડતા હતા. તે નાનાવિધ, ગુચ્છ–ગુલ્મ–મંડપગૃહ સુખના સેતુ સમાન અને ઘણી ધ્વજાયુક્ત હતા. અનેક રથ–યાન–યુગ્ય–શિબિકાને રાખવાને માટે ઉપયુક્ત હતા. તે સુરમ્ય, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતા.

સૂત્ર–૪ (અધૂરું...)

તે વનખંડના બહુમધ્ય દેશભાગમાં એક મોટું ઉત્તમ એવું અશોકવૃક્ષ હતું. તેનું મૂળ ડાભ અને તૃણોથી રહિત હતું. તે વૃક્ષ ઉત્તમ મૂળ, કંદ યાવત્ પર્યાપ્ત સ્થાનવાળું, સુરમ્ય–પ્રાસાદીય–દર્શનીય–અભિરૂપ અને પ્રતિરૂપ હતું.

સૂત્ર–૪ (અધૂરેથી...)

તે ઉત્તમ અશોકવૃક્ષ, બીજા પણ ઘણા તિલક, લકુચ, ક્ષત્રોપ, શિરીષ, સપ્તવર્ણ, દધિપર્ણ, લોધ્ર, ધવ, ચંદન, અર્જુન, નીપ, કૂટજ, સવ્ય, ફણસ, દાડિમ, શાલ, તાલ, તમાલ, પ્રિયક, પ્રિયંગ, પૂરોપગ, રાયવૃક્ષ અને નંદિવૃક્ષ વડે ચારે તરફથી ઘેરાયેલું છે.

તે તિલક, લકુચ યાવત્ નંદિવૃક્ષોના મૂળ ડાભ અને બીજા પ્રકારના તૃણાદિથી રહિત હતા. તેના મૂલ, કંદ આદિ દશે ઉત્તમ પ્રકારના હતા યાવત્ રથાદિ માટેના પર્યાપ્ત સ્થાનવાળા, સુરમ્ય, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.

તે તિલક યાવત્ નંદિવૃક્ષ બીજી ઘણી પદ્મલતા, નાગલતા, અશોકલતા, ચંપકલતા, ચૂતલતા, વનલતા, વાસંતિક લતા અતિમુક્તકલતા, કુંદલતા અને શ્યામલતાથી ચોતરફથી ઘેરાયેલ છે. તે પદ્મલતાદિ નિત્ય કુસુમિત યાવત્ અવતંસક ધારી, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.

સૂત્ર–૫

તે ઉત્તમ અશોકવૃક્ષની નીચે, તેના તળની કંઈક નજીક, એક મોટો પૃથ્વીશિલાપટ્ટક હતો. તેની લંબાઈ–પહોળાઈ–ઊંચાઈ સપ્રમાણ હતી. તે કાળો, અંજન, ઘન વાદળા, તલવાર, નીલકમલ, બલરામના વસ્ત્ર, આકાશ, કેશ, કાજળની ડબ્બી, ખંજન, શીંગડુ, રિષ્ટકરત્ન, જાંબુના ફળ, બીયક વૃક્ષ, શણ પુષ્પના ડીંટિયા, નીલકમલના પાનની રાશિ, અલસીના ફૂલ સદશ પ્રભાવાળો હતો. નીલમણિ, કસૌટી, કમરબંધના ચામડાના પટ્ટા, આંખોની કીકી, આ બધાંની રાશિ જેવો તેનો વર્ણ હતો. તે સ્નિગ્ધ અને ઘન હતો. તેના આઠ ખૂણા હતા, તે દર્પણના તલ સમાન સુરમ્ય હતો. તેની ઉપર ઈહામૃગ, વૃષભ, તુરગ, નર, મકર, વિહગ, વાલગ, કિન્નર, ઋરુ, સરભ, ચમર, કુંજર, વનલતા, પદ્મલતાના ચિત્રો હતા. તેનો સ્પર્શ આજિનક, રૂ, બૂર, નવનીત, તૂલ સમાન હતો. તે શિલાપટ્ટક સિંહાસન સંસ્થિત, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ હતો.

સૂત્ર–૬

તે ચંપાનગરીમાં કૂણિક નામે રાજા વસતો હતો. તે મહાહિમવંત પર્વતની સમાન મહંત, મલય–મેરુ અને મહેન્દ્ર પર્વત સદશ પ્રધાન હતો. અત્યંત વિશુદ્ધ દીર્ઘ રાજકુલ વંશમાં જન્મેલો હતો. નિરંતર રાજલક્ષણ વિરાજિત અંગોપાંગ–યુક્ત હતો. ઘણા લોકો દ્વારા બહુમાન્ય અને પૂજિત હતો. સર્વગુણ સમૃદ્ધ હતો. તે શુદ્ધ ક્ષત્રિયવંશમાં જન્મેલ હતા, અનેક રાજાઓ દ્વારા તમનો રાજ્યાભિષેક કરાયેલ હતો. ઉત્તમ માતાપિતાથી સારી રીતે ઉત્પન્ન થયેલ હતો. તે કરુણાશીલ હતો, સીમંકર(મર્યાદાનું પાલન કરનાર), સીમંધર(મર્યાદાનું પાલન કરાવનાર), ક્ષેમંકર(પ્રજાનુ

કલ્યાણ કરનાર), ક્ષેમંધર(પ્રજાની સંભાળ રાખનાર), મનુષ્યોમાં ઈન્દ્ર સમાન, જનપદમાં પિતૃતુલ્ય, જનપદપાલક, જનપદ પુરોહિત, સેતુકર(કુમાર્ગે જનારને સન્માર્ગે લાવનાર), કેતુકર(અદભૂત કાર્ય કરનાર), નરપ્રવર(સૈન્યબળ આદિથી સમૃદ્ધ), ઉત્તમ પુરુષ(સાધારણ મનુષ્યોમાં શ્રેષ્ઠ), પુરુષોમાં સિંહ સમાન, પુરુષમાં વ્યાઘ્ર સમાન, પુરુષોમાં આશીવિષ સમાન, પુરુષોમાં પુંડરીક સમાન, પુરુષોમાં વરગંધ હસ્તિ સમાન હતો.

તે આઢ્ય(અખૂટ ધનનો સ્વામી), દપ્ત(શત્રુના અભિમાનનો નાશ કરનાર), વિત્ત(સ્વધર્મ અને સ્વદેશના પાલક) હતો. વિસ્તીર્ણ–વિપુલ એવા ભવન, શયન, આસન, યાન, વાહનથી પર્યાપ્ત હતો. તેની પાસે વિપુલ ધન, ઘણા જાત્યરૂપ રજત, આયોગ–પ્રયોગ સંપ્રયુક્ત હતો. તેને ત્યાં ભોજન–પાન બાદ ઘણું અન્ન બચતું હતું. તેને ત્યાં ઘણા દાસી, દાસ, ગાય, ભેંસ, ઘેટા આદિ હતા. પ્રતિપૂર્ણ યંત્ર, કોશ, કોષ્ઠાગાર, આયુધાગાર, સૈન્ય હતું. તેણે શત્રુ અને પ્રતિસ્પર્ધીઓને શક્તિહીન બનાવી દીધા હતા. તે અપહત કંટક, નિહત કંટક, મલિય કંટક, ઉદ્ધૃત કંટક, અકંટક હતો. અપહતશત્રુ, નિહતશત્રુ, મલિયશત્રુ, ઉદ્ધૃતશત્રુ, નિર્જિતશત્રુ, પરાજિતશત્રુ હતો. તે દુર્ભિક્ષરહિત, મારિભય થી મુક્ત, ક્ષેમ, શિવ, સુભિક્ષ, શત્રુકૃત્ વિઘ્નથી રહિત એવા રાજ્યનું પ્રશાસન કરતો વિચરતો હતો.

### સૂત્ર–૭

તે કૂણિક રાજાને ધારિણી નામે રાણી (પત્ની) હતી. તે સુકુમાલ હાથપગવાળી, તે સર્વ લક્ષણોથી સંપન્ન, અહીન–પ્રતિપૂર્ણ–પંચેન્દ્રિયશરીરી હતી, તે હસ્તરેખા આદિ લક્ષણ, તલ, મસા આદિ વ્યંજન ગુણથી યુક્ત, માન–ઉન્માન–પ્રમાણથી પ્રતિપૂર્ણ, સુજાત–સર્વાંગ–સુંદર અંગવાળી, શશિવત્ સૌમ્યાકાર, કાંત અને પ્રિયદર્શનવાળી, સુરૂપ હતી, હથેળીમાં આવી જાય તેવી પ્રશસ્ત ત્રિવલિતથી વલિત કમરવાળી, કુંડલ વડે ઉદ્ધિપ્ત કપોલ રેખા યુક્ત, શરદપૂર્ણિમાના ચંદ્રમા સદશ, નિર્મળ, પરિપૂર્ણ તથા સૌમ્ય વદનવાળી હતી. શૃંગારના ઘર જેવી, સુંદર વેશભૂષા વાળી, સંગત–ગત(ગજ અને હંસ સમાન મોહક ચાલવાળી), હસિત(આકર્ષક હાસ્યવાળી)–ભણિત(કોયલ અને વિણા જેવી માધુરી અને કર્ણપ્રિય વાણી યુક્ત)–વિહિત(સર્વ ક્રિયામાં ચતુર)–વિલાસ–સલલિત–સંલાપ–નિપુણ યુક્તોપચાર કુશલ, પ્રાસાદીયા, દર્શનીયા, અભિરૂપા અને પ્રતિરૂપા(અતીવ શોભાયમાન) હતી.

ભંભસારપુત્ર કોણિક રાજામાં અનુરક્ત, અવિરક્ત, ઈષ્ટ શબ્દ–સ્પર્શ–રસ–રૂપ–ગંધયુક્ત પંચવિધ, માનુષી કામભોગોને અનુભવતી વિચરતી હતી.

### સૂત્ર–૮

તે કોણિક રાજાએ એક પુરુષ વિપુલ વેતનથી ભગવંતની પ્રવૃત્તિના (ગમનાગમનના) સમાચાર આપવાને માટે, ભગવંત ની દૈવસિક પ્રવૃત્તિ નિવેદન માટે રાખેલ હતો. તે પુરુષે બીજા ઘણા પુરુષોને દૈનિક ભોજન તથા વેતન આપીને ભગવંતના ગમનાગમન તથા ભગવંતની દૈનિક પ્રવૃત્તિના નિવેદનને માટે રાખેલા હતા.

### સૂત્ર–૯

તે કાળે, તે સમયે ભંભસારપુત્ર કોણિક રાજા બહારની ઉપસ્થાનશાળામાં અનેક ગણનું સંચાલન કરનાર–ગણનાયક, દંડનું વિધાન કરનાર– દંડનાયક, માંડલિક– રાજા, ઐશ્વર્યસંપન્ન– ઈશ્વર, યુવરાજ, રાજા દ્વારા સન્માનિત–તલવર, ૫૦૦ ગામના સ્વામી એવા– માડંબિક, કૌટુંબિક, રાજાના સલાહકાર– મંત્રી, મંત્રી મંડળના અગ્રણી– મહામંત્રી, જ્યોતિષ શાસ્ત્રના જાણકાર– ગણક, દ્વાર પર રક્ષા માટે ઉભા રહેતા– દૌવારિક–, રાજ્યના અધિષ્ઠાયક– અમાત્ય, સેવકો– ચેટ, હજુરિયા સેવક– પીઠમર્દક, નગર–નિગમ(રાજ્યના વ્યાપારી)–શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, દૂત, સંધિ કરવા નિમાયેલા સંધિપાલ સાથે પરીવરીને વિચરતો હતો.

### સૂત્ર–૧૦ (અધૂરું...)

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર, જે શ્રુત અને ચારિત્ર ધર્મના–આદિકર, તીર્થની સ્થાપના કરનાર–

તીર્થંકર, સ્વયં બોધ પામેલા–સ્વયંસંબુદ્ધ, જ્ઞાનાદિ અનંત ગુણોથી–પુરુષોત્તમ, કર્મ શત્રુ નાશ કર્તા હોવાથી–પુરુષસિંહ, શ્વેત કમળ સમ નિર્મલ અને નિર્લેપ–પુરુષવરપુંડરિક, ઉત્તમ હાથીની જેમ બીજા ઉપર વિજય મેળવનાર–પુરુષવરગંધહસ્તી,

લોકમાં ઉત્તમ, લોકના નાથ સમાન, લોકના હિતને કરનાર, લોકમાં પ્રદીપવત, લોકમાં પ્રદ્યોત–ઉજાસ કરનાર, સર્વ જીવોને અભય દેનારા, જ્ઞાનરૂપી ચક્ષુને દેનારા, મોક્ષમાર્ગને દેનારા, દુર્ગતિમાં પડતા જીવોને શરણદાયક, સંયમરુપી જીવનને દેનાર, શ્રુત અને ચારિત્ર ધર્મને દેનાર, ધર્મને કહેનાર, ધર્મના નાયક, ધર્મ રૂપી રથના સારથી, ચાર ગતિનો અંત કરનાર ધર્મમાં ઉત્તમ ચક્રવર્તી સમાન,

સંસાર સમુદ્રમાં ડૂબતા પ્રાણીને માટે દ્વીપ સમાન, દુઃખથી પીડાતા જીવોને રક્ષક સમાન, ભવ્ય જીવો માટે શરણરૂપ, પ્રતિષ્ઠાનરૂપ, અપ્રતિહતશ્રેષ્ઠ જ્ઞાન–દર્શનનાં ધારક, છદ્મસ્થપણાથી રહિત, જિન–જાપક(સ્વયં રાગ–દ્વેષને જીતેલા અને બીજાને જિતાવનારા), તીર્ણ–તારક(પોતે તર્યા અને બીજાને તારનારા), બુદ્ધ –બોધક(પોતે બોધ પામેલા અને બીજાને બોધ પમાડનારા) મુક્ત–મોચક(પોતે કર્મોથી મુકાયેલા અને બીજાને મૂકાવનારા),

સર્વજ્ઞ, સર્વદર્શી, શિવ–અચલ–અરુજ–અનંત–અક્ષય–અવ્યાબાધ–અપુનરાવર્તિક એવી સિદ્ધિગતિ નામ રૂપ સ્થાનને પ્રાપ્ત કરવાની કામનાવાળા, અરહંત(આઠ પ્રાતિહાર્ય યુક્ત), જિન(રાગ–દ્વેષ વિજેતા), કેવલી(કેવળ જ્ઞાન અને કેવળ દર્શનના ધારક), એવા તે ભગવાન હતા.

તે ભગવંત મહાવીર– સાત હાથ ઊંચા, સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત, વજ્રઋષભનારાચ સંઘયણી, અનુલોમ–વાયુવેગ(વાયુપ્રકોપરહિત દેહવાળા), કંકગ્રહણી(કંકપક્ષી જેવા નિર્લેપ ગુદાશયવાળા), કપોત પરિણામી(કબૂતરની જેમ અંત–પ્રાંત આહારને પચાવી શકે તવા જઠરાગ્નીવાલા), શકુનિ–પોષ–પુષ્ટિઅંતર–ઉરુપરિણત(ગુદાશય અને ગુપ્તાંગની આસપાસનો ભાગ નિર્લેપ હોય તેવા)..

**સૂત્ર–૧૦ (અધૂરેથી...)**

ભગવંતનું મુખ પદ્મ તથા ઉત્પલ નામક સુગંધી દ્રવ્ય જેવી સુરભિમય નિઃશ્વાસથી યુક્ત હતા. ઉત્તમ ત્વચા યુક્ત, નીરોગી, ઉત્તમ–પ્રશસ્ત અતિશય શ્વેત માંસયુક્ત, જલ્લ–મલ્લ–કલંક–સ્વેદ–રજ–દોષ વર્જિત શરીરી હોવાથી નિરૂપલેપ, દીપ્તિથી ઉદ્યોતિત અંગયુક્ત, ઘન–નિચિત–સુબદ્ધ–લક્ષણમય–કૂટાગાર સમાન ઉન્નત અગ્ર મસ્તકવાળા, બારીક રેશાથી ભરેલ સેમલના ફળ ફાટવાથી નીકળતા રેસા જેવા કોમળ, વિશદ, પ્રશસ્ત, સૂક્ષ્મ, શ્લક્ષ્ણ, સુરભિ, સુંદર, ભુજમોચક હતા, નીલમ, ભંગ, નીલ, કજ્જલ, પ્રહૃષ્ટ, ભ્રમરવૃંદ જેવા ચમકતા કાળા, ઘન, ઘુંઘરાળા, પ્રદક્ષિણાવર્ત કેશ–વાળ ભગવંતના મસ્તક ઉપર હતા.

દાડમના પુષ્પ, સુવર્ણ સમાન નિર્મળ, સુસ્નિગ્ધ એવી વાળની ત્વચાભૂમિ હતી. ઘન, નિચિત, છત્રાકાર મસ્તક દેશ હતો. નિર્વ્રણ, સમ, લષ્ટ, મૃષ્ટ, અર્ધચંદ્ર સમ લલાટ હતું. પ્રતિપૂર્ણ ચંદ્ર સમાન સૌમ્ય વદન હતું. આલીન–પ્રમાણયુક્ત કાન ઘણા શોભતા હતા. પીન–માંસલ કપોલ દેશભાગ હતો. તેમની ભ્રમરો કંઈક ખેંચાયેલા ધનુષ સમાન સુંદર, કાળા વાદળની રેખા સમાન કૃશ, કાળી અને સ્નિગ્ધ હતી. તેમના નયન ખીલેલા પુંડરિક સમાન હતા. તેમની આંખો કમળની જેમ વિકસિત, ધવલ તથા પત્રલ હતી. નાક ગરુડ માફક ઋજુ અને ઉન્નત હતું. ઉપચિત, શિલ પ્રવાલ, બિંબફળ સદશ તેમના હોઠ હતા. પાંડુર, ચંદ્રનો ટૂકડો, વિમલ, નિર્મળ, શંખ, ગોક્ષીરના ફીણ, કુંદ, જલકણ, મૃણાલિ, ધવલ દંતશ્રેણી હતી. તેમના દાંત અખંડ, અસ્ફુટિત, અવિરલ, સુસ્નિગ્ધ, સુજાત હતા. અનેક દાંત એકદંત શ્રેણી સમાન લાગતા હતા. તેમની જિહ્વા અને તાલુ અગ્નિમાં તપાવેલ અને જળથી ધોયેલ સ્વર્ણ સમાન લાલ હતા.

**સૂત્ર–૧૦ (અધૂરેથી...)**

ભગવંતના દાઢી–મૂંછ સુવિભક્ત અને અવસ્થિત(વધે નહીં તેવા) હતા. તેમની દાઢી માંસલ, સંસ્થિત,

ચિત્તાની માફક વિપુલ હતી. ગ્રીવા–ડોક ચાર આંગળ, સુપ્રમાણ, ઉત્તમ શંખ સમાન હતી. તેમના સ્કંધ, ભેંસ–વરાહ–સિંહ–ચિત્તા–વૃષભ–ઉત્તમ હાથીના સ્કંધ જેવા પરિપૂર્ણ અને વિપુલ હતા. ભૂજાઓ, યૂપ–ગાડાના ધુંસર જેવી ગોળ, લાંબી, સુદૃઢ, જોવી ગમે તેવી, સુસ્પષ્ટ કાંડાથી યુક્ત, સુશ્લિષ્ટ, વિશિષ્ટ, ઘન, સ્થિર, સ્થાયુઓ વડે સુબદ્ધ, અર્ગલા સમાન ગોળાકાર હતી. તેમના બાહુ, નાગરાજના ફેલાયેલા શરીરની માફક દીર્ઘ હતા. હાથના ભાગ, ઉન્નત, કોમળ, માંસલ, સુગઠિત, શુભલક્ષણોથી યુક્ત, નિશ્છિદ્ર, પ્રશસ્ત હતા. તેમની આંગળીઓ સ્થૂળ, કોમળ, ઉત્તમ હતી. તેમના હસ્તતલ લાલાચિત, પાતળી, ઉજળી, રુચિર, સ્નિગ્ધ, સુકોમળ હતા.

તેમની હથેળીમાં ચંદ્ર–સૂર્ય–શંખ–ચક્ર–દિશાસૌવસ્તિકની શુભ રેખાઓ હતી. તેમનું વક્ષઃસ્થળ સ્વર્ણશિલાતલ સમાન, ઉજ્જ્વળ, પ્રશસ્ત, સમતલ, ઉપચિત, વિસ્તીર્ણ, પૃથુલ, શ્રીવત્સના ચિહ્નયુક્ત હતું. દેહની માંસલતાથી રીઢ–કરોડરજ્જુનું હાડકું દેખાતું ન હતું. તેમનું શરીર સ્વર્ણસમાન, કાંતિમાન, નિર્મળ, સુંદર, નિરુપહત હતું. તેમાં ઉત્તમ પુરુષના ૧૦૦૮ લક્ષણ પૂર્ણપણે વિદ્યમાન હતું.

તેમના દેહનો પાર્શ્વભાગ નીચે તરફ ક્રમશઃ સાંકડો, દેહના પ્રમાણને અનુરૂપ, સુંદર, સુનિષ્પન્ન, અતિ સમુચિત પરિમાણમાં માંસલતા યુક્ત અને મનોહર હતો. તેમના વક્ષ અને ઉદર ઉપર સીધા, સમાન, સંહિત, ઉત્કૃષ્ટ, સૂક્ષ્મ, કાળા, ચીકણા, ઉપાદેય, લાવણ્યમય, રમણીય વાળની પંક્તિ હતી. તેમની કુક્ષી, મત્સ્ય અને પક્ષી જેવી સુજાત અને પીન–પુષ્ટ હતી. તેઓ મત્સ્યોદર અને નિર્મળ આંત્રસમૂહ યુક્ત હતા.

## સૂત્ર–૧૦ (અધૂરેથી...)

ભગવંતની નાભિ વિકટ કમળ જેવી ગંભીર, ગંગાવર્ત જેવી ચક્રાકાર, પ્રદક્ષિણાવર્તક, તરંગ જેવી ચક્રાકાર હતી, તાજા રવિકિરણ વડે વિકસિત કમળ જેવી ગંભીર અને વિકટ નાભિ હતી, દેહનો મધ્યભાગ ત્રિકાષ્ઠિક, મૂસલ અને દર્પણના હાથાના મધ્યભાગ જેવો, તલવારની મૂઠ સમાન, ઉત્તમ વજ્ર સમાન ગોળ અને પાતળો હતો. પ્રમુદિત, સ્વસ્થ, ઉત્તમ ઘોડા અને સિંહની કમર સમાન તેમની કમર ગોળ ઘેરાયેલી હતી.

ઉત્તમ અશ્વ સમાન સુજાત, તેઓનો ગુહ્ય ભાગ હતો, અશ્વની જેમ નિરુપલેપ ગુદા હતી, શ્રેષ્ઠ હાથી સમાન તુલ્ય–વિક્રમ–વિલસિત ગતિ હતી, હાથીની સૂંઢ જેવા સુજાત, ભગવંતના ઉરુ હતા. તે સમુદ્ગ નિમગ્ન ગૂઢ જાનુ, હરિણીની પિંડી, કુરુવિંદ ઘાસ, આવર્ત્ત માફક ક્રમશઃ વૃત્ત હતા. તેમની જંઘા, સંસ્થિત, સુશ્લિષ્ટ હતી. તેમના ગોઠણ, શોભાયમાન અને માંસલ હતા. સુપ્રતિષ્ઠિત અને કાચબા જેવા ઉન્નત પગ, ક્રમશઃ સુસંહત આંગળીઓ, ઉન્નત–પાતળા–તામ્ર–સ્નિગ્ધ નખો હતા, લાલ કમળના પત્ર સમાન મૃદુ–સુકુમાલ–કોમળ તળિયા હતા, ૧૦૦૮ ઉત્તમ પુરુષલક્ષણના ધારક હતા, પર્વત–નગર–મગર–સાગર–ચક્ર–અંકરૂપ ઉત્તમ ચિહ્નો અને મંગલકૃત ચરણો હતા. વિશિષ્ટ રૂપ હતું. નિર્ધૂમ અગ્નિની જ્વાલા, વિસ્તીર્ણ વિદ્યુત, નવા સૂર્યના કિરણો સમાન તેમનું તેજ હતું. તેઓ આશ્રવ–મમત્વ–કિંચનતા રહિત હતા, તેઓ શોક રહિત, દ્રવ્ય અને ભાવરૂપ બંને પ્રકારના માળથી રહિત હતા. પ્રેમ–રાગ–દ્વેષ–મોહ ચાલ્યા ગયા છે તેવા અને નિર્ગ્રન્થ પ્રવચનના ઉપદેશક હતા.

## સૂત્ર–૧૦ (અધૂરેથી...)

ભગવંત શાસ્ત્ર નાયક, ચારિત્રના પ્રતિષ્ઠાપક, શ્રમણોના અધિપતિ, શ્રમણ આદિ વૃંદથી ઘેરાયેલ, ૩૪–બુદ્ધ અતિશય સંપન્ન અને ૩૫–વચન અતિશય પ્રાપ્ત હતા, આકાશગત ચક્ર, આકાશગત છત્ર, આકાશગત ચામર, આકાશ સમાન સ્વચ્છ સ્ફટિકથી બનેલ પાદપીઠ સહિત સિંહાસન, આગળ ચાલતો ધર્મધ્વજ; એ બધાથી યુક્ત હતા. તેઓ ૧૪,૦૦૦ સાધુ અને ૩૬,૦૦૦ સાધ્વીઓથી પરિવૃત્ત થઇ પૂર્વાનુપૂર્વી ચાલતા, એક ગામથી બીજે ગામ વિચરતા, સુખે–સુખે વિહાર કરતા ચંપાનગરીની બહાર ઉપનગરમાં પધાર્યા. તેઓ ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યે પધારવાની ભાવનાવાળા હતા.

સૂત્ર–૧૧

ત્યારે ભગવાનના સમાચાર જણાવવા નિમાયેલ પ્રવૃત્તિ નિવેદકને આ વૃત્તાંત જાણવા મળતા હર્ષિત, સંતુષ્ટ, આનંદિત ચિત્ત, પ્રીતિયુક્ત મનવાળો થયો. પરમ સૌમનસ્યથી અને હર્ષને વશ થઈ તેનું હૃદય વિકસિત થયું. તેણે સ્નાન–બલિકર્મ–કૌતુક મંગલ પ્રાયશ્ચિત્ત કર્યા. શુદ્ધ, પ્રાવેશ્ય, મંગલ, ઉત્તમ વસ્ત્રો પહેર્યા. અલ્પ પણ મહાર્ઘ આભરણથી શરીરને અલંકૃત કર્યું. પોતાના ઘેરથી નીકળ્યો. નીકળીને ચંપાનગરીની વચ્ચોવચ્ચ થઈને કોણિક રાજાને ઘેર બાહ્ય ઉપસ્થાન શાળામાં ભંભસારપુત્ર કોણિક રાજા પાસે આવ્યો. આવીને બે હાથ જોડી, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલિ કરી, જય–વિજયથી વધાવ્યા. વધાવીને કહ્યું –

હે દેવાનુપ્રિય ! જેમના દર્શનની આપ કાંક્ષા કરો છો, સ્પૃહા કરો છો, પ્રાર્થના કરો છો, અભિલાષા કરો છો. આપ જેના નામ અને ગોત્રને પણ શ્રવણ કરતા હૃષ્ટ તુષ્ટ યાવત્ હર્ષિત હૃદયી થાઓ છો, તે શ્રમણ ભગવંત મહાવીર અનુક્રમથી વિહાર કરતા, એક ગામથી બીજે ગામ આવતા ચંપાનગરીના ઉપનગર પાસે પધારેલ છે. હવે ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યે પધારવાની ભાવનાવાળા છે. તો આપ દેવાનુપ્રિયની પ્રીતિ અર્થે આ પ્રિય નિવેદન કરું છું. તે આપને પ્રિય થાઓ.

સૂત્ર–૧૨ (અધૂરું...)

ત્યારે તે ભંભસારપુત્ર કોણિકરાજાએ તે પ્રવૃત્તિ નિવેદક પાસે આ વૃત્તાંત સાંભળી, સમજીને હૃષ્ટ–તુષ્ટ યાવત્ આનંદિત હૃદયી થયો. ઉત્તમ કમળ સમાન નયન વદન વિકસિત થયા. હર્ષાતિરેકથી રાજાના હાથના ઉત્તમ કડા, બાહુરક્ષિકા, કેયુર, મુગટ, કુંડલ, વક્ષઃસ્થળ ઉપર શોભિત હાર કંપિત થયા. ગળામાં લટકતી લાંબી માળા, આભૂષણ ધર રાજા, સંભ્રમ સહિત, ત્વરિત, ચપળતાથી તે નરેન્દ્ર સિંહાસનથી ઊભો થયો. ઊભો થઈને પાદપીઠથી નીચે ઊતર્યો. ઊતરીને પાદુકાઓ ઊતારી. પછી ખડ્ગ, છત્ર, મુગટ, વાહન અને ચામર એ પાંચ રાજચિહ્નોને અલગ કર્યા.

એકશાટિક ઉત્તરાસંગ કરે છે, કરીને આચમન કર્યું. સ્વચ્છ, પરમશુચિભૂત થયો. કમળના ડોડા માફક હાથનું સંપૂટ કર્યું. તીર્થંકર અભિમુખ સાત–આઠ પગલા ચાલ્યો, ચાલીને ડાબો ઘૂંટણ સંકોચ્યો, સંકોચીને જમણો ઘૂંટણ ભૂમિ ઉપર ટકાવી, ત્રણ વખત મસ્તકને ભૂમિએ લગાડ્યું. પછી કંઈક ઉપર ઉઠ્યો. કંકણ તથા બાહુરક્ષિકાથી સુસ્થિર ભૂજાને ઉઠાવી. બે હાથ જોડી, યાવત્ મસ્તકે અંજલિ કરીને આમ કહ્યું –

સૂત્ર–૧૨ (અધૂરેથી...)

નમસ્કાર થાઓ. (કોને ?) અરિહંત, ભગવંત, આદિકર, તીર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ, પુરુષસિંહ, પુરુષવર પુંડરીક, પુરુષવર ગંધહસ્તી, લોકોત્તમ, લોકનાથ, લોકહિતકર, લોકપ્રદીપક, લોકપ્રદ્યોતકર, અભયદય, ચક્ષુદય, માર્ગદય, શરણદય, જીવદય, બોધિદય, ધર્મદય, ધર્મદેશક, ધર્મનાયક, ધર્મસારથી, ધર્મવર ચાતુરંત ચક્રવર્તી, દ્વીપ, ત્રાણ, શરણ, ગતિ, પ્રતિષ્ઠા, અપ્રતિહત વર જ્ઞાનદર્શનધર, વિવૃત્તછદ્મ, જિન–જાપક, તિર્ણ–તારક, બુદ્ધ–બોધક, મુક્ત–મોચક, સર્વજ્ઞ–સર્વદર્શી, શિવ–અચલ–અરુજ–અનંત–અક્ષય–અવ્યાબાધ–અપુનરાવર્તી સિદ્ધિગતિ નામક સ્થાનને સંપ્રાપ્તને... નમસ્કાર થાઓ

(કોને ?) શ્રમણ ભગવંત મહાવીર, આદિકર, તીર્થંકર યાવત્ સિદ્ધિગતિ પામવાને ઇચ્છુક, મારા ધર્માચાર્ય ધર્મોપદેશકને. ત્યાં રહેલા ભગવંતને અહીં રહેલો એવો હું વંદન કરું છું. મને તે ભગવંત જુએ – અહીં રહેલ એવો હું તેમને વંદન–નમસ્કાર કરું છું.

સૂત્ર–૧૨ (અધૂરેથી...)

ભગવંતને વંદન, નમસ્કાર કરીને ઉત્તમ સિંહાસને પૂર્વાભિમુખ બેસે છે. બેસીને તેના પ્રવૃત્તિ નિવેદકને એક લાખ આઠ રજત મુદ્રા પ્રીતિદાનમાં આપે છે, આપીને સત્કાર, સન્માન કરે છે, કરીને આમ કહ્યું –

હે દેવાનુપ્રિય! જ્યારે શ્રમણ ભગવંત મહાવીર અહીં આવે, અહીં સમોસરે, અહીં ચંપા નગરીની બહાર પૂર્ણભદ્ર ચૈત્યમાં યથાપ્રતિરૂપ અવગ્રહને અવગ્રહીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે ત્યારે મને આ વૃત્તાંત જણાવજે. એમ કહીને તેને વિદાય કર્યો.

સૂત્ર–૧૩

ત્યારે શ્રમણ ભગવંત મહાવીર બીજે દિવસે રાત્રિ ગયા પછી, પ્રભાત થતા, ઉત્પલ–કમલાદિ ખીલી ગયા પછી, ઉજ્જ્વલ પ્રભાયુક્ત, લાલ અશોક, પલાશ, પોપટની ચાંચ, ચણોઠીનો અર્ધભાગ, આ બધાની સમાન લાલ, કમલવનને વિકસિત કરનાર, સહસ્ર કિરણયુક્ત, દિનકર સૂર્ય ઉગ્યા પછી, પોતાના તેજથી જાજવલ્યમાન થયા પછી, ચંપાનગરીના પૂર્ણભદ્ર ચૈત્યે આવે છે, આવીને યથાપ્રતિરૂપ અવગ્રહ યાચીને, સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે.

સૂત્ર–૧૪

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્યો–ઘણા શ્રમણ ભગવંતો હતા.–તેઓમાં કેટલાક ઉગ્ર કે ભોગ કે રાજન્ય કુલમાંથી પ્રવ્રજિત થયેલા હતા. કેટલાક શ્રમણો જ્ઞાતકુલ, કૌરવ્યકુલ, ક્ષત્રિયકુલના પ્રવ્રજિત હતા. કેટલાક શ્રમણો સુભટ–યોધા–સેનાપતિ–પ્રશાસ્તા–શ્રેષ્ઠી કે ઇભ્ય હતા અને દીક્ષિત થયેલા હતા. બીજા પણ ઘણા ઉત્તમ જાતિ, કૂળ, રૂપ, વિનય, વિજ્ઞાન, વર્ણ, વિક્રમ, લાવણ્ય, સૌભાગ્ય, કાંતિયુક્ત તથા વિપુલ ધન–ધાન્ય–સંગ્રહ–પરિવારની સુખ–સમૃદ્ધિ યુક્ત હોય અને પછી શ્રમણપણું અંગીકાર કર્યું હતું. ગુણના અતિરેકથી રાજા દ્વારા પ્રાપ્ત ઇચ્છિત ભોગ, સુખ વડે લાલિત, કિંપાક ફલ સદશ અસાર વિષયસુખને, પાણીના પરપોટા સમાન, ઘાસના અગ્રભાગે રહેલ જળબિંદુ સમાન ચંચળ જાણીને, જીવિતને–અસાર પદાર્થોને વસ્ત્ર ઉપર લાગેલી ધૂળ માફક ખંખેરીને, હિરણ્યાદિનો ત્યાગ કરીને યાવત્ પ્રવ્રજિત થયેલા છે.

તે શ્રમણોમાં કેટલાક અર્ધમાસના દીક્ષા–પર્યાયી, કેટલાક માસિક પર્યાયી, એ રીતે બે માસ, ત્રણ માસ યાવત્ અગિયાર માસના પર્યાયવાળા હતા. કેટલાક વર્ષ–બે વર્ષ–ત્રણ વર્ષ આદિ પર્યાયવાળા હતા, કેટલાક અનેક વર્ષના પર્યાયવાળા શ્રમણો પણ હતા. તેઓ સંયમ અને તપ વડે પોતાના આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

સૂત્ર–૧૫ (અધૂરું...)

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના અંતેવાસી–શિષ્ય એવા ઘણા નિર્ગ્રન્થો હતા, જેવા કે– કેટલાક આભિનિબોધિકજ્ઞાની, શ્રુતજ્ઞાની, અવધિજ્ઞાની, મન:પર્યવજ્ઞાની, કેવળજ્ઞાની હતા, કેટલાક મનોબલિ, વચનબલિ અને કાયબલિ હતા. કેટલાક મન–વચન કે કાયાથી શાપ દેવામાં કે અનુગ્રહ કરવામાં સમર્થ હતા,

કેટલાક ખેલૌષધિ લબ્ધિ પ્રાપ્ત હતા. કેટલાક જલૌષધિ, વિપ્રૌષધિ, આમર્ષઔષધિ, સર્વૌષધિ આદિ લબ્ધિ પ્રાપ્ત હતા. કેટલાક શ્રમણ કોષ્ઠબુદ્ધિ(શ્રુતજ્ઞાનને જીવનપર્યંત સુરક્ષિત રાખી શકે તેવા), બીજબુદ્ધિ(અલ્પ શબ્દોથી વિસ્તૃત જ્ઞાન થાય તેવી બુદ્ધિ)ના ધારક, કે પટબુદ્ધિ(સૂત્રાર્થના વિશિષ્ટ અર્થને પામી શકે તેવી બુદ્ધિ)નાં ધારક હતા,

કેટલાક પદાનુસારી, સંભિન્નશ્રોત, ક્ષીરાશ્રવ, મધ્વાશ્રવ, સર્પિષાશ્રવ કે અક્ષિણમહાનસિક લબ્ધિને પ્રાપ્ત હતા. કેટલાક ઋજુમતિ કે વિપુલમતિ મન:પર્યવજ્ઞાનના ધારક હતા. કેટલાક વિકુર્વણા શક્તિ ધરાવનાર હતા. કેટલાક ચારણ–વિદ્યાધર, આકાશગામિની આદિ ઋદ્ધિને પ્રાપ્ત હતા.

સૂત્ર–૧૫ (અધૂરેથી...)

તે શ્રમણોમાં કેટલાક કનકાવલી તપોકર્મ કરનારા, એ રીતે કેટલાક–કેટલાક એકાવલી, લઘુસિંહનિષ્ક્રીડિત કે મહાસિંહનિષ્ક્રીડિત તપોકર્મ કરનારા હતા. કેટલાક ભદ્રપ્રતિમા, મહાભદ્રપ્રતિમા કે સર્વતોભદ્રપ્રતિમા ધારણ કરનાર હતા. કેટલાક વર્ધમાન આયંબિલ તપોકર્મ કરનારા શ્રમણ હતા.

સૂત્ર–૧૫ (અધૂરેથી...)

તેમાંના કેટલાક શ્રમણો– માસિકી ભિક્ષુપ્રતિમા, બેમાસી ભિક્ષુપ્રતિમા, ત્રિમાસિકી ભિક્ષુપ્રતિમા યાવત્ સપ્ત–માસિકી ભિક્ષુપ્રતિમા સ્વીકારે છે. કેટલાક પહેલી સપ્ત અહોરાત્રિની યાવત્ ત્રીજી સાત અહોરાત્રિકી ભિક્ષુપ્રતિમા પ્રતિપન્ન છે. કેટલાક અહોરાત્રિકી ભિક્ષુ–પ્રતિમા સ્વીકારે છે, કેટલાક એકરાત્રિકી ભિક્ષુપ્રતિમા સ્વીકારે છે.

એ રીતે સપ્ત સપ્તમિકા, અષ્ટ અષ્ટમિકા, નવ નવમિકા અથવા દશ દશમિકા ભિક્ષુપ્રતિમા, લઘુમોકપ્રતિમા, મહામોકપ્રતિમા, યવમધ્ય–ચંદ્રપ્રતિમા કે વજ્રમધ્ય ચંદ્ર–પ્રતિમાને સ્વીકારીને સંયમ અને તપ વડે આત્માને ભાવિત કરતા વિચરે છે.

સૂત્ર–૧૬ (અધૂરું...)

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના અંતેવાસી–શિષ્યો, ઘણા સ્થવિર ભગવંતો જાતિસંપન્ન, કુળસંપન્ન, બળસંપન્ન, રૂપસંપન્ન, વિનયસંપન્ન, જ્ઞાનસંપન્ન, દર્શનસંપન્ન, ચારિત્રસંપન્ન, લજ્જાસંપન્ન, લાઘવસંપન્ન હતા. ઘણા સ્થવિર ભગવંતો– ઓજસ્વી, તેજસ્વી વર્ચસ્વી, યશસ્વી હતા. ઘણા સ્થવિર ભગવંતો– ક્રોધજયી, માનજયી, માયાજયી, લોભજયી હતા. ઘણા સ્થવિર ભગવંતો– જિતેન્દ્રિય, જિતનિંદ્ર, જિતપરીષહ, જીવિતાશા અને મરણભયથી વિપ્રમુક્ત હતા. ઘણા સ્થવિર ભગવંતો–વ્રતપ્રધાન, ગુણપ્રધાન, કરણપ્રધાન, ચરણપ્રધાન, નિગ્રહપ્રધાન, નિશ્ચય–પ્રધાન, આર્જવપ્રધાન, માર્દવપ્રધાન, લાઘવપ્રધાન, ક્ષાંતિપ્રધાન, મુક્તિપ્રધાન, વિદ્યાપ્રધાન, મંત્રપ્રધાન, વેદપ્રધાન, બ્રહ્મપ્રધાન, નયપ્રધાન, નિયમ–પ્રધાન, સત્યપ્રધાન, શોકપ્રધાન હતા. ઘણા સ્થવિર ભગવંતો– ચારુવર્ણા, લજ્જા–તપસ્વી–જિતેન્દ્રિય, શોધી, અનિદાન, અલ્પૌત્સુક્ય, અબહિર્લેશ્ય, અપ્રતિલેશ્યા, સુશ્રામણ્યરતા, દાંત હતા, તેઓ આ જ નિર્ગ્રન્થ પ્રવચનને આગળ કરીને વિચરતા હતા.

સૂત્ર–૧૬ (અધૂરેથી...)

તે સ્થવિર ભગવંતો આત્મવાદ(સ્વ સિદ્ધાંત પ્રતિપાદિત તત્વોના જાણકાર હતા), પરવાદ(અન્ય દાર્શનિક સિદ્ધાંતો)ના જાણકાર હતા, કમલવનમાં પુનઃપુનઃ વિચરણ કરતા હાથીની માફક પોતાના સિદ્ધાંતની આવૃત્તિને કારણે તેનાથી સુપરિચિત હતા. તેઓ અચ્છિદ્ર પ્રશ્ન વ્યાકરણી, રત્ન–કરંડક સમાન, કુત્રિકાપણરૂપ, પરવાદી પ્રમર્દક, દ્વાદશાંગી જ્ઞાતા, સમસ્ત ગણિપિટકધારક, સર્વાક્ષર–સંજ્ઞીપાતિક, સર્વ–ભાષાનુગામી, અજિન છતાં જિન સદશ, જિનની માફક અવિતથ કહેનારા એવા તે સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરતા હતા.

સૂત્ર–૧૭ (અધૂરું...)

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના શિષ્યો એવા ઘણા અણગાર ભગવંતો ઈર્યાસમિત, ભાષાસમિત, એષણાસમિત, આદાન–ભાંડ–માત્ર–નિક્ષેપણા સમિત, ઉચ્ચાર–પ્રસ્રવણ–ખેલ–સિંધાણ–જલ્લ–પારિષ્ઠાપનિકા સમિત હતા. તેઓ મનગુપ્ત, વચન ગુપ્ત, કાયગુપ્ત હતા. તેઓ ગુપ્ત, ગુપ્તેન્દ્રિય, ગુપ્ત બ્રહ્મચારી હતા, તેઓ અમમ–મમત્ત્વ રહિત હતા. તેઓ અકિંચન, છિન્નગ્રંથ, છિન્નશ્રોત, નિરુપલેપ હતા,

તે અણગાર ભગવંત કંસપાત્રવત્ મુક્ત તોય, શંખની જેમ નિરંજન, જીવની જેમ અપ્રતિહત ગતિ, જાત્ય કંચનવત્ જાત્યરૂપ, આદર્શફલકવત્ પ્રાકૃત ભાવવાળા, કૂર્મવત્ ગુપ્તેન્દ્રિય, પુષ્કરપત્રવત્ નિરૂપલેપ, આકાશવત્ નિરાલંબન, વાયુવત્ નિરાલય, ચંદ્રવત્ સૌમ્યલેશ્ય, સૂર્યવત્ દીપ્ત તેજ, સાગરવત્ ગંભીર, પક્ષીવત્ સર્વથા વિપ્રમુક્ત, મેરુવત્ અપ્રકંપ, શારદસલિલવત્ શુદ્ધ હૃદયી, ગેંડાના શૃંગ સમાન એકજાત, ભારંડપક્ષીવત્ અપ્રમત્ત, હાથીવત્ શૌંડીર, વૃષભવત્ ધૈર્યશીલ, સિંહવત્ દુર્દ્ધર્ષ, પૃથ્વીવત્ સર્વ સ્પર્શસહા, હવન અગ્નિવત્ તેજથી દીપતા હતા.

સૂત્ર–૧૭ (અધૂરેથી...)

તે ભગવંતને કોઈ પ્રતિબંધ નથી. તે પ્રતિબંધ ચાર ભેદે કહ્યો છે. તે આ પ્રમાણે

– દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી, દ્રવ્યથી સચિત્ત–અચિત્ત–મિશ્ર દ્રવ્યોમાં, ક્ષેત્રથી ગામ, નગર, અરણ્ય, ખેતર, ખળો, ઘર કે આંગણમાં, કાળથી સમય કે આવલિકા કે યાવત્ અયન કે બીજા દીર્ઘકાળ સંયોગોમાં, ભાવથી ક્રોધ, માન, માયા, લોભ, ભય(શોક, દુગંછા), હાસ્ય(રતિ, અરતિ)માં–હોતો નથી.

તે ભગવંતો વર્ષાવાસ સિવાયના ગ્રીષ્મ–હેમંતના આઠ માસોમાં ગામમાં એક રાત્રિ અને નગરમાં પાંચ રાત્રિ રહેતા હતા. વાસલા અને ચંદનમાં સમાન દૃષ્ટિવાળા, ઢેફા કે સોનામાં સમાન વૃત્તિવાળા, સુખ–દુઃખમાં સમ ભાવવાળા, આલોક–પરલોકમાં અપ્રતિબદ્ધ, સંસારપારગામી, કર્મના નિર્ઘાતન માટે અભ્યુત્થિત થઈને વિચરતા હતા.

સૂત્ર–૧૮

તે ભગવંતોને આવા વિહારથી વિચરતા આ આવા પ્રકારે અભ્યંતર–બાહ્ય તપ ઉપધાન હોય છે. તે આ પ્રમાણે – છ ભેદે અભ્યંતર અને છ ભેદે બાહ્ય.

સૂત્ર–૧૯ (અધૂરું...)

તે બાહ્યતપ શું છે ? બાહ્યતપ છ ભેદે છે. તે આ રીતે – અનશન, ઊનોદરિકા, ભિક્ષાચર્યા, રસપરિત્યાગ, કાયક્લેશ પ્રતિસંલિનતા.

તે અનશન શું છે ? અનશન બે ભેદે છે – ઈત્વરિક, યાવત્કથિત.

તે ઈત્વરિક શું છે ? અનેકવિધ છે – ચતુર્થભક્ત, છઠ્ઠભક્ત, અઠ્ઠમભક્ત, દશમભક્ત, બારસભક્ત, ચૌદશભક્ત, સોલશભક્ત, અર્ધમાસિકભક્ત, માસિકભક્ત, બેમાસિક–ભક્ત યાવત્ છમાસિકભક્ત.

તે યાવત્કથિત શું છે ? બે ભેદે છે – પાદપોપગમન અને ભક્ત પ્રત્યાખ્યાન.

તે પાદપોપગમન શું છે ? બે ભેદે છે – વ્યાઘાતિમ અને નિર્વ્યાઘાતિમ. તે નિયમા અપ્રતિકર્મ છે. તે પાદપોપગમન છે.

તે ભક્તપ્રત્યાખ્યાન શું છે ? બે ભેદે છે – વ્યાઘાતિમ, નિર્વ્યાઘાતિમ. તે નિયમા સપ્રતિકર્મ છે. તે ભક્ત પ્રત્યાખ્યાન કહ્યું, તે અનશન કહ્યું.

સૂત્ર–૧૯ (અધૂરેથી...)

તે ઊનોદરિકા શું છે ? તે ઊનોદરિકા બે ભેદે છે – દ્રવ્ય ઊનોદરિકા અને ભાવ ઊનોદરિકા.

તે દ્રવ્ય ઊનોદરિકા શું છે ? તે બે ભેદે છે – ઉપકરણ દ્રવ્ય ઊનોદરિકા અને ભક્ત–પાન દ્રવ્ય ઊનોદરિકા.

તે ઉપકરણ દ્રવ્ય ઊનોદરિકા શું છે ? તે ત્રણ ભેદે છે – એક વસ્ત્ર, એક પાત્ર, એક ગૃહસ્થો દ્વારા ત્યકત નિર્દોષ ઉપકરણ રાખવું. આ ઉપકરણ દ્રવ્ય ઊનોદરિકા છે.

તે ભોજન–પાન દ્રવ્ય ઊનોદરિકા શું છે ? તે અનેક ભેદે છે – કુકડીના આઠ ઈંડા પ્રમાણ માત્ર કોળિયા આહાર કરતા અલ્પાહાર, બાર કુકડી ઈંડા પ્રમાણ માત્ર કોળિયા આહાર કરતા અપાર્દ્ધઊનોદરિકા, સોળ કુકડી ઈંડા પ્રમાણ માત્ર કોળિયા આહાર કરતા બે ભાગ પ્રાપ્ત ઊનોદરિકા, ચોવીશ કુકડી ઈંડા પ્રમાણ માત્ર કોળિયા આહાર કરતા પ્રાપ્ત ઊનોદરિકા, કુકડીના ઈંડા પ્રમાણ એકત્રીશ કોળિયા આહાર કરતા કંઈક ન્યૂન ઊનોદરિકા, કુકડીના ઈંડા પ્રમાણ બત્રીશ કોળિયા આહાર કરતા પ્રમાણ પ્રાપ્ત. આનાથી એક કોળિયો ઓછો આહાર કરનાર શ્રમણ નિર્ગ્રન્થ પ્રકામરસભોજી કહેવાતા નથી. તે ભક્તપાન દ્રવ્ય ઊણોદરી કહી. દ્રવ્યોણદરી કહી.

તે ભાવ ઊણોદરી શું છે? અનેકવિધ છે – અલ્પક્રોધ, અલ્પમાન, અલ્પમાયા, અલ્પલોભ, અલ્પશબ્દ, અલ્પઝંઝા. આ ભાવ ઉણોદરી છે. આ ઉણોદરી તપનું સ્વરૂપ છે.

તે ભિક્ષાચર્યા શું છે ? તે અનેકવિધ છે – ૧.દ્રવ્યાભિગ્રહ ચરક, ૨.ક્ષેત્રાભિગ્રહ ચરક, ૩.કાલાભિગ્રહ ચરક, ૪.ભાવાભિગ્રહ ચરક, ૫.ઉત્ક્ષિપ્ત ચરક, ૬.નિક્ષિપ્ત ચરક, ૭.ઉત્ક્ષિપ્ત–નિક્ષિપ્ત ચરક, ૮.નિક્ષિપ્ત–ઉત્ક્ષિપ્ત ચરક,

૯.વર્તિષ્યમાન ચરક, ૧૦.સંહ્રિયમાન ચરક, ૧૧.ઉપનીત ચરક, ૧૨.અપનીત ચરક, ૧૩.ઉપનીત અપનીત ચરક, ૧૪.અપનીત ઉપનીત ચરક, ૧૫.સંસૃષ્ટ ચરક, ૧૬.અસંસૃષ્ટ ચરક, ૧૭.તજ્જાત સંસૃષ્ટ ચરક, ૧૮.અજ્ઞાત ચરક, ૧૯.મૌન ચરક, ૨૦.દષ્ટ લાભિક, ૨૧.અદષ્ટ લાભિક, ૨૨.સ્પૃષ્ટ લાભિક, ૨૩.અસ્પૃષ્ટ લાભિક, ૨૪.ભિક્ષા લાભિક, ૨૫.અભિક્ષા લાભિક, ૨૬.અન્ન ગ્લાયક, ૨૭. ઉપનિહિત, ૨૮.પરિમિત–પિંડપાતિક, ૨૯.શુદ્ધૈષણિક અને ૩૦.સંખ્યાદત્તિક. ..... આ ભિક્ષાચર્યા કહી.

## સૂત્ર–૧૯ (અધૂરેથી...)

તે રસપરિત્યાગ શું છે ? તે અનેકવિધ છે – નિર્વિકૃતિક, પ્રણીત રસ પરિત્યાગ, આયંબિલ, આયમસિક્થભોજી, અરસાહાર, વિરસાહાર, અંતાહાર, પ્રાંતાહાર, રૂક્ષાહાર. ...આ રસપરિત્યાગ કહ્યો.

તે કાયક્લેશ શું છે ? તે અનેકવિધ છે – (શરીરને કષ્ટ પહોચે તેવા વિવિધ આસનોના નામ અહી આપ્યા છે) સ્થાનસ્થિતિક, સ્થાનાતિગ ઉત્કુટુકાસનિક, પ્રતિમાસ્થાયી, વીરાસનિક, નૈષધિક, દંડાયક, લકુડસાઈ, આતાપક, અપ્રાવૃતક, અકંડુક, અનિષ્ઠીવક, સર્વગાત્ર પરિકર્મ–વિભૂષા વિપ્રમુક્ત. તે કાયક્લેશ કહ્યો.

તે પ્રતિસંલીનતા શું છે ? તે ચાર ભેદે છે – ઈન્દ્રિય પ્રતિસંલીનતા, કષાય પ્રતિસંલીનતા, યોગ પ્રતિસંલીનતા, અને વિવિક્તશયણાસન–સેવનતા.

## સૂત્ર–૧૯ (અધૂરેથી...)

તે ઈન્દ્રિય પ્રતિસંલીનતા શું છે ? તે પાંચ ભેદે છે – શ્રોત્રેન્દ્રિય વિષય પ્રચાર નિરોધ અથવા શ્રોત્રેન્દ્રિય વિષય પ્રાપ્ત અર્થોમાં રાગદ્વેષ નિગ્રહ. ચક્ષુરિન્દ્રિય વિષય પ્રચાર નિરોધ કે ચક્ષુરિન્દ્રિય વિષય પ્રાપ્ત અર્થમાં રાગ–દ્વેષ નિગ્રહ. ઘ્રાણેન્દ્રિય વિષય પ્રચાર નિરોધ કે ઘ્રાણેન્દ્રિય વિષય પ્રાપ્ત અર્થોમાં રાગદ્વેષ નિગ્રહ, જિહ્વેન્દ્રિય વિષય પ્રચાર નિરોધ કે જિહ્વેન્દ્રિય વિષય પ્રાપ્ત અર્થમાં રાગદ્વેષ નિગ્રહ, સ્પર્શનેન્દ્રિય વિષય પ્રચાર નિરોધ કે સ્પર્શનેન્દ્રિય વિષય પ્રાપ્ત અર્થમાં રાગદ્વેષ નિગ્રહ. આ ઈન્દ્રિય પ્રતિસંલીનતા કહી.

તે કષાય પ્રતિસંલીનતા શું છે ? તે ચાર ભેદે છે – (૧) ક્રોધના, (૨) માનના, (૩) માયાના, (૪) લોભના ઉદયનો નિરોધ અથવા ઉદય પ્રાપ્ત ક્રોધ–માન–માયા–લોભને વિફળ કરવા. તે કષાય પ્રતિસંલીનતા છે.

તે યોગ પ્રતિસંલીનતા શું છે ? ત્રણ ભેદે છે – (૧) મન, (૨) વચન, (૩) કાયાના યોગની પ્રતિસંલીનતા

તે મનોયોગપ્રતિસંલીનતા શું છે ? અકુશલ મનનો નિરોધ અને કુશલ મનની ઉદીરણા.

(૨) તે વચનયોગ પ્રતિસંલીનતા શું છે ? અકુશલ વચનનો નિરોધ અને કુશલ વચન ઉદીરણા.

(૩) તે કાયયોગ પ્રતિસંલીનતા શું છે ? જે સુસમાહિત હાથ–પગ–કૂર્મવત્ ગુપ્તેન્દ્રિય, સર્વગાત્ર પ્રતિસંલીન કરીને રહેવું તે.

તે વિવિક્ત શયન–આસન સેવનતા શું છે ? જે આરામ, ઉદ્યાન, દેવકુળ, સભા, પ્રપા, પ્રણિતગૃહ, પ્રણિત–શાળામાં સ્ત્રી, પશું, નપુંસક, સંસક્ત રહિત વસતિમાં પ્રાસુક અને એષણીય પીઠ–ફલક–શય્યા–સંસ્તારક સ્વીકારીને વિચરવું તે. આ રીતે બાહ્ય તપ કહ્યો.

## સૂત્ર–૨૦ (અધૂરું...)

તે અભ્યંતર તપ શું છે ? તે છ ભેદે છે – પ્રાયશ્ચિત્ત, વિનય, વૈયાવચ્ચ, સ્વાધ્યાય, ધ્યાન અને ઉત્સર્ગ.

તે પ્રાયશ્ચિત્ત શું છે ? તે દશ ભેદે છે – આલોચના યોગ્ય, પ્રતિક્રમણ યોગ્ય, તદુભય યોગ્ય, વિવેક યોગ્ય, વ્યુત્સર્ગ યોગ્ય, તપ યોગ્ય, છેદ યોગ્ય, મૂલ યોગ્ય, અનવસ્થાપ્યાર્હ, પારંચિત યોગ્ય.

તે વિનય શું છે ? તે સાત ભેદે છે – જ્ઞાન વિનય, દર્શન વિનય, ચારિત્ર વિનય, મન વિનય, વચન વિનય, કાય વિનય, લોકોપચાર વિનય.

તે જ્ઞાન વિનય શું છે ? પાંચ ભેદે છે – આભિનિબોધિકજ્ઞાન વિનય, શ્રુતજ્ઞાન વિનય, અવધિજ્ઞાન વિનય, મનઃપર્યવ જ્ઞાન વિનય, કેવળ જ્ઞાન વિનય.

તે દર્શન વિનય શું છે ? બે ભેદે છે – સુશ્રૂષણા વિનય અને અનત્યાશાતના વિનય.

તે સુશ્રૂષણા વિનય શું છે ? તે અનેકવિધ છે – અભ્યુત્થાન, આસનાભિગ્રહ, આસન પ્રદાન, સત્કાર, સન્માન, કૃતિકર્મ, અંજલિ પ્રગ્રહ, આવનારની સામે જવું – ઊભેલાની પર્યુપાસના કરવી, જનારને પહોંચાડવા જવું.

સૂત્ર–૨૦ (અધૂરેથી...)

તે અનત્યાશાતના વિનય શું છે ? તે ૪૫ ભેદે છે – અરહંતની આશાતના ન કરવી, અરહંત પ્રજ્ઞપ્ત ધર્મની આશાતના ન કરવી. આચાર્યની આશાતના ન કરવી, ઉપાધ્યાયની આશાતના ન કરવી, કુળની આશાતના ન કરવી, ગણની આશાતના ન કરવી, સંઘની આશાતના ન કરવી, ક્રિયાવાન્‌ની આશાતના ન કરવી, સાંભોગિક(જેની સાથે ગૌચરી આદિ વ્યવહાર હોય તે)ની આશાતના ન કરવી

તથા આભિનિબોધિક જ્ઞાનની આશાતના ન કરવી, શ્રુત જ્ઞાનની આશાતના ન કરવી, અવધિ જ્ઞાનની આશાતના ન કરવી, મનઃપર્યવ જ્ઞાનની આશાતના ન કરવી, કેવળ જ્ઞાનની આશાતના ન કરવી.

આ પંદરની ભક્તિ–બહુમાન કરવા અને આ પંદરની પ્રશસ્તિ–ગુણકીર્તન કરવા, એ રીતે ૪૫–ભેદો છે. તે આ અનત્યાશાતના વિનય છે.

તે ચારિત્ર વિનય શું છે ? પાંચ ભેદે છે – સામાયિક ચારિત્રવિનય, છેદોપસ્થાપનીય ચારિત્ર વિનય, પરિહારવિશુદ્ધિ ચારિત્રવિનય, સૂક્ષ્મસંપરાય ચારિત્રવિનય, યથાખ્યાત ચારિત્રવિનય. આ ચારિત્રવિનય કહ્યો.

તે મનવિનય શું છે ? બે ભેદે છે – પ્રશસ્ત મનવિનય અને અપ્રશસ્ત મનવિનય.

તે અપ્રશસ્ત મનવિનય શું છે ? જે મન સાવદ્ય, સક્રિય, સકર્કશ, કટુક, નિષ્ઠુર, પરુષ, આશ્રવકર, છેદકર, ભેદકર, પરિતાપનકર, ઉદ્રવણકર, ભૂતોપઘાતિક–તેવા પ્રકારનું મન ન કરે – ન વિચારે. કેમ કે તેવું મન એ અપ્રશસ્ત મનોવિનય છે.

તે પ્રશસ્તમનોવિનય શું છે ? અપ્રશસ્તથી વિપરીત, તે પ્રશસ્ત મનોવિનય જાણવો.

એ પ્રમાણે જ વચન વિનય જાણવો.

સૂત્ર–૨૦ (અધૂરેથી...)

તે કાયવિનય શું છે ? તે બે ભેદે છે – પ્રશસ્ત કાયવિનય, અપ્રશસ્ત કાયવિનય.

તે અપ્રશસ્ત કાયવિનય શું છે ? તે સાત ભેદે છે – અનાયુક્ત એવું (૧) ગમન, (૨) સ્થાન, (૩) નિસીદન, (૪) ત્વગ્‌વર્તન, (૫) ઉલ્લંઘન, (૬) પ્રલંઘન, (૭) સર્વેન્દ્રિય કાયયોગ યોજનતા.

તે પ્રશસ્ત કાયવિનય શું છે ? ઉક્તથી વિપરીત–આયુક્ત ગમનાદિ. આ પ્રશસ્તકાય વિનય કહ્યો, આ કાયવિનય કહ્યો છે.

તે લોકોપચાર વિનય શું છે ? સાત ભેદે છે – અભ્યાસવર્તિતા(ગુરુજનો પાસે બેસવું), પરછંદાનુવર્તિતા(ગુરુ જનોની ઈચ્છાને અનુરૂપ પ્રવૃત્તિ કરવી), કાર્યહેતુ(વિદ્યા આદિ પ્રાપ્ત કરવાના હેતુથી ગુરુજનોની સેવા કરવી), કૃતપ્રતિક્રિયા (ગુરુજનોના ઉપકારને યાદ કરી પરિચર્યા કરવી), આત્મ–ગવેષણતા, દેશકાળજ્ઞતા, સર્વાર્થ અપ્રતિલોમતા.

સૂત્ર–૨૦ (અધૂરેથી...)

તે વૈયાવચ્ચ શું છે ? દશ ભેદે છે – આચાર્યની વૈયાવચ્ચ, એ રીતે ઉપાધ્યાય–શૈક્ષ–ગ્લાન–તપસ્વી–સ્થવિર–સાધર્મિક–કુળ–ગણ અને સંઘની વૈયાવચ્ચ.

તે સ્વાધ્યાય શું છે ? પાંચ ભેદે છે – વાચના, પૃચ્છના, પરિવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા. તે સ્વાધ્યાય.

તે ધ્યાન શું છે ? તે ચાર ભેદે છે – આર્ત્ત, રૌદ્ર, ધર્મ, શુક્લ.

આર્ત્તધ્યાન ચાર ભેદે છે – (૧) અમનોજ્ઞ સંપ્રયોગ સંપ્રાપ્ત થતા તેના વિપ્રયોગ સંબંધે આકુળતાપૂર્વક ચિંતન કરવું. (૨) મનોજ્ઞ સંપ્રયોગ સંપ્રાપ્તિમાં તેના અવિયોગનું આકુળતાથી ચિંતન કરવું. (૩) આતંક–રોગ સંપ્રયોગ સંપ્રાપ્તિમાં તેના વિયોગનું આકુળતાપૂર્વક ચિંતન કરવું. (૪) પૂર્વ સેવિત કામભોગ સંપ્રયોગ સંપ્રાપ્ત થતા તેના અવિયોગને આકુળતાપૂર્વક ચિંતવવો.

## સૂત્ર–૨૦ (અધૂરેથી...)

આર્ત્તધ્યાનના ચાર લક્ષણો કહ્યા છે – ક્રંદનતા, શોચનતા, તેપનતા, વિલપનતા.

રૌદ્રધ્યાનના ચાર ભેદો છે – હિંસાનુબંધી, મૃષાનુબંધી, સ્નેયાનુબંધી, સંરક્ષણાનુબંધી.

રૌદ્રધ્યાનના ચાર લક્ષણો છે – ઓસન્નદોષ, બહુદોષ, અજ્ઞાન દોષ, આમરણાંત દોષ.

ધર્મધ્યાન ચતુર્વિધ, ચતુષ્પ્રત્યાવતાર છે. – આજ્ઞા વિચય, અપાયવિચય, વિપાકવિચય, સંસ્થાન વિચય.

ધર્મધ્યાનના ચાર લક્ષણો છે – આજ્ઞારુચિ, નિસર્ગરુચિ, ઉપદેશરુચિ, સૂત્રરુચિ.

ધર્મધ્યાનના ચાર આલંબન છે – વાચના, પૃચ્છના, પરિવર્તના, ધર્મકથા.

ધર્મધ્યાનની ચાર અનુપ્રેક્ષા છે – અનિત્યાનુપ્રેક્ષા, અશરણાનુપ્રેક્ષા, એકત્વાનુપ્રેક્ષા, સંસારાનુપ્રેક્ષા.

## સૂત્ર–૨૦ (અધૂરેથી...)

શુક્લધ્યાન ચતુર્ભેદ, ચતુષ્પ્રત્યાવતાર છે. તે આ– પૃથક્ત વિતર્ક સવિચારી, એકત્વવિતર્ક અવિચારી, સૂક્ષ્મક્રિય અપ્રતિપાતી, સમુચ્છિન્ન ક્રિયા અનિવૃત્તિ.

શુક્લ ધ્યાનના ચાર લક્ષણો છે – વિવેક, વ્યુત્સર્ગ, અવ્યથા, અસંમોહ.

શુક્લ–ધ્યાનના ચાર આલંબનો છે – ક્ષાંતિ, મુક્તિ, આર્જવ, માર્દવ.

શુક્લધ્યાનની ચાર અનુપ્રેક્ષા છે– અપાયાનુપ્રેક્ષા, અશુભાનુપ્રેક્ષા, અનંતવૃત્તિતાનુપ્રેક્ષા, વિપરિણામાનુપ્રેક્ષા. આ ધ્યાન કહ્યું.

## સૂત્ર–૨૦ (અધૂરેથી...)

તે વ્યુત્સર્ગ શું છે ? બે ભેદે છે – દ્રવ્ય વ્યુત્સર્ગ અને ભાવ વ્યુત્સર્ગ.

તે દ્રવ્ય વ્યુત્સર્ગ ચાર ભેદે છે – શરીર, ગણ, ઉપધિ અને ભોજનપાનનો વ્યુત્સર્ગ (ત્યાગ). તે દ્રવ્ય વ્યુત્સર્ગ.

તે ભાવ વ્યુત્સર્ગ શું છે ? ત્રણ ભેદે છે – કષાય વ્યુત્સર્ગ, સંસાર વ્યુત્સર્ગ, કર્મ વ્યુત્સર્ગ.

તે કષાય વ્યુત્સર્ગ શું છે ? ચાર ભેદે છે – ક્રોધ–માન–માયા–લોભ કષાયત્યાગ.

તે સંસાર વ્યુત્સર્ગ શું છે ? ચાર ભેદે છે – નૈરયિક–તિર્યંચ–દેવ–મનુષ્ય સંસાર ત્યાગ.

તે કર્મ વ્યુત્સર્ગ શું છે ? આઠ ભેદે છે – જ્ઞાનાવરણીય–દર્શનાવરણીય–વેદનીય–મોહનીય–આયુ–નામ–ગોત્ર–અંતરાય કર્મ વ્યુત્સર્ગ.

## સૂત્ર–૨૧ (અધૂરું...)

તે કાળે, તે સમયે શ્રમણ ભગવન્ મહાવીરના ઘણા અણગાર ભગવંતો હતા, તેમાના કેટલાક 'આચાર'ધર હતા, કેટલાક 'સૂત્રકૃત'ધર હતા યાવત્ 'વિપાકશ્રુત'ધર હતા. તેઓ ત્યાં–ત્યાં તે–તે સ્થાને એક–એક સમૂહના રૂપમાં, સમૂહના એક–એક ભાગના રૂપમાં તથા ફૂટકર રૂપમાં વિભક્ત થઈને રહેલા હતા.

કેટલાક વાચના આપતા હતા, કેટલાક પ્રતિપૃચ્છા કરતા હતા. કેટલાક અનુપ્રેક્ષા કરતા હતા. કેટલાક આક્ષેપણી–વિક્ષેપણી–સંવેગની–નિર્વેદની ચાર ભેદે કથાઓ કહેતા હતા. કેટલાક ઉર્ધ્વજાનુ–અધઃશિર ધ્યાનકોષ્ઠોપગત સંયમ–તપથી આત્માને ભાવતા હતા.

સૂત્ર–૨૧ (અધૂરેથી...)

તે અણગારો સંસારભયથી ઉદ્વિગ્ન અને સંસારભીરુ હતા, સંસાર એક સમુદ્ર છે. તે સંસારસમુદ્ર જન્મ–જરા–મરણનાં ઘોર દુઃખરૂપ જળથી ભરપુર ભરેલો છે. તેમાં સંયોગ–વિયોગરૂપ લહેરો ઉત્પન્ન થાય છે, ચિંતારૂપ પ્રસંગોથી તે લહેરો ફેલાયેલી છે, વધ–બંધનરૂપ વિશાળ મોજા ઉછળી રહ્યા છે, કરુણ વિલાપ અને લોભથી ઉત્પન્ન આક્રોશ વચનનો ઘુઘવાટ સંભળાય છે, અપમાન રૂપ ફીણનો પુંજ છે,

તીવ્ર નિંદા–નિરંતર અનુભૂત રોગ વેદના–પરિભવ વિનિપાત–વિનાશ – કટુ વચનથી નિર્ભર્ત્સના, કર્મના કઠોર ઉદયથી ઉઠતી તરંગોથી પરિવ્યાપ્ત છે, તે નિત્ય મૃત્યુ–ભયરૂપ છે. તે કષાયરૂપ પાતાલથી સંકુલ, લાખો જન્મોમાં અર્જિત પાપમય જળસંચિત, પ્રતિભય, અપરિમિત મહેચ્છાથી મ્લાન બુદ્ધિરૂપ વાયુવેગથી ઉછળતા સઘન જળકણોના કારણે અંધકારયુક્ત તથા આશા પીપાસારૂપ શ્વેત છે. મોહરૂપ મહાવર્ત્ત, ભોગરૂપ ભંવર, તેથી જ દુઃખરૂપ જળભ્રમણ કરતો, ચપળ થતો, ઉપર ઉછળતો, નીચે પડતો વિદ્યમાન છે. પોતાના સ્થિત પ્રમાદ રૂપ પ્રચંડ, અત્યંત દુષ્ટ, હિંસક જળજીવોથી આહત પામીને ઉપર ઉછળતો, નીચે પડતો, ચીસો પાડતા ક્ષુદ્ર જીવ–સમૂહોથી આ સમુદ્ર વ્યાપ્ત છે, તે જ તેનું ભયાવહ ઘોષ કે ગર્જના છે.

સૂત્ર–૨૧ (અધૂરેથી...)

તેમાં અજ્ઞાનરૂપ ભમતા મત્સ્યો, અનુપશાંત ઈન્દ્રિય સમૂહ રૂપ મહામગર ત્વરિત ચાલવાથી જળ ક્ષુબ્ધ થઈ રહ્યું છે, નાચતા–ચપળ–ચંચળ–ચલંત–ઘુમતો જળસમૂહ. અરતિ–ભય–વિષાદ–શોક–મિથ્યાત્વરૂપ પર્વતોથી વ્યાપ્ત છે. અનાદિ સંતાન કર્મબંધનથી જનિત કલેશરૂપ કાદવને કારણે અતિ દુસ્તર છે. તે દેવ–મનુષ્ય–તિર્યંચ–નરક ગતિ ગમનરૂપ કુટિલ પરિવર્ત્ત છે, વિપુલ વેલા છે. ચતુરંત–મહાન–અનંત–રૌદ્ર સંસારસાગર ભયાનક દેખાઈ રહ્યો છે. (આ સંસાર સાગરને શીલસંપન્ન અણગાર) તરી જાય છે.

તે સંયમ પોત, ધૃતિરૂપ રજ્જુથી બદ્ધ હોવાથી નિષ્પ્રકંપપણે ત્વરિત અને ચપળ હતું. સંવર–વૈરાગ્યરૂપ ઉચ્ચ કૂપક વડે સુસંયુક્ત, જ્ઞાનરૂપ શ્વેત–વિમલ વસ્ત્રનો ઊંચો પાલ હતો. વિશુદ્ધ સમ્યક્ત્વરૂપ–ધીર–સંયમી કર્ણધાર તેને પ્રાપ્ત હતો. પ્રશસ્ત ધ્યાન અને તપરૂપ વાયુ વડે પ્રેરીત થઈને શીઘ્ર ગતિથી ચાલતું હતું. તેમાં ઉદ્યમ–વ્યવસાય પરખપૂર્વક ગૃહીત નિર્જરા–યતના–ઉપયોગ–જ્ઞાન–દર્શન–વિશુદ્ધ વ્રતરૂપ શ્રેષ્ઠ માલ ભરેલો હતો. જિનવર વચનથી ઉપદિષ્ટ માર્ગ વડે તે અકુટિલ સિદ્ધિરૂપ મહાપતન અભિમુખ હતું. તેમાં ઉત્તમ શ્રમણરૂપ સાર્થવાહ સમ્યક્ શ્રુત, ઉત્તમ સંભાષણ, શોભન પ્રશ્ન, ઉત્તમ સદ્‌ભાવનાથી ગામે–ગામ એક રાત્રિ, નગરે–નગરે પાંચ રાત્રિ રહેતા, જિતેન્દ્રિય, નિર્ભય, ગતભય, સચિત્ત–અચિત્ત–મિશ્ર દ્રવ્યોમાં રાગરહિત, સંયત–વિરત–મુક્ત–લઘુક–નિરવકાંક્ષ સાધુ નિભૃત થઈને ધર્મારાધના રત હતા.

સૂત્ર–૨૨ (અધૂરું...)

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીર સમીપે ઘણા અસુરકુમાર દેવો પ્રગટ થયા. કાળા મહાનીલમણિ, નીલમણિ, નીલગુટિકા, ભેંસના શીંગડા તથા અળસીના પુષ્પ જેવા કાળા વર્ણ તથા દીપ્તિ હતા. તેમના નેત્ર ખીલેલા કમળ સદશ હતા, નેત્રોની ભંવર નિર્મળ હતી. તેમના નેત્રોનો વર્ણ કંઈક સફેદ–લાલ–તામ્ર જેવો હતો. તેની નાસિકા ગરુડ સદશ લાંબી, સીધી, ઉન્નત હતી. હોઠ પરિપુષ્ટ મુંગા અને બિંબફળ સમાન લાલ હતા. દંતપંક્તિઓ સ્વચ્છ, ચંદ્રમાના ટૂકડા જેવી ઉજ્જવળ તથા શંખ, ગાયના દૂધના ફીણ, જલકણ અને કમળની નાળ સદશ શ્વેત હતી. હથેળી અને પગના તળિયા, તાલુ, જિહ્વા ગરમ કરી, ધોઈ, ફરી તપાવી, શોધિત કરેલ નિર્મળ સ્વર્ણ સમ લાલ હતા, વાળ કાજળ અને મેઘ સદશ કાળા, રુચક મણિ સમાન રમણીય અને સ્નિગ્ધ હતા. ડાબા કાને કુંડલધારી, આર્દ્ર ચંદન લિપ્ત શરીરી હતી.

સૂત્ર–૨૨ (અધૂરેથી...)

તે અસુરકુમારોએ કંઈક સિલીંધ્ર પુષ્પ જેવા, સૂક્ષ્મ, અસંકિલિષ્ટ વસ્ત્રો સુંદર રીતે પહેરેલા હતા. પ્રથમ–બાલ્ય વયને ઓળંગી ગયેલા, મધ્યમ વયને ન પામેલા, ભદ્ર–યૌવનમાં વર્તતા હતા. તલભંગક, ત્રુટિત, પ્રવર ભૂષણ, નિર્મળ મણિ–રત્ન મંડિત ભૂજાવાળા હતા. દશે આંગળીઓ વીંટીથી શોભિત હતી. ચૂડામણિ ચિહ્નવાળા–સુરૂપ–મહર્દ્ધિક–મહાદ્યુતિક–મહાબલી–મહાયશસ્વી–મહાસૌખ્ય–મહાનુભાગા–હારથી વિરાજિત વક્ષઃસ્થળવાળા હતા. કટક અને ત્રુટિતથી સ્તંભિત ભૂજાવાળા, અંગદ–કુંડલથી મૃષ્ટ ગંડતલ અને કર્ણપીઠ ધારી, વિચિત્ર વસ્ત્રાભરણયુક્ત, વિચિત્ર માલા–મુગટયુક્ત મસ્તક, કલ્યાણ–પ્રવર વસ્ત્ર પરિહિત, કલ્યાણ–પ્રવર–માલા અને અનુલેપન કરેલ, દેદીપ્યમાન શરીરી તથા પ્રલંબ વનમાલાધારી હતા.

સૂત્ર–૨૨ (અધૂરેથી...)

અસુરકુમારોએ દિવ્ય વર્ણ–ગંધ–રૂપ–સ્પર્શ–સંઘાત સંસ્થાન વડે તથા દિવ્ય ઋદ્ધિ–ધ્રુત–પ્રભા–છાયા–અર્ચી–તેજ–લેશ્યા વડે દશે દિશાઓમાં ઉદ્યોત કરતા, પ્રભાસિત કરતા શ્રમણ ભગવંત મહાવીરની પાસે આવી–આવીને અનુરાગપૂર્વક ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન–નમન કરે છે, કરીને અતિ નિકટ નહીં–અતિ દૂર નહીં એવા સ્થાને શ્રવણની ઇચ્છા રાખતા, પ્રણામ કરતા, અભિમુખ રહી, વિનયથી અંજલિ જોડી પર્યુપાસે છે.

સૂત્ર–૨૩

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની સમીપે અસુરેન્દ્ર સિવાયના ઘણા ભવનવાસી દેવો પ્રગટ થયા – નાગ, સુવર્ણ, વિદ્યુત, અગ્નિ, દ્વીપ, ઉદધિ, દિશા, પવન, સ્તનિત–કુમાર ભવનવાસી. (તેઓ અનુક્રમે) નાગફેણ, ગરુડ, વજ્ર, પૂર્ણકળશ, સિંહ, અશ્વ, હાથી, મગર, વર્ધમાનકથી તેમના મુગટ વિચિત્ર ચિંધ–લક્ષણ હતા. તેઓ સુરૂપ, મહર્દ્ધિક હતા. બાકી પૂર્વવત્ યાવત્ પર્યુપાસે છે.

સૂત્ર–૨૪

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની સમીપે ઘણા વ્યંતરદેવો પ્રગટ થયા. તે પિશાચ, ભૂત, યક્ષ, રાક્ષસ, કિંનર, કિંપુરુષ, ભુજગપતિ અને મહાકાય તથા ગંધર્વનિકાયગણ નિપુણ ગીતરતિક એવા અણપન્ની, પણપન્ની, ઋષિવાદિક, ક્રંદિત, મહાક્રંદિત, કુહંડ, પતક વ્યંતર દેવો પ્રગટ થયા. તેઓ ચંચળ–ચપળ ચિત્તવાળા, ક્રીડા–પરિહાસ પ્રિય, ગંભીર હસિત–ભણિત–પ્રિયગીત–નર્તન રતિ, વનમાલા–મેલ મઉલ–કુંડલાદિ સ્વચ્છંદ વિકુર્વિત આભરણ અને સુંદર વિભૂષણધારી, સર્વઋતુક સુરભિ પુષ્પોથી સુરચિત–પ્રલંબ–શોભતા–કાંત–વિકસંત–ચિત્ર–વનમાળાથી રચિત વક્ષઃસ્થળવાળા, કામગમી, કામરૂપધારી, વિવિધ વર્ણ રંગોથી ઉત્તમ–ચિત્રિત–ચમકીલા વસ્ત્રો પહેરેલા હતા. વિવિધ દેશના વસ્ત્રાનુસાર તેઓએ વિભિન્ન પ્રકારના પોષાક ધારણ કરેલા હતા. તેઓ પ્રમુદિત–કંદર્પ–કલહ–કેલિ–કોલાહલ પ્રિય, હાસ્ય–બોલ બહુલ, અનેક મણિરત્નથી વિવિધરૂપે નિર્મિત વિચિત્ર ચિહ્નવાળા, સુરૂપ, મહર્દ્ધિક યાવત્ પર્યુપાસે છે.

સૂત્ર–૨૫

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની સમીપે જ્યોતિષ્ક દેવો પ્રગટ થયા – બૃહસ્પતિ, ચંદ્ર, સૂર્ય, શનૈશ્ચર, રાહુ, ધૂમકેતુ, બુધ અને મંગળ, જેનો વર્ણ તપ્ત–તપનીય–સુવર્ણ વર્ણી જે ગ્રહો જ્યોતિષ્ક ચક્રમાં ચાર ચરે છે તે કેતુ અને ગતિરતિક અઠ્ઠાવીસ પ્રકારના જે નક્ષત્ર દેવગણ, વિવિધ સંસ્થાન સંસ્થિત પંચવર્ણી તારાઓ પ્રગટ થયા. તેમાં સ્થિત લેશ્ય અને અવિશ્રાંત મંડલગતિ વડે ફરનારા બંને હતા. પ્રત્યેક પોતાના નામથી અંકિત ચિહ્ન પોતાના મુગટમાં ધારણ કરેલ હતા. મહર્દ્ધિ યાવત્ પર્યુપાસે છે.

સૂત્ર–૨૬

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરની પાસે વૈમાનિક દેવો પ્રગટ થયા. સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મ, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુતના અધિપતિ, પ્રકૃષ્ટ હર્ષવાળા દેવો જિનદર્શન ની ઉત્સુકતા અને ગમનજનિત હર્ષવાળા હતા. જિનેન્દ્રની વંદના કરનારા તે પાલક, પુષ્પક, સોમનસ, શ્રીવત્સ, નંદ્યાવર્ત, કામગમ, પ્રીતિગમ, મનોગમ, વિમલ, સર્વતોભદ્રક નામના વિમાનો વડે ભૂમિ ઉપર ઊતર્યા. તેઓ મૃગ, મહિષ, વરાહ, છગલ, દેડકો, ઘોડો, હાથી, ભુજગ, ખડ્ગ, વૃષભના ચિહ્નોથી અંકિત મુગટવાળા હતા. તે મુગટ પ્રશિથિલ ઉત્તમ અને મસ્તકે વિદ્યમાન હતા. કુંડલોની ઉજ્જ્વલ દીપ્તિથી યુક્ત વદન, મુગટથી દીપ્ત મસ્તક, રક્ત આભા, પદ્મગર્ભ સદશ ગૌર, શ્વેત, શુભ વર્ણ–ગંધ–સ્પર્શવાળા, ઉત્તમ વૈક્રિયલબ્ધિ વાળા, વિવિધ વસ્ત્ર–ગંધ–માળાના ધારક, મહર્દ્ધિ, મહાદ્યુતિક યાવત્ અંજલિ જોડી પર્યુપાસે છે.

સૂત્ર–૨૭ (અધૂરું...)

ત્યારે ચંપાનગરીના શૃંગાટક, ત્રિક, ચતુષ્ક, ચત્વર, ચતુર્મુખ, મહાપથ, પથમાં મોટા જનશબ્દ, જનવ્યૂહ, જનબોલ, જનકલકલ, જન–ઉર્મિ, જનઉત્કલિકા, જન–સન્નિપાતમાં ઘણા લોકો પરસ્પર આમ કહેતા–બોલતા–પ્રજ્ઞાપના કરતા–પ્રરૂપણા કરતા હતા કે હે દેવાનુપ્રિયો ! શ્રમણ ભગવંત મહાવીર આદિકર તીર્થંકર, સ્વયંસંબુદ્ધ, પુરુષોત્તમ યાવત્ મોક્ષ પ્રાપ્તિની ઇચ્છાવાળા, પૂર્વાનુપૂર્વી વિચરતા, એક ગામથી બીજે ગામ જતા, અહીં આવ્યા છે – સંપ્રાપ્ત થયા છે – સમોસર્યા છે. આ ચંપાનગરી બહાર પૂર્ણભદ્ર ચૈત્યે યથાપ્રતિરૂપ અવગ્રહ અવગ્રહીને સંયમ અને તપથી આત્માને ભાવિત કરતા વિચરે છે.

સૂત્ર–૨૭ (અધૂરેથી...)

હે દેવાનુપ્રિયો ! તથારૂપ અરહંત ભગવંતોના નામ–ગોત્રનું શ્રવણ પણ મહાફળદાયી છે, તો પછી તેમની સન્મુખ જવું, વંદન–નમન કરવું, પ્રતિપૃચ્છા અને પર્યુપાસના વિશે તો કહેવું જ શું ? એક પણ આર્ય–ધાર્મિક–સુવચનના શ્રવણથી આટલો મોટો લાભ થાય, તો પછી વિપુલ અર્થના ગ્રહણથી કેટલો લાભ થાય ? તો હે દેવાનુપ્રિયો ! આપણે જઈએ અને શ્રમણ ભગવાન મહાવીરને વંદન–નમન–સત્કાર–સન્માન કરીએ. કલ્યાણ–મંગલ–દૈવત–ચૈત્ય સ્વરૂપ તેમની વિનયથી પર્યુપાસના કરીએ. જે આપણને પરભવમાં અને આ ભવમાં હિત–સુખ–ક્ષમ–નિઃશ્રેયસ અને અનુગામિકપણે થાય છે. એમ કહી ઘણા ઉગ્ર–ઉગ્રપુત્રો ભોગ–ભોગપુત્રો...

સૂત્ર–૨૭ (અધૂરેથી...)

એ પ્રમાણે દ્વિપ્રત્યાવતારથી – રાજન્ય, ક્ષત્રિય, બ્રાહ્મણ, સુભટ, યોદ્ધા, પ્રશાસ્તા, મલ્લકી, લેચ્છવી–લેચ્છવીપુત્ર, તે અને બીજા પણ ઘણા રાજા, ઈશ્વર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ આદિ તથા તેમના પુત્રોમાંના કેટલાક વંદન નિમિત્તે, કેટલાક પૂજન નિમિત્તે, એ રીતે સત્કાર નિમિત્તે, સન્માન નિમિત્તે, દર્શન નિમિત્તે, કુતૂહલ નિમિત્તે, કેટલાક અર્થ–વિનિશ્ચય હેતુ, ન સાંભળેલને સાંભળીશું, સાંભળેલને નિઃશંકિત કરીશું, કેટલાક અર્થ–હેતુ–કારણ–વ્યાકરણ પૂછીશું.

સૂત્ર–૨૭ (અધૂરેથી...)

કેટલાક ચોતરફથી મુંડ થઈને, ગૃહત્યાગ કરીને અણગારિત પ્રવ્રજિત થઈશું એમ વિચારી, કેટલાક પાંચ અણુવ્રત–સાત શિક્ષાવ્રતયુક્ત બાર ભેદે ગૃહસ્થ ધર્મ સ્વીકારીશું એમ વિચારી, કેટલાક જિનભક્તિરાગથી, કેટલાક પોતાનો આચાર સમજીને સ્નાન–બલિકર્મ કરી, કૌતુક–મંગલ–પ્રાયશ્ચિત્ત કરી, ગળામાં માળા ધારણ કરી, મણિ–સુવર્ણ જડિત હાર–અર્ધહાર–ત્રિસરક–પ્રાલંબ–પ્રલંબ–કટિસૂત્રક–શોભાયુક્ત આભરણોથી પોતાને સજાવી, ઉત્તમ વસ્ત્રો પહેરી, ચંદનથી લિપ્ત ગાત્ર–શરીર થઈ...

સૂત્ર–૨૭ (અધૂરેથી...)

કેટલાક ઘોડા ઉપર, એ રીતે હાથી ઉપર, રથ ઉપર, શિબિકા ઉપર, સ્યંદમાનિકા ઉપર, કેટલાક પગે ચાલતા, પુરુષરૂપી વલ્ગુરથી પરિક્ષિપ્ત, મહાન ઉત્કૃષ્ટ સિંહનાદ–બોલ–કલકલ રવથી પ્રક્ષુભિત મહાસમુદ્રના રવભૂત સમાન કરતા ચંપાનગરીની વચ્ચોવચ્ચથી નીકળે છે, નીકળીને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય છે, ત્યાં આવે છે, આવીને શ્રમણ ભગવંત મહાવીરની કંઈક સમીપ, છત્રાદિ તીર્થંકરાદિ અતિશય જુએ છે, જોઈને યાન–વાહનને સ્થાપે છે, સ્થાપીને યાન–વાહનથી ઊતરે છે, ઊતરીને જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે, પછી શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન–નમન કરે છે. વાંદી–નમીને બહુ નિકટ નહીં–બહુ દૂર નહીં તે રીતે શ્રવણની ઇચ્છાથી નમન કરતા, અભિમુખ થઈ, વિનયથી અંજલી જોડીને, પર્યુપાસના કરે છે.

સૂત્ર–૨૮, ૨૯

૨૮. ત્યારે તે પ્રવૃત્તિ નિવેદકે આ વૃત્તાંત જાણતા હૃષ્ટતુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈ, સ્નાન કરી યાવત્ અલ્પ–મહાર્ઘ આભરણથી અલંકૃત શરીરી થઈ, પોતાના ઘેરથી નીકળ્યો, પોતાના ઘેરથી નીકળીને ચંપાનગરીની વચ્ચોવચ્ચથી જે બાહ્ય ઉપસ્થાનશાળાએ આવ્યો, બધી જ વક્તવ્યતા પૂર્વવત્ યાવત્ નીકળે છે, નીકળીને તે પ્રવૃત્તિ નિવેદકને સાડાબાર લાખનું પ્રીતિદાન આપે છે, આપીને સત્કાર, સન્માન કરે છે, સત્કારી–સન્માનીને વિદાય કરે છે.

૨૯. ત્યારે તે ભંભસારપુત્ર કૂણિક રાજાએ બલવ્યાપૃત્તને આમંત્ર્યો, આમંત્રીને એમ કહ્યું – ઓ દેવાનુપ્રિય ! જલદીથી આભિષેક્ય હસ્તિરત્નને સુસજ્ઞ કરાવો, ઘોડા–હાથી–રથ–પ્રવર યોદ્ધાયુક્ત ચાતુરંગિણી સેનાને તૈયાર કરો. સુભદ્રા આદિ રાણીઓને બાહ્ય ઉપસ્થાનશાળામાં પ્રત્યેક–પ્રત્યેકને માટે યાત્રાભિમુખ જોતેલ યાનો ઉપસ્થાપિત કરો. પછી ચંપાનગરીને અંદર અને બહારથી પાણીથી સિંચાવો, સિંચાવી સાફ કરાવો, લીંપાવો, નગરીના અંદરના માર્ગે–ગલીઓની સફાઈ કરાવો. મંચાતિમંચ યુક્ત કરાવો, વિવિધ રંગોની ઊંચી ધ્વજા–પતાકાથી મંડિત કરાવો. નગરીની દીવાલોને લીંપાવો –પોતાવો. ગોશીર્ષ–સરસ–લાલ–ચંદન યાવત્ ગંધવર્તીભૂત કરો–કરાવો, કરી–કરાવીને આ આજ્ઞા પાછી સોંપો. પછી હું શ્રમણ ભગવન્ મહાવીરના વંદનાર્થે જઈશ.

સૂત્ર–૩૦ (અધૂરું...)

ત્યારે તે બળવ્યાપૃત, કોણિક રાજાએ આમ કહેતા, હૃષ્ટ–તુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈ, બે હાથ જોડીને, મસ્તકે આવર્ત્ત કરી, મસ્તકે અંજલી કરી આમ કહ્યું – હે સ્વામી ! એ પ્રમાણે વિનયથી આજ્ઞાવચનને સ્વીકારે છે. સ્વીકારીને હસ્તિ–વ્યાપૃતને આમંત્રે છે, આમંત્રીને કહ્યું – ઓ દેવાનુપ્રિય ! જલદીથી ભંભસારપુત્ર કોણિક રાજાના આભિષેક્ય હસ્તિરત્નને સજાવો. ઘોડા–હાથી–રથ–પ્રવર યોદ્ધાયુક્ત ચાતુરંગિણી સેનાને સજાવો, સજાવીને આ આજ્ઞા પાલન થયાનું નિવેદન કરો.

ત્યારપછી તે હસ્તિવ્યાપૃતે બલવ્યાપૃતના આ અર્થને સાંભળીને, વિનયપૂર્વક તેમના આજ્ઞા વચનને સ્વીકારે છે. સ્વીકારીને, કુશળ આચાર્યના ઉપદેશથી ઉત્પન્ન મતિ વિકલ્પના વિકલ્પથી સુનિપુણ બુદ્ધિ વડે ઉજ્જ્વલ વસ્ત્ર–વેશભૂષા દ્વારા શીઘ્ર સજાવ્યો. તેનો ધાર્મિક ઉત્સવ અનુરૂપ શૃંગાર કર્યો, કવચ લગાવ્યું, કક્ષાને તેના વક્ષઃસ્થળથી કસીને બાંધ્યુ, ગળામાં હાર અને ઉત્તમ આભૂષણ પહેરાવી શોભાવ્યો.

તે હાથી અધિક તેજયુક્ત થયો. સલલિત શ્રેષ્ઠ કર્ણપૂરથી શોભિત થયો. લટકતા લાંબા ઝૂલ અને ભમરાથી અંધકાર સદશ લાગતો, ઝૂલ ઉપર વેલ–બૂંટા ભરેલ પ્રચ્છદ વસ્ત્ર નાંખ્યુ. શસ્ત્ર તથા કવચયુક્ત તે હાથી યુદ્ધાર્થ સજ્જિત જેવો હતો. છત્ર–ધ્વજ–ઘંટ–પતાકા યુક્ત, પાંચ કલગી સહ પરિમંડિત, સુંદર લાગતો હતો. બંને તરફ બે ઘંટ લટકાવ્યા. તે હાથી વીજળી સહિત કાળા વાદળ સમાન લાગતો હતો. ઔત્પાતિક પર્વતવત્ ચાલતો હતો, ઉન્મત્ત અને ગુલગુલંત કરતો, મન અને પવનનો જય કરતા વેગવાળો, ભીમ, સંગ્રામિક યોગ્ય, આભિષેક્ય હસ્તિરત્નને

સજાવ્યો, સજાવીને ઘોડા–હાથી–રથ–પ્રવર યોદ્ધાયુક્ત ચાતુરંગિણી સેના સજ્જ કરી, સજ્જ કરીને જ્યાં બલવ્યાપૃત હતો ત્યાં આવ્યો, આવીને આ આજ્ઞાપિત કાર્ય પૂર્ણ થયાનું નિવેદન કર્યું.

ત્યારપછી તે બલવ્યાપૃતે યાનશાલિકને બોલાવ્યો, બોલાવીને આ પ્રમાણે કહ્યું – હે દેવાનુપ્રિય ! જલદી સુભદ્રા આદિ રાણીને માટે બાહ્ય ઉપસ્થાન શાળામાં પ્રત્યેક–પ્રત્યેક માટે યાત્રાભિમુખ જોડેલા વાહનો ઉપસ્થાપિત કરો, કરીને મારી આ આજ્ઞા પાછી સોંપો.

## સૂત્ર–૩૦ (અધૂરેથી...)

ત્યારે તે યાનશાલિકે બલવ્યાપૃતના આ અર્થ–વચન આજ્ઞાને વિનય વડે સ્વીકારી, સ્વીકારીને યાનશાલામાં આવીને યાનનું પ્રત્યુપ્રેક્ષણ કર્યુ, કરીને યાનની સંપ્રમાર્જના કરી, કરીને તેના પર યાનને હટાવ્યા, હટાવીને, યાનને બહાર કાઢ્યા, કાઢીને યાનના વસ્ત્રો દૂર કર્યા. કરીને યાનને સમલંકૃત્ કર્યા. કરીને યાનને ઉત્તમ ભૂષણોથી આભૂષિત કર્યા. કરીને યાન–વાહન જોડ્યા, જોડીને પ્રતોદલાઠી, પ્રતોદધરને સ્થાપિત કર્યો, કરીને રાજમાર્ગ પકડાવ્યો. પછી બલવ્યાપૃત પાસે આવ્યો, આવીને બલવ્યાપૃતની ઉક્ત આજ્ઞા પરિપૂર્ણ થયાની સૂચના આપી.

ત્યારપછી તે બલવ્યાપૃતે નગરગુપ્તિકને આમંત્રીને કહ્યું – ઓ દેવાનુપ્રિય ! જલદીથી ચંપાનગરીને અંદરથી અને બહારથી પાણી વડે સીંચાવો, યાવત્ તેમ કરીને મારી આ આજ્ઞા પાછી સોંપો. ત્યારે તે નગરગુપ્તિક બલવ્યાપૃતના આ અર્થ–વચન આજ્ઞાને વિનયપૂર્વક સ્વીકારે છે, સ્વીકારીને ચંપાનગરીને અંદર અને બહારથી સીંચાવીને યાવત્ તેમ કરાવીને જ્યાં બલવ્યાપૃત છે, તેની પાસે આવે છે, આવીને તેમની આજ્ઞાના પાલન થયાનું નિવેદન કરે છે.

ત્યારપછી તે બલવ્યાપૃત, ભંભસારપુત્ર કોણિક રાજાના આભિષેક્ય હસ્તિરત્નને સુસજ્જિત થયેલ જુએ છે. ઘોડા, હાથી યાવત્ સુસજ્જ કરેલ જુએ છે, સુભદ્રા આદિ રાણીના પ્રત્યેકના યાન ઉપસ્થાપિત જુએ છે, ચંપાનગરી અંદર બહારથી યાવત્ ગંધવર્તીભૂત કરાયેલ જુએ છે, જોઈને હૃષ્ટ–તુષ્ટ–આનંદિત ચિત્ત અને પ્રીતિયુક્ત મનવાળો યાવત્ પ્રસન્ન હૃદયી થઈને જ્યાં ભંભસારપુત્ર કોણિક રાજા છે ત્યાં આવે છે, આવીને બે હાથ જોડી યાવત્ કહે છે –

આપ દેવાનુપ્રિયનો આભિષેક્ય હસ્તિરત્ન, ઘોડા–હાથી–રથ–પ્રવર યોદ્ધાયુક્ત ચાતુરંગિણી સેના સુસજ્જ થયેલ છે, સુભદ્રા આદિ રાણીઓના પ્રત્યેકને માટે બાહ્ય ઉપસ્થાન શાળામાં યાત્રાભિમુખ જોડેલ યાન ઉપસ્થાપિત કરાયેલ છે, ચંપાનગરી અંદર–બહારથી પાણી વડે સિંચિત યાવત્ ગંધવર્તીભૂત કરાયેલ છે, તો હે દેવાનુપ્રિય ! શ્રમણ ભગવંત મહાવીરને વંદનાર્થે પધારો.

## સૂત્ર–૩૧ (અધૂરું...)

ત્યારે તે ભંભસારપુત્ર કુણિક રાજા, બલવ્યાપૃતના આ અર્થને સાંભળી, અવધારીને હૃષ્ટ–તુષ્ટ યાવત્ હૃદયી થઈને જ્યાં અટ્ટનશાળા છે, ત્યાં આવે છે. આવીને અટ્ટનશાળામાં પ્રવેશે છે, પ્રવેશીને અનેક વ્યાયામ યોગ્ય વલ્ગન, વ્યામર્દન, મલ્લયુદ્ધ કરવા વડે શ્રાંત, પરિશ્રાંત થઈને શતપાક–સહસ્રપાક, દર્પણીય, મદનીય, બૃંહણીય, સુગંધી તેલ આદિ વડે સર્વેન્દ્રિય અને ગાત્રને પ્રહ્લાદનીય અભ્યંજન વડે અભ્યંજિત થઈને તેલચર્મમાં પ્રતિપૂર્ણ હાથ–પગ સુકુમાલ કોમળ તલવાળા પુરુષો, જે નિપુણ, દક્ષ, પ્રાપ્તાર્થ, કુશળ, મેધાવી, નિપુણ શિલ્પોપગત, અભ્યંજન–પરિમર્દન–ઉદ્વલન કરણ ગુણમાં સમર્થ હતા, તેમના વડે અસ્થિ–માંસ–ત્વચા–રોમને સુખકારી એવી ચતુર્વિધ સંબાધનાથી સંબાધન કરાયા પછી ખેદ–પરિશ્રમ દૂર થતા અટ્ટનશાળાથી બહાર નીકળે છે –

બહાર નીકળીને જ્યાં સ્નાનગૃહ છે, ત્યાં આવે છે, ત્યાં આવીને સ્નાનગૃહમાં પ્રવેશે છે, પ્રવેશીને મોતીની જાલથી રમ્ય, વિચિત્ર મણિ–રત્ન જડિત તલવાળા રમણીય સ્નાન–મંડપમાં વિવિધ મણિરત્ન વડે ચિત્રિત સ્નાનપીઠ ઉપર સુખેથી બેસે છે. શુદ્ધ–ગંધ–પુષ્પ અને શુભ (ચાર) જળ વડે તથા કલ્યાણકર–પ્રવર સ્નાનવિધિથી

સ્નાન કરે છે. પછી બહુવિધ સેંકડો કૌતુક વડે કલ્યાણકપ્રવર સ્નાન કર્યા પછી, રુંવાટીવાળા–સુકુમાલ–ગંધકાષાયિત વસ્ત્રથી શરીર લૂંછ્યુ અને સરસ–સુરભિ–ગોશીર્ષ ચંદનથી ગાત્રોને લેપન કર્યુ.

અદૂષિત–સુમહાર્ધ–દુષ્યરત્નથી સુસંવૃત્ત થયો, પવિત્ર માળા પહેરી, વર્ણક–વિલેપન કર્યુ, મણિ સુવર્ણના બનેલ હાર, અર્દ્ધહાર, ત્રિસરક, પ્રાલંબ, પ્રલંબમાન કટિસૂત્ર વડે સારી રીતે શોભા કરી. ગૈવેયક પહેર્યું. આંગળીમાં અંગુઠી પહેરી, લલિત આભરણોથી અંગોને વિભૂષિત કર્યા. ઉત્તમ કટક, ત્રુટિત વડે ભૂજા સ્તંભિત કરી. રાજાની શોભા અધિક થઈ, મુદ્રિકાને કારણે આંગળીઓ પીળી લાગતી હતી, મુખ કુંડલથી ઉદ્યોતિત લાગતું હતું. મુગટથી મસ્તક દીપતું હતું, હારથી વક્ષઃસ્થળ સુરચિત હતું. લાંબુ–લટકતું–વસ્ત્રનું ઉત્તરીય કર્યુ. વિવિધ મણિ–કનક–રત્નયુક્ત વિમલ–મહાર્હ–નિપુણ શિલ્પીથી તૈયાર કરાયેલ ચમકતા–વિરચિત–સુશ્લિષ્ટ–વિશિષ્ટ–લષ્ટ વીરવલયો પહેર્યા.

## સૂત્ર–૩૧ (અધૂરેથી...)

તે રાજાનું બીજું કેટલું વર્ણન કરીએ ? કલ્પવૃક્ષ જેવો તે રાજા અલંકૃત્–વિભૂષિત થયા પછી જણાતો હતો. કોરંટ પુષ્પની માળાયુક્ત છત્રને ધારણ કરેલો, ચાર ચામરથી વીંઝાતા અંગવાળો, લોક દ્વારા મંગલ–જય શબ્દ કરાતો, સ્નાનગૃહથી નીકળ્યો. સ્નાનગૃહથી નીકળીને તે રાજા અનેક ગણનાયક, દંડનાયક, રાજા, ઈશ્વર, તલવર, માડંબિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ, દૂત, સંધિપાલ સાથે સંપરિવૃત્ત થઈ ધવલ મહામેઘની જેમ નીકળ્યો. ગ્રહગણ અને તારાગણથી દીપતા અંતરીક્ષ મધ્યે રહેલ ચંદ્ર જેવા પ્રિયદર્શન વાળો નરપતિ, જે બાહ્ય ઉપસ્થાનશાળા, જ્યાં આભિષેક્ય હસ્તિરત્ન હતો, ત્યાં આવે છે, આવીને અંજનગિરિ પર્વત સદૃશ ગજપતિ ઉપર તે નરપતિ આરૂઢ થયો.

## સૂત્ર–૩૧ (અધૂરેથી...)

ત્યારે તે ભંભસારપુત્ર કોણિક રાજા આભિષેક્ય હસ્તિરત્ન ઉપર આરૂઢ થઈને ચાલ્યો ત્યારે પહેલા આ અષ્ટ મંગલ તેની આગળ ક્રમશઃ રવાના થયા. તે આ પ્રમાણે –

**સૌવસ્તિક, શ્રીવત્સ, નંદ્યાવર્ત, વર્ધમાનક, ભદ્રાસન, કલશ, મત્સ્ય, દર્પણ.**

ત્યારપછી પૂર્ણ કળશ, ભૃંગાર, દિવ્ય છત્ર, પતાકા, ચામર તથા દર્શન રચિત રાજાના દૃષ્ટિપથમાં અવસ્થિત દર્શનીય, હવાથી ફરકતી, ઊંચી, આકાશને સ્પર્શતી હોય તેવી વિજયધ્વજા, આગળ અનુક્રમે ચાલી.

ત્યારપછી વૈડૂર્યથી દેદીપ્યમાન વિમલ દંડ, લટકતી કોરંટ પુષ્પની માળા વડે ઉપશોભિત, ચંદ્રમંડલ સદૃશ, સમૂશ્રિત–વિમલ–આતપત્ર, પ્રવર સિંહાસન, ઉત્તમ મણિરત્નની પાદપીઠ હતી, તેના ઉપર પાદુકાઓની જોડ રાખેલ હતી. તે ઘણા કિંકર–કર્મકર–પુરુષ પદાતિ વડે ઘેરાયેલ હતું. તે અનુક્રમે આગળ ચાલ્યુ. ત્યારપછી ઘણા લાઠી–કુંત–ચાપ–ચામર–પાસ–પુસ્તક–ફલક–પીઠ–વીણા–કૂપ્ય–હડપ્પને ગ્રહણ કરનારા અનુક્રમે આગળ ચાલ્યા.

ત્યારપછી ઘણા દંડી, મુંડી, શિખંડી, જટી, પિચ્છી, હાસ્યકર, ડમરકર, ચાટુકર, વાદકર, કંદર્પકર, દવકર, કૌકુચિત, ક્રીડાકરો ચાલ્યા, તેઓ વગાડતા, ગાતા, હસતા, નાચતા, બોલતા, સંભળાવતા, રક્ષા કરતા, અવલોકન કરતા અને જય, જય શબ્દનો પ્રયોગ કરતા અનુક્રમે આગળ ચાલ્યા.

## સૂત્ર–૩૧ (અધૂરેથી...)

ત્યારપછી જાત્ય ૧૦૮ ઘોડા યથાક્રમે ચાલ્યા. તે ઘોડાઓ વેગ, શક્તિ, સ્ફૂર્તિમય વયમાં સ્થિત હતા. હરિમેલાની કળી અને મલ્લિકા જેવી તેની આંખ હતી. પોપટની ચાંચ સમાન વક્ર પગ ઉઠાવીને શાનથી ચાલતા હતા. તેઓ ચપલ, ચંચળ ચાલવાળા હતા. લાંઘણ–વલ્ગન–ધાવન–ધોરણ–ત્રિપદી–જયિની સંજ્ઞક–અતિશાયી ગતિથી દોડતા આદિ ગતિક્રમ શીખેલ હતા. ગળામાં પહેલા શ્રેષ્ઠ આભૂષણ લટકા હતા. મુખના આભૂષણ, અવચૂલક, દર્પણાકૃતિ અલંકાર, અમ્લાન, ઘણા સુંદર દેખાતા હતા. કટિભાગ ચામરદંડથી સુશોભિત હતા. સુંદર તરુણ સેવકે

ગ્રહેલ હતા.

ત્યારપછી યથાક્રમે ૧૦૮ હાથી ચાલ્યા. તે કંઈક મત્ત અને ઉન્નત હતા. તેમના દાંત કંઈક બહાર નીકળેલા હતા. કંઈક ઉત્સંગ–વિશાલ–ધવલ દાંતવાળા, સુવર્ણ કોશી પ્રવિષ્ઠ દાંતવાળા હતા. સુવર્ણ–મણિ, રત્ન–ભૂષિત, ઉત્તમ પુરુષ આરોહક વડે યુક્ત હતા.

ત્યારપછી છત્ર–ધ્વજ–ઘંટ–પતાકા–ઉત્તમ તોરણ–નંદિઘોષ–ક્ષુદ્ર ઘંટિકા જાળ પરિક્ષિપ્ત સહિત, હેમવત પર્વત ઉપર ઉત્પન્ન તિનિશના કાષ્ઠ જે સ્વર્ણખચિત હતા, તે રથોમાં લાગેલા હતા. રથના પૈડાના ઘેરાવા ઉપર લોઢાના પટ્ટા ચડાવેલા હતા. પૈડાથી ધુરા ગોળ–સુંદર–સુદૃઢ હતી. તેમાં ઉત્તમ શ્રેણીના ઘોડા જોડાયેલા હતા.

તેને કુશલ–છેક–નર સારથીઓએ ગ્રહિત કરેલા હતા. તે બત્રીશ તરકશો વડે સુશોભિત હતા. તે કવચ, શિરસ્ત્રાણ, ધનુષ, બાણ તથા બીજા શસ્ત્રો તેમાં રાખેલ હતી. આવા યુદ્ધ સજ્જ ૧૦૮ રથો અનુક્રમે આગળ ચાલ્યા. ત્યારપછી હાથમાં તલવાર, શક્તિ, કુંત, તોમર, શૂલ, લાઠી, ભિંડિમાલ, ધનુષ ધારણ કરેલ સૈનિકો આગળ ચાલ્યા.

## સૂત્ર–૩૧ (અધૂરેથી...)

ત્યારે તે કૂણિક રાજાનું વક્ષઃસ્થળ હારો વડે સુશોભિત હતું, કુંડલથી ઉદ્યોતિત વદન હતું, મસ્તક મુગટથી દીપ્ત હતું, તે નરસિંહ, નરપતિ, નરેન્દ્ર, નરવૃષભ, મનુષ્યરાજ વૃષભ સમાન, અત્યધિક રાજ તેજલક્ષ્મીથી દીપતા, હાથીના સ્કંધે આરૂઢ થઈ કોરંટપુષ્પની માળાથી યુક્ત છત્રને ધારણ કરતા, શ્રેષ્ઠ શ્વેત ચામર વડે વીંઝાતા–વીંઝાતા, વૈશ્રમણ સમાન તે નરપતિ, અમરપતિ–ઈન્દ્ર સદૃશ ઋદ્ધિ, વિસ્તૃત કીર્તિ, ઘોડા–હાથી–રથ–શ્રેષ્ઠ યોદ્ધા સહિત ચાતુરંગિણી સેના વડે સમ્યક્ અનુગમન કરાતો જે પૂર્ણભદ્ર ચૈત્ય હતું, ત્યાં જવા નીકળ્યો. ત્યારે તે ભંભસારપુત્ર કૂણિક રાજા આગળ મહાન અશ્વો–અશ્વધર, બંને પડખે હાથી–હાથીધર. પાછળ રથનો સમુદાય હતો.

## સૂત્ર–૩૧ (અધૂરેથી...)

ત્યારે તે ભંભસારપુત્ર કૂણિક રાજા ચંપાનગરીની વચ્ચોવચ્ચ થઈ નીકળ્યો. તેની આગળ જળ ભરેલ ભૃંગાર, પ્રગૃહીત તાલવૃંત, ઊંચુ કરેલ શ્વેત છત્ર, ઢોળાતા એવા ચામર ચાલતા હતા. તે સર્વઋદ્ધિથી, સર્વદ્યુતિથી, સર્વબલથી, સર્વ સમુદયથી, સર્વ આદરથી, સર્વ વિભૂતિથી, સર્વ વિભૂષાથી, સર્વ સંભ્રમથી, સર્વ પુષ્પ–ગંધ–માળા–અલંકારથી, સર્વ ત્રુટિત શબ્દના સંનિપાતથી, મહાઋદ્ધિ, મહાદ્યુતિ, મહાબલ, મહા સમુદય, મહાન શ્રેષ્ઠ તૂર્ય એકસાથે વગાડાતા હતા તે શંખ, પ્રણવ, પટહ, ભેરી, ઝલ્લરી, ખરમુહી, હુડુક્ક, મુખમુરવ, મૃદંગ, દુંદુભિના નિર્ઘોષના નોદિત રવ–ધ્વનિ થઈ રહ્યો હતો.

## સૂત્ર–૩૨ (અધૂરું...)

ત્યારે તે કૂણિક રાજા ચંપાનગરીની વચ્ચોવચ્ચથી નીકળતા, ઘણાં ધનાર્થી, કામાર્થી, ભોગાર્થી, કિલ્બિષિક, કારોટિક, લાભાર્થી, કરબાધિત, શાંખિક, ચક્રીક, લાંગલિક, મુખ માંગલિક, વર્દ્ધમાન, પુષ્યમાનવ, ખંડિકગણ તેવી ઈષ્ટ–કાંત –પ્રિય–મનોજ્ઞ–મણામ–મનોભિરામ–હૃદયગમનીય વાણી વડે જય–વિજય–મંગલાદિ સેંકડો શબ્દોથી અનવરત અભિનંદતા, અભિસ્તવતા આ પ્રમાણે કહે છે – હે નંદ! તમારો જય થાઓ, હે ભદ્ર! તમારો જય થાઓ, આપનું કલ્યાણ થાઓ, ન જીતેલાને જીતો. જીતેલાને પાળો, જીતેલા મધ્યે રહો.

## સૂત્ર–૩૨ (અધૂરેથી...)

દેવોમાં ઈન્દ્ર સમાન, અસુરોમાં ચમરવત્, નાગકુમારોમાં ધરણવત્, તારામાં ચંદ્રવત્, મનુષ્યોમાં ભરતવત્ ઘણાં વર્ષો, અનેક શત વર્ષો, અનેક સહસ્ર વર્ષો, અનેક લાખ વર્ષો, અનઘ સમગ્ર, હૃષ્ટ–તુષ્ટ, પરમાયુનું પાલન કરો. ઈષ્ટજનથી સંપરિવૃત્ત રહી ચંપાનગરીનું તથા બીજા ઘણા ગામ, નગર, આકર, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, નિગમ, સંવાહ, સંનિવેશોનું આધિપત્ય, પૌરોપત્ય, સ્વામિત્વ, ભતૃત્વ, મહત્તરકત્વ, આજ્ઞા–ઐશ્વર્ય–

સૈનાપત્ય કરતા, પાલન કરતા, મહતા આહત–નૃત્ય–ગીત–વાજિંત્ર–તંત્રી–તાલ–ત્રુટિત–ઘન મૃદંગ–દુંદુભિ આદિ વાજિંત્રના શબ્દોથી વિપુલ ભોગોપભોગ ભોગવતા વિચરો એમ કહીને જય–જય શબ્દ કરે છે.

સૂત્ર–૩૨ (અધૂરેથી...)

ત્યારપછી તે ભંભસારપુત્ર કૂણિક રાજા હજારો નયન–માલા વડે જોવાતો–જોવાતો, હજારો હૃદયમાળા વડે અભિનંદાતો–અભિનંદાતો, હજારો મનોરથમાળા વડે સાંનિધ્ય ઇચ્છાતો–ઇચ્છાતો, હજારો વચનમાલા વડે અભિસ્તવાતો–અભિસ્તવાતો, કાંતિ–સૌભાગ્ય વડે પ્રાર્થના કરાતો–કરાતો, ઘણા હજારો નર–નારીઓની હજારો અંજલી માલાઓને પોતાના જમણા હાથ વડે સ્વીકારતો–સ્વીકારતો, અત્યંત કોમળ વાણીથી કુશળ વાર્તા પૂછાતો, હજારો ભવનોની પંક્તિઓને ઉલ્લંઘતો–ઉલ્લંઘતો ચંપા નગરીની વચ્ચોવચ્ચથી નીકળ્યો.

નીકળીને જ્યાં પૂર્ણભદ્ર ચૈત્ય હતું ત્યાં આવ્યો. આવીને શ્રમણ ભગવંત મહાવીરની કંઈક સમીપે તીર્થંકરના છત્ર આદિ અતિશય જુએ છે, જોઈને આભિષેક્ય હસ્તિ રત્નને ઊભો રાખ્યો, રાખીને આભિષેક્ય હસ્તિરત્નથી નીચે ઊતર્યો. ઊતરીને પાંચ રાજ–ચિહ્નો–ખડ્ગ, છત્ર, મુગટ, ઉપાનહ, ચામરને દૂર કર્યા. પછી જ્યાં શ્રમણ ભગવંત મહાવીર છે, ત્યાં આવે છે.

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરને પાંચ પ્રકારના અભિગમથી સન્મુખ જાય છે. તે આ પ્રમાણે

૧– સચિત્ત દ્રવ્યોનો ત્યાગ, ૨– અચિત્ત દ્રવ્યોનો અત્યાગ, ૩– એકશાટિક ઉત્તરાસંગ કરણ, ૪– જોતાની સાથે જ અંજલી જોડવી, ૫– મનથી એકત્ર ભાવ–કરણ વડે.

શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરી, કરીને વંદન–નમન કરે છે. વંદન–નમન કરીને ત્રણ પ્રકારની પર્યુપાસનાથી પર્યુપાસે છે. તે આ પ્રમાણે – કાયિકી, વાચિકી, માનસિકી, કાયા વડે અગ્ર હાથ–પગ સંકોચીને, શ્રવણની ઇચ્છા કરતા, નમન કરતા, અભિમુખ વિનયથી અંજલી જોડી પર્યુપાસે છે. વાચા વડે જ્યારે જ્યારે ભગવન બોલતા હતા. ત્યારે–ભગવન્ ! **તે એમ જ છે, ભગવન્! તે તેમ જ છે, અવિતથ છે, અસંદિગ્ધ છે, ઇચ્છિત છે, પ્રતિચ્છિત છે, ઇચ્છિત–પ્રતિચ્છિત છે. ભગવન્! તમે કહો છો તેમજ તે છે,** એ રીતે અનુકૂળ વચન બોલતો હતો. માનસિક વડે મહાસંવેગ જનિત તીવ્રધર્માનુરાગરત થઈ સેવે છે.

સૂત્ર–૩૩

ત્યારપછી તે સુભદ્રા આદિ રાણીઓ અંતઃપુરમાં અંદર સ્નાન યાવત્ પ્રાયશ્ચિત્ત કરી, સર્વાલંકારથી વિભૂષિત થઈ, ઘણી કુબ્જા, ચિલાતી, વામણી, વડભી, બર્બરી, બકુશી, યુનાની, પહ્લવિ, ઇસિનિકી, ચારુકિનિકિ, લકુશિકા, સિંહાલિ, દમીલિ, આરબી, પુલંદી, પકવણી, બહલી, મુરુંડી, શબરિકા, પારસી અર્થાત્ તે–તે દેશાદિની જે પોતપોતાની વેશભૂષા થી સજ્જિત હતી, જે ચિંતિત કે અભિલષિત ભાવને સંકેત કે ચેષ્ટામાત્રથી સમજી લેવામાં વિજ્ઞ હતી. પોત–પોતાના દેશાનુસાર જેણે વસ્ત્રાદિ ધારણ કરેલા એવી દાસીઓના સમૂહથી ઘેરાયેલી, વર્ષધર–કંચૂકી તથા અંતઃપુરના પ્રામાણિક રક્ષાધિકારી વડે ઘેરાયેલી બહાર નીકળી.

ત્યારપછી જ્યાં પ્રત્યેકના યાન હતા ત્યાં ગઈ, જઈને પ્રત્યેક–પ્રત્યેકના યાત્રાભિમુખ જોડાયેલ યાનમાં બેસી, બેસીને નિજક–પરિવાર સાથે સંપરીવરીને ચંપાનગરીની વચ્ચોવચ્ચથી નીકળી, નીકળીને પૂર્ણભદ્ર ચૈત્યે આવી,

આવીને શ્રમણ ભગવંત મહાવીરની કંઈક સમીપે છત્ર આદિ તીર્થંકરના અતિશયને જોયા, જોઈને પ્રત્યેકે–પ્રત્યેકે પોતાના યાનને રોક્યા, રોકીને યાનમાંથી નીચે ઊતરી, ઊતરીને ઘણી કુબ્જા યાવત્ દાસીથી પરિવૃત્ત થઈને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવી.

આવીને ભગવંતને પાંચ પ્રકારના અભિગમથી સન્મુખ ગઈ. તે આ પ્રમાણે – સચિત્ત દ્રવ્યોનો ત્યાગ, અચિત્ત દ્રવ્યોનો અત્યાગ યાવત્ મનનું એકત્રીભાવકરણ. પછી શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા

કરે છે. વંદન–નમસ્કાર કરે છે. વાંદી–નમીને ઊભી રહી. કોણિક રાજાને આગળ કરીને, પોતાના પરિજનો સહિત ભગવન્ સન્મુખ વિનયપૂર્વક હાથ જોડીને પર્યુપાસના કરવા લાગી.

સૂત્ર–૩૪ (અધૂરું...)

ત્યારપછી શ્રમણ ભગવંત મહાવીરે ભંભસારપુત્ર કૂણિક રાજાને, સુભદ્રા આદિ રાણીઓને, તે મહામોટી પર્ષદાને –ઋષિપર્ષદા, મુનિપર્ષદા, યતિપર્ષદા, દેવપર્ષદા, અનેકશત, અનેક શતવૃંદ, અનેક શતવૃંદ પરિવાર ઉપસ્થિત હતો તેમાં ...

ઓઘબલી, અતિબલી, મહાબલી, અપરિમિત બલ–વીર્ય–તેજ–મહત્તા–કાંતિયુક્ત, શારદ–નવ–સ્તનિત–મધુર–ગંભીર–ક્રૌંચ–નિર્ઘોષ–દુંદુભિસ્વર યુક્ત, ઉરમાં વિસ્તરતી, કંઠમાં અવસ્થિત થતી, મસ્તકમાં પરિવ્યાપ્ત થતી, સુવિભક્ત અક્ષરો સાથે, અસ્પષ્ટ ઉચ્ચારણ વર્જિત, સર્વાક્ષર સન્નિપાતિક, પૂર્ણતા યુક્ત, સર્વભાષાનુગામી, એક યોજન સુધી પહોંચાડનાર સ્વરમાં, અર્ધમાગધી ભાષામાં બોલતા અરહંતે ધર્મ કહ્યો.

સૂત્ર–૩૪ (અધૂરેથી...)

તે સર્વે આર્યો અને અનાર્યોને અગ્લાનપણે ધર્મ કહે છે. તે અર્ધમાગધી ભાષા તે સર્વે આર્યો અને અનાર્યોને પોત–પોતાની ભાષામાં પરિણામથી પરિણમે છે. તે દેશના આ પ્રમાણે–

લોક છે, અલોક છે, એ પ્રમાણે જીવ–અજીવ, બંધ–મોક્ષ, પુન્ય–પાપ, આશ્રવ–સંવર, વેદના–નિર્જરા તથા અરિહંત, ચક્રવર્તી, બલદેવ, વાસુદેવ (તથા) નરક–નૈરયિક, તિર્યંચયોનિક–તિર્યંચયોનિની, માતા–પિતા, ઋષિ, દેવો–દેવલોકો, સિદ્ધિ–સિદ્ધો, પરિનિર્વાણ–પરિનિવૃત્ત આ બધાનું અસ્તિત્વ છે. પ્રાણાતિપાત, મૃષાવાદ,અદત્તાદાન, મૈથુન, પરિગ્રહ છે. ક્રોધ, માન, માયા, લોભ યાવત્ મિથ્યાદર્શનશલ્ય છે.

સૂત્ર–૩૪ (અધૂરેથી...)

પ્રાણાતિપાત વિરમણ, મૃષાવાદ વિરમણ, અદત્તાદાન વિરમણ, મૈથુન વિરમણ, પરિગ્રહ વિરમણ યાવત્ મિથ્યા–દર્શનશલ્ય વિવેક છે. સર્વે અસ્તિભાવ છે, તેમ કહેવાય છે, સર્વે નાસ્તિભાવ નથી તેમ કહેવાય છે.

સુચિર્ણ કર્મો સુચિર્ણ ફળવાળા થાય છે, દુશ્ચિર્ણ કર્મો દુશ્ચિર્ણ ફળવાળા થાય છે. જીવ પુણ્ય–પાપનો સ્પર્શ કરે છે – બંધ કરે છે, જીવ ઉત્પન્ન થાય છે. પુન્ય–પાપ ફળ દેનાર છે.

બીજી રીતે ધર્મ કહે છે – **આ નિર્ગ્રન્થ પ્રવચન સત્ય**(ભવ્ય જીવોને હિતકાર)**, અનુત્તર**(સર્વોત્તમ)**, કેવલિય** (અદ્વિતીય)**, સંશુદ્ધ**(સર્વથા નિર્દોષ)**, પ્રતિપૂર્ણ, નૈયાયિક**(ન્યાય યુક્ત)**, શલ્યકર્તન**(માયા આદિ શલ્યોને કાપનાર)**, સિદ્ધિનો માર્ગ, મુક્તિનો માર્ગ), નિર્વાણનો માર્ગ**(સમસ્ત કર્મક્ષયથી ઉત્પન્ન પારમાર્થિક સુખનો માર્ગ)**, નિર્યાણનો માર્ગ** (અપુનરાગમન રૂપ સ્થાન પ્રાપ્તિનો માર્ગ)**, અવિતથ**(વાસ્તવિક અર્થનું પ્રતિપાદન કરનાર)**, અવિસંધિ, સર્વ દુઃખનો પ્રક્ષિણમાર્ગ છે, આમાં સ્થિત જીવો સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત અને સર્વે દુઃખોના અંતકર થાય છે.**

સૂત્ર–૩૪ (અધૂરેથી...)

એકાર્ચ્ચા(એકાવતારી) એવા ભદંત પૂર્વકર્મો બાકી રહેતા, કોઈ એક દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં મહર્દ્ધિક યાવત્ મહાસૌખ્ય, દૂરગતિક, ચિરસ્થિતિક દેવલોકમાં જાય છે. તે ત્યાં મહર્દ્ધિક યાવત્ ચિરસ્થિતિક દેવ થાય છે. તે હાર વડે શોભતા વક્ષઃસ્થળવાળો યાવત્ પ્રભાસિત કરતા, કલ્પોપગ, ગતિકલ્યાણા, આગમેષિભદ્ર યાવત્ પ્રતિરૂપ થાય છે. ભગવન્ આગળ કહે છે – એ પ્રમાણે ...

જીવ ચાર સ્થાને **નૈરયિકપણાનું કર્મ** બાંધે છે, કર્મ બાંધીને નૈરયિકમાં ઉત્પન્ન થાય છે. તે આ – **મહારંભતા, મહાપરિગ્રહતા, પંચેન્દ્રિય વધ અને માંસાહાર વડે.**

આ આલાવા વડે તિર્યંચયોનિકમાં માયાપૂર્વકની નિકૃતિ, અલિકવચન, ઉત્કંચનતા, વંચનતાથી ઉત્પન્ન થાય.

મનુષ્યમાં પ્રકૃતિભદ્રતા, પ્રકૃતિ વિનિતતા, સાનુક્રોશતા અને અમાત્સર્યથી ઉત્પન્ન થાય છે.

દેવમાં સરાગ સંયમ, સંયમાસંયમ, અકામ નિર્જરા અને બાળતપોકર્મથી ઉત્પન્ન થાય છે તે કહે છે –

સૂત્ર–૩૫ થી ૩૯

**૩૫.** જે નરકમાં જાય છે, તે ત્યાં નૈરયિકો જેવી વેદના પામે છે. તિર્યંચયોનિકમાં શારીરિક–માનસિક દુઃખ પામે છે.

**૩૬.** મનુષ્યજીવન અનિત્ય છે. વ્યાધિ–જરા–મરણ–વેદના પ્રચૂર છે. દેવલોકમાં દેવઋદ્ધિ અને દેવસૌખ્ય પામે છે.

**૩૭.** ભગવંતે નરક, તિર્યંચયોનિ, માનુષભાવ, દેવલોક તથા સિદ્ધ, સિદ્ધાવસ્થા અને છ જીવનિકાયનું કથન કરેલ છે.

**૩૮.** જે રીતે જીવ બંધાય છે, મૂકાય છે અને પરિક્લેશ પામે છે. કેટલાક અપ્રતિબદ્ધ જીવો જે રીતે દુઃખોનો અંત કરે છે.

૩૯. પીડા અને આકુળતાપૂર્ણ ચિત્તવાળા જીવ દુઃખસાગરને પામે છે, જે રીતે વૈરાગ્ય પામેલ જીવ કર્મદળનો ધ્વંસ કરે છે.

સૂત્ર–૪૦ (અધૂરું...)

રાગથી કરેલા કર્મોના ફળ વિપાક પાપપૂર્ણ હોય છે, જ્યારે કર્મથી સર્વથા રહિત સિદ્ધો સિદ્ધાલયને પામે છે.

ભગવંતે ધર્મ બે ભેદે કહ્યો છે, તે આ – અગાર ધર્મ અને અણગાર ધર્મ.

અણગાર ધર્મમાં નિશ્ચે સર્વતઃ સર્વાત્મભાવથી મુંડ થઈને, ગૃહવાસ છોડીને અનગારપણામાં પ્રવ્રજિત થાય છે, સર્વથા પ્રાણાતિપાત–મૃષાવાદ–અદત્તાદાન–મૈથુન પરિગ્રહથી તેમજ રાત્રિભોજનથી વિરત થાય છે.

હે આયુષ્યમાન્ ! આ અણગાર સામયિક ધર્મ કહ્યો છે. આ ધર્મની શિક્ષામાં ઉપસ્થિત, વિચરતા નિર્ગ્રન્થ કે નિર્ગ્રન્થી આજ્ઞાના આરાધક થાય છે.

સૂત્ર–૪૦ (અધૂરેથી...)

અગાર ધર્મ બાર ભેદે કહ્યો છે, તે આ – પાંચ અણુવ્રતો, ત્રણ ગુણવ્રતો, ચાર શિક્ષાવ્રત. પાંચ અણુવ્રત આ છે – સ્થૂળ પ્રાણાતિપાત વિરમણ, સ્થૂળ મૃષાવાદ વિરમણ, સ્થૂળ અદત્તાદાન વિરમણ, સ્વદારા સંતોષ, ઈચ્છા પરિમાણ. ત્રણ ગુણવ્રતો – અનર્થદંડ વિરમણ, દિક્વ્રત, ઉપભોગ પરિભોગ પરિમાણ(**નોંધ કરો– અહીં ગુણવ્રતનો ક્રમ, પ્રસિદ્ધ ક્રમથી અલગ છે**) ચાર શિક્ષાવ્રત. સામાયિક, દેશાવકાસિક, પૌષધોપવાસ, અતિથી સંયતનો વિભાગ. અપશ્ચિમ મારણાંતિક સંલેખના–જૂષણા–આરાધના. હે આયુષ્યમાન્! આ અગાર–સામયિક ધર્મ કહ્યો.

ધર્મ શિક્ષા માટે ઉપસ્થિત શ્રાવક કે શ્રાવિકા આજ્ઞાથી વિચરતા આરાધક થયા છે.

સૂત્ર–૪૧ થી ૪૩

**૪૧.** ત્યારે તે મહા–મોટી મનુષ્યપર્ષદા, શ્રમણ ભગવંત મહાવીર પાસે ધર્મ સાંભળી, સમજીને હૃષ્ટ–તુષ્ટ યાવત્ પ્રસન્નહૃદયી થઈ ઉત્થાનથી ઉઠે છે, ઉત્થાનથી ઉઠીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન–નમન કરે છે, કરીને કેટલાક મુંડ થઈને ઘરથી નીકળી અણગારિક પ્રવ્રજ્યા લીધી. કેટલાક પાંચ અણુવ્રત, સાત શિક્ષાવ્રતરૂપ બાર ભેદે ગૃહીધર્મ સ્વીકાર્યો. બાકીની પર્ષદા ભગવન્ મહાવીરને વંદન–નમન કરીને કહે છે – ભગવન્ ! **આપે નિર્ગ્રન્થ પ્રવચન સારી રીતે કહ્યું એ પ્રમાણે સુપ્રજ્ઞપ્ત, સુભાષિત, સુવિનિત, સુભાવિત છે. ભગવન્ ! નિર્ગ્રન્થ પ્રવચન અનુત્તર છે.**

ભગવન્ ! **આપે ધર્મને કહેતા, ઉપશમને કહ્યો છે. ઉપશમને કહેતા વિવેકને કહ્યો છે, વિવેકને કહેતા વિરમણને**

**કહ્યું છે – વિરમણને કહેતા પાપકર્મને ન કરવાનું કહ્યું.** બીજા કોઈ શ્રમણ કે બ્રાહ્મણ નથી કે જે આવા પ્રકારનો ધર્મ કહી શકે. આનાથી શ્રેષ્ઠ ધર્મોપદેશની વાત જ ક્યાં ? આમ કહી જ્યાંથી આવેલ તે દિશામાં પાછા ગયા.

**૭૨.** ત્યારપછી ભંભસારપુત્ર કૂણિક રાજા, શ્રમણ ભગવંત મહાવીરની પાસે ધર્મ સાંભળી, સમજી, હૃષ્ટ–તુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈ ઉત્થાનથી ઉત્થિત થયો, ઉત્થાનથી ઉઠીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન–નમન કરે છે, કરીને આમ કહ્યું –

ભગવન્! આપે નિર્ગ્રન્થ પ્રવચન સારી રીતે કહ્યું યાવત્ આનાથી શ્રેષ્ઠ બીજું શું હોઈ શકે ? એમ કહીને જ્યાંથી આવેલ, તે દિશામાં પાછો ગયો.

**૭૩.** ત્યારપછી તે સુભદ્રા આદિ રાણીએ શ્રમણ ભગવંત મહાવીરની પાસે ધર્મ સાંભળી, સમજી, હૃષ્ટ–તુષ્ટ યાવત્ પ્રસન્ન હૃદયી થઈને ઉત્થાનથી ઉઠીને શ્રમણ ભગવંત મહાવીરને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરીને, વંદન–નમન કરે છે, કરીને આમ કહ્યું –

ભગવન્ ! આપે નિર્ગ્રન્થ પ્રવચન સારી રીતે કહ્યું યાવત્ આનાથી શ્રેષ્ઠ બીજું શું હોઈ શકે ? એમ કહીને જે દિશામાંથી આવેલ, તે જ દિશામાં પાછી ગઈ. સમોસરણ પૂર્ણ.

"સમવસરણ વર્ણન"નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ

# ઉપપાત વર્ણન

સૂત્ર–૪૪ (અધૂરું...)

તે કાળે, તે સમયે શ્રમણ ભગવંત મહાવીરના મોટા શિષ્ય ઇન્દ્રભૂતિ અણગાર, જે ગૌતમ ગોત્રના, સાત હાથ ઊંચા, સમચતુરસ્ર સંસ્થાન સંસ્થિત, વજ્રઋષભનારાચ સંઘયણી, કસોટી ઉપર ખચિત સ્વર્ણરેખાની આભા સહિત કમળ સમાન ગૌરવર્ણી હતા. તેઓ ઉગ્રતપસ્વી, દીપ્તતપસ્વી, તપ્તતપસ્વી, મહાતપસ્વી અને ઘોરતપસ્વી હતા. તેઓ (પ્રધાન તપ કરતા હોવાથી)ઉદાર, (પરિષહ અને ઈન્દ્રિયવિજેતા હોવાથી)ઘોર, (બીજા વડે જેનું આચરણ દુષ્કર છે તેવા મૂળગુણ આદિ હોવાથી)ઘોર ગુણવાળા, (ઘોર તપ વડે નિરંતર યુક્ત હોવાથી)ઘોર તપવાળા, (દારુણ અને અલ્પ સત્વવાળાને આચરણ કરવું દુષ્કર હોવાથી) ઘોર બ્રહ્મચર્યવાસી, (શરીર સંસ્કારના ત્યાગ દ્વારા શરીરનો ત્યાગ કર્યો હોવાથી)ઉત્ક્ષિપ્ત શરીરી, સંક્ષિપ્ત(શરીરમાં લીન)–વિપુલ(અનેક યોજન પ્રમાણ ક્ષેત્ર આશ્રિત વસ્તુને બાળવામાં સમર્થ) તેજોલેશ્યાવાળા હતા.

ભગવંત મહાવીરની કંઈક સમીપ ઉર્ધ્વજાનૂ(ઉત્કુટુક આસને રહેલ), અધોશિર(મસ્તક નમાવીને) થઈ ધ્યાનરૂપી કોઠામાં(ધર્મધ્યાનરુપી કોઠો, તેમાં) ઉપગત(પ્રવેશીને) થઈ, સંયમ(ઇન્દ્રિય અને મનને સંવરીને) અને તપથી આત્માને ભાવતા રહેલા હતા.

સૂત્ર–૪૪ (અધૂરેથી...)

ત્યારે તે ગૌતમસ્વામી જાતશ્રદ્ધ(પ્રવૃત્ત ઇચ્છાવાળા), જાતસંશય(જેને સંશય થયો છે તેવા), જાતકુતૂહલ (જેને કૌતુક થયું છે તેવા)તથા ઉત્પન્ન(અર્થાત પહેલા ઉત્પન્ન ન થયેલ, પણ હવે ઉત્પન્ન થયેલ છે તે) શ્રદ્ધ, ઉત્પન્ન સંશય, ઉત્પન્ન કુતૂહલ અને સંજાત(અર્થાત વિશેષ પ્રકારે જન્મેલ)શ્રદ્ધ, સંજાત સંશય, સંજાત કુતૂહલ, તેમજ સમુત્પન્ન(નિશ્ચય કરવાની બુદ્ધિથી સમ્યક પ્રકારે ઉત્પન્ન) શ્રદ્ધા, સમુત્પન્ન સંશય, સમુત્પન્ન કુતૂહલ થઈ ઉત્થાનથી ઉઠે છે,

**(વૃત્તિકાર શ્રી અભયદેવસુરિજી કહે છે કે– અહી જાત, ઉત્પન્ન, સંજાત અને સમુત્પન્ન એ ચાર શબ્દોને અવગ્રહ, ઈહા, અપાય અને ધારણા એ ચાર ભેદથી સમજવા)**

પછી ગૌતમસ્વામી ઉઠીને શ્રમણ ભગવંત મહાવીર પાસે આવે છે, આવીને ભગવંતને ત્રણ વખત આદક્ષિણ–પ્રદક્ષિણા કરે છે, કરીને વંદન–નમન કરે છે, કરીને બહુ નિકટ નહીં – બહુ દૂર નહીં, તે રીતે સુશ્રૂષા કરતા(શ્રવણની ઈચ્છા કરતા), નમસ્કાર કરતા, ભગવંતની અભિમુખ રહી વિનયથી અંજલિ જોડી પર્યુપાસના કરતા આમ કહ્યું –

સૂત્ર–૪૪ (અધૂરેથી...)

ભગવન્ ! તે જીવ, જે અસંયત(સાવદ્ય અનુષ્ઠાન તત્પર), અવિરત(હિંસા આદિ પાપ પ્રવૃત્તિથી ન અટકેલ), અપ્રતિહત અપ્રત્યાખ્યાત પાપકર્મી(અર્થાત ભૂતકાલીન પાપકર્મોની નિંદા અને ભાવિ પાપકર્મોનો પચ્ચક્ખાણપૂર્વક ત્યાગ કર્યો નથી તે), સક્રિય(કાયિકી આદિ ક્રિયા સહીત), અસંવૃત્ત(સંવર ન કરેલ), એકાંતદંડ(પોતાને અને બીજાને પાપ દંડથી દંડિત કરનાર), એકાંત બાલ(અજ્ઞાની), એકાંત સુપ્ત(અજ્ઞાનરૂપી ગાઢ નિદ્રામાં સુતેલ) છે તે પાપકર્મથી લિપ્ત થાય છે ?

હા, ગૌતમ ! તે લિપ્ત થાય છે.

ભગવન્ ! તે જીવ, જે અસંયત, અવિરત, અપ્રતિહત પ્રત્યાખ્યાન, પાપકર્મી, સક્રિય, અસંવૃત્ત, એકાંતદંડ, એકાંત બાલ, એકાંતસુપ્ત છે તે મોહનીય પાપકર્મથી લિપ્ત થાય છે ? હા, ગૌતમ ! તે લિપ્ત થાય છે.

ભગવન્ ! જીવ મોહનીય કર્મને વેદતા, શું મોહનીયકર્મ બાંધે છે ? વેદનીય કર્મ બાંધે છે ?

ગૌતમ ! તે મોહનીય કર્મ બાંધે અને વેદનીયકર્મ પણ બાંધે. માત્ર ચરમ મોહનીય કર્મ વેદતા (સૂક્ષ્મ સંપરાય નામના દશમા ગુણઠાણાને અંતે) વેદનીય કર્મ બાંધે પણ મોહનીય કર્મ ન બાંધે.

ભગવન્ ! તે જીવ, જે અસંયત, અવિરત, અપ્રતિહત પ્રત્યાખ્યાન, પાપકર્મી, સક્રિય, અસંવૃત્ત, એકાંતદંડ, એકાંત બાલ, એકાંત સુપ્ત, અવસન્ન ત્રસ–પ્રાણ ઘાતી, કાળમાસે કરીને નરકમાં ઉત્પન્ન થાય ? હા, ગૌતમ ! થાય.

ભગવન્ ! તે જીવ જે અસંયત, અવિરત, અપ્રતિહત પ્રત્યાખ્યાન, પાપકર્મી છે, તે અહીંથી મરીને ભાવિમાં દેવ થાય ? હે ગૌતમ ! કેટલાંક દેવ થાય, કેટલાંક દેવ ન થાય.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે કેટલાંક દેવ થાય અને કેટલાંક દેવ ન થાય ? ગૌતમ ! જે આ જીવો ગામ, આકર, નગર, નિગમ, રાજધાની, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંબાહ, સન્નિવેશમાં અકામતૃષ્ણા–ક્ષુધા–બ્રહ્મચર્યવાસથી, અકામ અસ્નાન–શીત–આતપ–ડાંસ–મસગ–શ્વેદ–જલ્લ–મલ્લ–પંક–પરિતાપથી થોડા કે વધુ કાળ માટે આત્માને પરિક્લેશ આપે છે, આપીને કાળમાસે કાળ કરીને કોઈ વ્યંતર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે, ત્યાં તેમની ગતિ, ત્યાં તેમની સ્થિતિ, ત્યાં તેમનો ઉપપાત કહ્યો છે.

**સૂત્ર–૪૪ (અધૂરેથી...)**

ભગવન્ ! તે દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ ! દશ હજાર વર્ષની છે. ભગવન્ ! શું તે દેવોની ઋદ્ધિ, દ્યુતિ, યશ, બલ, વીર્ય કે પુરુષાકાર પરાક્રમ હોય છે ? હા, ગૌતમ ! હોય છે.

ભગવન્ ! શું તે દેવો પરલોકના આરાધક હોય છે ? ના, ગૌતમ ! તે અર્થ સમર્થ નથી.

જે આ ગામ, નગર, નિગમ, રાજધાની, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંબાધ, સંનિવેશમાં મનુષ્યો હોય છે, જેવા કે – અંડુ બદ્ધક, નીગલબદ્ધક, હડિબદ્ધક, ચારગબદ્ધક, હાથ–પગ–કાન–નાક–હોઠ–જીભ–મસ્તક–મુખ –મધ્ય કે વૈકક્ષ છેદાયેલા એવા, હૃદય–નયન–દાંત કે વૃષભ ઉત્પાદિત કરાયા હોય, ગરદન છેદાયેલ હોય, તંદુલવત્ છેદાયેલા હોય, ટૂકડા કરીને માંસ ખવડાવાતું હોય, કૂવા આદિમાં લટકાવેલા, વૃક્ષે લટકાવેલા હોય, પથ્થરાદિએ ઘસેલા, ધોલણ કરાયેલા, ફાડી નાંખેલા, પીલાયેલા, શૂળે પરોવાયેલા, શૂળથી ભેદેલા હોય, ખારવર્તિક, વધ્યવર્તિક, જનનેન્દ્રિય કાપેલ, દવાગ્નિમાં બાળેલ, કાદવમાં ડૂબેલ, કાદવમાં ખૂંચેલ હોય, વલય–વશાર્ત્ત–નિદાન કે અંતોશલ્યથી મરનારા હોય, પર્વત–વૃક્ષ કે મરુ ભૂમિમાં પડીને મરનારા હોય, પર્વત–વૃક્ષ કે મરુભૂમિના પડખાથી પોતાને આંદોલિત કરનારા, પાણી કે અગ્નિમાં પ્રવેશ કરનારા, વિષભક્ષણ કરનારા, શસ્ત્ર વડે ઉત્પાટિક, વૈહાનસિક, ગૃદ્ધસ્પૃષ્ટિક, કાંતારમૃતક, દુર્ભિક્ષ મૃતક, અસંક્લિષ્ટ પરિણામવાળા હોય,

તેઓ કાળમાસે કાળ કરીને કોઈ વ્યંતર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે, ત્યાં તેમની ગતિ–સ્થિતિ–ઉપપાત કહ્યો છે.

ભગવન્ ! તે દેવની કેટલી કાળ–સ્થિતિ કહી છે ? ગૌતમ ! ૧૨,૦૦૦ વર્ષની સ્થિતિ છે. ભગવન્ ! તે દેવોની ઋદ્ધિ, દ્યુતિ, યશ, બલ, વીર્ય, પુરુષકાર પરાક્રમ હોય છે? હા, છે.

ભગવન્ ! તે દેવો પરલોકના આરાધક હોય છે ? ના, તે અર્થ સમર્થ નથી.

**સૂત્ર–૪૪ (અધૂરેથી...)**

તે જે આ ગામ, આકર, નગર, નિગમ, રાજધાની, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંબાહ, સંનિવેશમાં મનુષ્યો હોય છે, તે જેમ કે – પ્રકૃતિભદ્રક, પ્રકૃતિઉપશાંતક, પ્રકૃતિપ્રતનું ક્રોધ–માન–માયા–લોભ, મૃદુ માર્દવ–સંપન્ન, આલીન, વિનીત, માતા–પિતાની સેવા કરનારા, માતા–પિતાના વચનોનું અતિક્રમણ ન કરનારા, અલ્પેચ્છા, અલ્પારંભ, અલ્પપરિગ્રહ, અલ્પ આરંભ વડે, અલ્પ સમારંભ વડે, અલ્પ આરંભસમારંભ વડે આજીવિકાને કરતા, ઘણા વર્ષો આયુષ્ય પાળે છે. પાળીને કાળમાસે કાળ કરીને કોઈ એક વ્યંતર દેવલોકમાં દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં જ તેમની ગતિ, તેમની સ્થિતિ, તેમનો ઉપપાત કહ્યો છે.

ભગવન્ ! તે દેવોની કેટલા કાળની સ્થિતિ કહી છે ? ગૌતમ! ચૌદ હજાર વર્ષની સ્થિતિ છે.

સૂત્ર–૪૪ (અધૂરેથી...)

તે જે આ ગામ, આકર, નગર, નિગમ, રાજધાની, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંબાહ, સંનિવેશોમાં જે સ્ત્રીઓ હોય છે તે આ રીતે– અંતઃપુરની અંદર રહેનારી, પતિ પરદેશ ગયો હોય, મૃતપતિકા, બાળ–વિધવા, પતિ દ્વારા પરિત્યક્ત, માતૃરક્ષિતા, પિતૃરક્ષિતા, ભ્રાતૃરક્ષિતા, કુલગૃહરક્ષિતા, શ્વશૂર કુળ રક્ષિતા, સંસ્કારના અભાવે જેના નખ, માંસ, કેશ, કક્ષાના વાળ વધી ગયા હોય, પુષ્પ–ગંધ–માળા–અલંકાર રહિત હોય, જે અસ્નાન, શ્વેદ, જલ્લ, મલ, પંકથી પરિતાપિત હોય, જે દૂધ–દહીં–માખણ–ઘી–તેલ–ગોળ–નમક–મધુ–મદ્ય–માંસરહિત આહાર કરતી હોય, જે અલ્પેચ્છા, અલ્પારંભી, અલ્પ પરિગ્રહી હોય, જે અલ્પ આરંભ, અલ્પ સમારંભ, અલ્પ આરંભસમારંભ વડે આજીવિકા ચલાવતી હોય, અકામ બ્રહ્મચર્યવાસ વડે તે પતિ–શય્યા અતિક્રમતી ન હોય, તેવી સ્ત્રીઓ આવા સ્વરૂપના વિહારથી વિચરતી ઘણા વર્ષો આયુ ભોગવી ઈત્યાદિ પૂર્વવત્ યાવત્ તેઓની વ્યંતર દેવ–દેવીમાં ૬૪,૦૦૦ વર્ષની સ્થિતિ કહી છે.

સૂત્ર–૪૪ (અધૂરેથી...)

તે જે આ ગામ, આકર, નગર, નિગમ, રાજધાની, ખેડ, કર્બટ, મડંબ, દ્રોણમુખ, પાટણ, આશ્રમ, સંબાહ, સંનિવેશોમાં મનુષ્યો હોય છે. તે આ પ્રમાણે – બીજું જળ (ભાત અને પાણી), ત્રીજું જળ, સાતમું જળ, અગિયારમું જળ, ગોતમ, ગોવ્રતીક, ગૃહીધર્મા, ધર્મચિંતક, અવિરુદ્ધ–વિરુદ્ધ–વૃદ્ધ–શ્રાવક વગેરે, તે મનુષ્યોને આ નવ રસવિગઈનો આહાર કરવો કલ્પતો નથી. તે આ પ્રમાણે – દહીં, માખણ, ઘી, તેલ, ગોળ, મધુ, મદ્ય, માંસ. એક સરસવ વિગઈ સિવાય બીજી કોઈ વિગઈનું સેવન ન કરે. તે મનુષ્યો અલ્પેચ્છા ઈત્યાદિ હોય તો પૂર્વવત્ વ્યન્તરમાં ઉત્પન્ન થાય. તેઓની માત્ર ૮૪,૦૦૦ વર્ષની સ્થિતિ કહી છે.

સૂત્ર–૪૪ (અધૂરેથી...)

તે જે આ ગંગાકૂલકા વાનપ્રસ્થ તાપસો હોય છે. તે આ પ્રમાણે – હોતૃક, પોતૃક, કોતૃક, યાજ્ઞિક, શ્રાદ્ધકી, ઘાલકી, હંબઉટ્ઠ–કુંડી ધારણ કરનાર, દંતુકખલિક–ફલભોજી, ઉન્મજ્જક, સંમાર્જક, નિમજ્જક, સંપ્રક્ષાલા, દક્ષિણકૂલક, ઉત્તર કૂલક, શંખધમક, કૂલધમક, મૃગ લુબ્ધક, હસ્તિતાપસ, ઉદ્દંડક, દિશાપ્રોક્ષી, વલ્કવાસી, અંબુવાસી, બિલવાસી, જલવાસી, વેલવાસી, વૃક્ષમૂલિક, અંબુભક્ષી, વાયુભક્ષી, સેવાલભક્ષી, મૂલાહારી, કંદાહારી, ત્વચાહારી, પત્રાહારી, પુષ્પાહારી, બીજા હારી, પરિસડિત કંદ–મૂલ–ત્વચા–પત્ર–પુષ્પ–ફળાહારી, જલાભિષેક કઠિનગાત્રભૂત, પંચાગ્નિ તાપ વડે આતાપના લેનાર, અંગારામાં પકાવેલ, ભાડમાં ભૂંજેલ, પોતાના દેહને અંગારામાં પાકી હોય તેવી કરતા, ઘણા વર્ષો તાપસ પર્યાય પાળે છે, પાળીને કાળમાસે કાળ કરીને ઉત્કૃષ્ટથી જ્યોતિષ્ક દેવોમાં દેવપણે ઉત્પન્ન થાય છે. પલ્યોપમ અને લાખ વર્ષ અધિકની સ્થિતિ હોય છે.

એઓ ત્યાં આરાધક થાય ? ના, ગૌતમ ! તે અર્થ સમર્થ નથી.

સૂત્ર–૪૪ થી ૪૮

**૪૪–અધૂરેથી...** તે જે આ ગામ યાવત્ સંનિવેશાં દીક્ષા લઈને શ્રમણો થાય છે. જેમ કે – કંદર્પિક, કૌકુત્ચિક, મૌખરિક, ગીતરતિપ્રિય, નર્તનશીલ, તેઓ આ વિહારથી વિચરતા ઘણા વર્ષો શ્રામણ્યપર્યાય પાળે છે. પાળીને તે સ્થાનની આલોચના અને પ્રતિક્રમણ કર્યા વિના કાળમાસે કાળ કરીને, ઉત્કૃષ્ટથી સૌધર્મકલ્પમાં કંદર્પિક દેવોમાં દેવપણે ઉત્પન્ન ઉત્પ્ર થાય છે. ત્યાં જ તેમની ગતિ–સ્થિતિ–ઉપપાત હોય છે. વિશેષ એ કે ૧ લાખ વર્ષ અધિક એક પલ્યોપમની સ્થિતિ હોય છે.

તે જે આ ગામ યાવત્ સંનિવેશમાં પરિવ્રાજકો હોય છે. જેમ કે – સાંખ્ય, યોગી, કપિલ, ભાર્ગવ, હંસ, પરમહંસ, બહૂદક, કુટીચર, કૃષ્ણ પરિવ્રાજકો હોય છે. તેમાં આ આઠ બ્રાહ્મણ પરિવ્રાજકો કહ્યા છે –

૪૫. કૃષ્ણ, કરંડક, અંબડ, પરાસર, કર્ણ, દ્વીપાયન, દેવગુપ્ત અને નારદ.

૪૬. તેમાં નિશ્ચે આ આઠ ક્ષત્રિય પરિવ્રાજકો હોય છે.

૪૭. તે આ – શીલધી, શશિધર, નગ્નક, ભગ્નક, વિદેહ, રાજારાજ, રાજારામ, બલ.

૪૮. તે પરિવ્રાજકો ઋગ્વેદ, યજુર્વેદ, સામવેદ, અથર્વવેદ, પાંચમો ઈતિહાસ, છટ્ઠુ–નિગ્ઘંટ તે છને સાંગોપાંગ, સરહસ્ય ચારે વેદના સ્મારક, પારગ, ધાર, વારક, ષડ્ અંગવિદ, ષષ્ઠિતંત્ર વિશારદ, સંખ્યાન, શિક્ષાકલ્પ, વ્યાકરણ, છંદ, નિરુક્ત, જ્યોતિષ શાસ્ત્ર તથા અન્ય બ્રાહ્મણ શાસ્ત્રોમાં સુપરિનિષ્ઠિત હોય છે.

તે પરિવ્રાજકો દાનધર્મ, શૌચધર્મ, તિર્થાભિષેકનું આખ્યાન કરતા, પ્રજ્ઞાપના કરતા, પ્રરૂપણા કરતા વિચરે છે. તેમના મતે જે કોઈ અશુચી થાય છે, તે જળ અને માટી વડે પ્રક્ષાલિત કરતા શુચિ–પવિત્ર થાય છે. એ પ્રમાણે અમે ચોક્ખા–ચોક્ખા આચારવાળા, શુચિ–શુચિ સમાચારવાળા થઈને અભિષેકજળ દ્વારા અમને પોતાને પવિત્ર કરી નિર્વિઘ્ને સ્વર્ગે જઈશું.

તે પરિવ્રાજકોને માર્ગે ચાલતા કૂવા, તળાવ, નદી, વાવડી, પુષ્કરિણી, દીર્ઘિકા, ગુંજાલિકા, સરોવર, સાગરમાં પ્રવેશવું કલ્પતુ નથી. ગાડા યાવત્ સ્યંદમાનિકામાં બેસીને જવાનુ કલ્પતુ નથી.

તે પરિવ્રાજકોને ઘોડા, હાથી, ઉંટ, બળદ, પાડા, ગધેડા ઉપર બેસીને જવું કલ્પતું નથી,

તે પરિવ્રાજકોને નટપ્રેક્ષા યાવત્ માગધપ્રેક્ષા જોવાનું કલ્પતુ નથી.

તે પરિવ્રાજકોને લીલી વનસ્પતિનો સ્પર્શ, ઘટ્ટન, સ્તંભન, લૂસણ, ઉત્પાટન કરવાનું કલ્પતુ નથી

તે પરિવ્રાજકોને સ્ત્રીકથા, ભોજનકથા, દેશકથા, રાજકથા, ચોરકથા રૂપ અનર્થદંડ કરવો કલ્પતો નથી.

તે પરિવ્રાજકોને લોહપાત્ર, રાંગપાત્ર, તંબપાત્ર, જસતપાત્ર, શીશાપાત્ર, રૂપ્યપાત્ર, સુવર્ણપાત્ર કે અન્ય કોઈ બહુમૂલ્ય (પાત્ર) ધારણ કરવું કલ્પતુ નથી. માત્ર તુંબપાત્ર, કાષ્ઠપાત્ર અને માટીપાત્ર કલ્પે છે.

તે પરિવ્રાજકોને લોહબંધન, રાંગબંધન, તંબ બંધન યાવત્ બહુમૂલ્ય (બંધન) ધારણ કરવુ કલ્પતુ નથી.

તે પરિવ્રાજકોને વિવિધ વર્ણરાગ રક્ત વસ્ત્રો ધારણ કરવા કલ્પતા નથી. માત્ર એક ધાતુરક્ત વસ્ત્ર કલ્પે.

તે પરિવ્રાજકને હાર, અર્ધહાર, એકાવલી, મુક્તાવલી, કનકાવલી, રત્નાવલી, મુરવી, કંઠમુરવી, પ્રાલંબ, ત્રિસરક, કટિસૂત્રક, દશમુદ્રિકાનંતક, કડક, ત્રુટિત, અંગદ, કેયૂર, કુંડલ, મુગટ, ચૂડામણિને ધારણ કરવા ન કલ્પે માત્ર તામ્રપવિત્રક કલ્પે.

તે પરિવ્રાજકને ગ્રંથિમ, વેષ્ટિમ, પૂરિમ, સંઘાતિમ ચાર પ્રકારની માળા ધારણ કરવી ન કલ્પે, માત્ર એક કર્ણપૂરક કલ્પે.

તે પરિવ્રાજકને અગલુ–ચંદન–કુંકુમ વડે શરીરને અનુલિંપન કરવું ન કલ્પે. માત્ર એક ગંગાની માટી વડે લેપન કલ્પે છે.

તેમને માગધ પ્રસ્થક જળ લેવું કલ્પે છે. તે પણ વહેતુ–ન વહેતુ નહીં, તે પણ સ્વચ્છ પણ કાદવવાળુ નહીં, તે પણ ઘણુ પ્રસન્ન–સાફ પણ ઘણું અપ્રસન્ન–ગંદુ નહીં. તે પણ ગાળેલું–ગાળ્યા વિનાનું નહીં. તે પણ દેવાયેલું–અદત્ત પાણી નહીં, તે પણ પીવાને માટે, હાથ–પગ–ચરુ–ચમસ–પ્રક્ષાલન કે ન્હાવા માટે નહીં.

તે પરિવ્રાજકોને માગધ તોલ મુજબ અર્ધ માઢક પ્રમાણ જળ લેવું કલ્પે છે, તે પણ વહેતુ–ન વહેતુ નહીં યાવત્ અદત્ત નહીં. તે પણ હાથ–પગ–ચરુ–ચમસ–પ્રક્ષાલનને માટે પીવા કે ન્હાવા માટે નહીં.

તે પરિવ્રાજકોને આવા પ્રકારના વિહારથી વિચરતા ઘણા વર્ષોનો પર્યાય પાળીને, કાળમાસે કાળ કરીને ઉત્કૃષ્ટથી બ્રહ્મલોક કલ્પે દેવપણે ઉપજે છે. ત્યાં જ તેમની ગતિ–સ્થિતિ છે. તે સ્થિતિ દશ સાગરોપમની કહી છે.

બાકી પૂર્વવત્ જાણવું.

સૂત્ર–૪૯

તે કાળે, તે સમયે(અવસર્પિણી કાળના ચોથા આરાના અંત ભાગમાં, ભગવંત મહાવીર વિચારતા હતા ત્યારે) અંબડ પરિવ્રાજકના ૭૦૦ શિષ્યો, ગ્રીષ્મકાળ સમયમાં જ્યેષ્ઠામૂળ મહિનામાં ગંગા મહાનદીના ઉભયકૂળથી કંપિલપુર નગરથી પુરિમતાલ નગરે વિહાર કરવા નીકળ્યા.

ત્યારે તે પરિવ્રાજકોને તે અગ્રામિક, છિન્નાવપાત, દીર્ઘમાર્ગી અટવીના કેટલાક દેશાંતર ગયા પછી, તે પૂર્વગૃહીત ઉદક અનુક્રમે પરિભોગવતા ક્ષીણ થયું. ત્યારે તે પરિવ્રાજકો ક્ષીણઉદક થતા તૃષ્ણા વડે પરાભાવિત થતા દૂર દૂર સુધી પાણીને દેનારાને ન જોતા, પરસ્પર બોલાવે છે, બોલાવીને આ પ્રમાણે કહ્યું –

હે દેવાનુપ્રિય! નિશ્ચે આપણે આ અગ્રામિક યાવત્ અટવીના કેટલાક દેશાંતરને પાર કરતા તે પાણી યાવત્ ક્ષીણ થયું છે. તો હે દેવાનુપ્રિયો ! એ શ્રેયસ્કર છે, આપણે આ અગ્રામિક યાવત્ અટવીમાં જળ દેનારાની ચોતરફ માર્ગણા–ગવેષણા કરીએ.

આ પ્રમાણે કહી એકબીજાની પાસે આ અર્થનો સ્વીકાર કરે છે, સ્વીકારીને તે અગ્રામિક યાવત્ અટવીમાં જળ દેનારાની ચારે દિશા–ચારે વિદિશામાં માર્ગણા–ગવેષણા કરે છે. કરીને પાણીને દેનાર ન મળતા, બીજી વખત એકબીજાને બોલાવે છે, બોલાવીને આમ કહ્યું –

હે દેવાનુપ્રિયો! **અહીં પાણી આપનારા નથી, તો આપણને અદત્ત ગ્રહણ કરવું કલ્પતુ નથી, અદત્તનું સેવન કલ્પતુ નથી, તો આપણે અહીં આપત્તિકાળમાં પણ અદત્ત ન સ્વીકારીએ,** અદત્ત ન સેવીએ, જેથી આપણે તપના લોપ કરનારા ન થઈએ.

તો હે દેવાનુપ્રિયો ! આપણે માટે શ્રેયસ્કર છે કે ત્રિદંડક, કુંડિકા, કંચનિકા, કરોટિકા, ભિસિકા, છન્નાલક, અંકુશક, કેસરિકા, પવિત્રક, ગણેત્રિકા, છત્રક, વાહન, પાદુકા, ધાતુરક્ત વસ્ત્રોને એકાંતમાં સંલેખના–ઝોસિત કરી, ભોજન–પાનના પ્રત્યાખ્યાન કરી પાદોપગત અનશન કરીને કાળની અપેક્ષા ન કરીએ.

આમ કરી એકબીજાને પાસે આ કથનનો સ્વીકાર કર્યો. સ્વીકાર કરીને ત્રિદંડક યાવત્ એકાંતમાં મૂકે છે. મૂકીને ગંગા મહાનદી અવગાહે છે, અવગાહીને રેતીના સંથારામાં સંથરે છે. રેતીના સંથારામાં આરૂઢ થાય છે, આરૂઢ થઈને પૂર્વાભિમુખ રહી પદ્માસને બેસીને બે હાથ જોડીને યાવત્ આ પ્રમાણે કહ્યું –

અરહંત યાવત્ નિર્વાણ સંપ્રાપ્તને નમસ્કાર થાઓ. શ્રમણ ભગવંત મહાવીર યાવત્ નિર્વાણપ્રાપ્તિની કામનાવાળાને નમસ્કાર થાઓ. અમારા ધર્માચાર્ય, ધર્મોપદેશક અંબડ પરિવ્રાજકને નમસ્કાર થાઓ. પૂર્વે પણ આપણે અંબડ પરિવ્રાજક પાસે સ્થૂળ પ્રાણાતિપાતના જાવજ્જીવ માટે પ્રત્યાખ્યાન કરેલ છે. મૃષાવાદના જાવજ્જીવ માટે પ્રત્યાખ્યાન કરેલ છે. અદત્તાદાનને જાવજ્જીવ માટે પ્રત્યાખ્યાન કરેલ છે. જાવજ્જીવ માટે સર્વે મૈથુનના પ્રત્યાખ્યાન કરેલ છે. સ્થૂળ પરિગ્રહના જાવજ્જીવ માટે પ્રત્યાખ્યાન કરેલ છે.

હવે આપણે શ્રમણ ભગવંત મહાવીરની પાસે જાવજ્જીવ માટે સર્વ પ્રાણાતિપાતના પચ્ચક્ખાણ કરીએ છીએ. સર્વ મૃષાવાદના પચ્ચક્ખાણ કરીએ છીએ. સર્વ અદત્તાદાનના પચ્ચક્ખાણ કરીએ છીએ. સર્વ મૈથુનના પચ્ચક્ખાણ કરીએ છીએ. સર્વ પરિગ્રહના પચ્ચક્ખાણ કરીએ છીએ.

સર્વે ક્રોધ–માન–માયા–લોભ–પેજ્જ (રાગ), દ્વેષ, કલહ, અભ્યાખ્યાન, પૈશુન્ય, પરપરિવાદ, અરતિરતિ, માયામૃષા, મિથ્યા–દર્શનશલ્યને ન કરવાના પચ્ચક્ખાણ કરીએ છીએ. જાવજ્જીવને માટે સર્વે અશન–પાન–ખાદિમ–સ્વાદિમ એ ચારે પ્રકારના આહારને જાવજ્જીવને માટે પચ્ચક્ખીએ છીએ.

જે આ શરીર, ઈષ્ટ–કાંત–પ્રિય–મનોજ્ઞ–મણામ–સ્થૈર્ય–વિશ્વાસ્ય–સંમત–બહુમત–અનુમ–ભાંડકરંડક સમાન છે, તેને શીત–ઉષ્ણ–ક્ષુધા–પીપાસા–વ્યાલ–ચોર–ડાંસ–મશગ કે વાતિક–પિત્તિક–સંનિપાતિક વિવિધ

રોગાંતકરૂપ પરીષહ–ઉપસર્ગો ન સ્પર્શે તેમ સાચવેલ છે, તેને પણ છેલ્લા શ્વાસોચ્છ્વાસે વોસીરાવીએ છીએ.

એમ કરી સંલેખના આરાધના કરતા, ભોજન–પાનનું પ્રત્યાખ્યાન કરી, પાદપોપગત અનશન કરી, કાળની અપેક્ષા ન કરતા વિચરે છે.

ત્યારે તે પરિવ્રાજકો ઘણા ભોજનને અનશન વડે છેદે છે, છેદીને, આલોચના–પ્રતિક્રમણ કરી, સમાધિ પામી, કાળ માસે કાળ કરીને બ્રહ્મલોક કલ્પમાં દેવપણે ઉત્પન્ન થયા. ત્યાં તેમની દશ સાગરોપમની સ્થિતિ કહી છે. તેઓ પરલોકના આરાધક છે. બાકી બધું પૂર્વવત્ છે.

સૂત્ર–૫૦

ભગવન્! ઘણા લોકો એકબીજાને એમ કહે છે, એમ ભાખે છે, એમ પ્રરૂપે છે કે નિશ્ચે અંબડ પરિવ્રાજક, કંપિલપુર નગરમાં સો ઘરોમાં આહાર કરે છે, સો ઘરોમાં વસતિ કરે છે. ભગવન્ ! તે કેવી રીતે ?

ગૌતમ! જે ઘણા લોકો એકબીજાને એમ કહે છે યાવત્ એમ પ્રરૂપે છે – નિશ્ચે અંબડ પરિવ્રાજક કંપિલપુરમાં યાવત્ સો ઘરોમાં વસતિ કરે છે. આ અર્થ સત્ય છે. ગૌતમ ! હું પણ એમ કહું છું યાવત્ પ્રરૂપું છું કે નિશ્ચે અંબડ પરિવ્રાજક યાવત્ સો ઘરોમાં વસતિ કરે છે.

ભગવન્ ! એમ કેમ કહ્યું કે – અંબડ પરિવ્રાજક યાવત્ સો ઘરોમાં વસતિ કરે છે ?

ગૌતમ ! અંબડ પરિવ્રાજકને પ્રકૃતિ–ભદ્રતાથી યાવત્ વિનીતપણાથી, નિરંતર છટ્ઠ–છટ્ઠના તપોકર્મ વડે, બાહુને ઉર્ધ્વ રાખીને, સૂર્યાભિમુખ થઈ આતાપના ભૂમિમાં આતાપના લેતા શુભ પરિણામથી, પ્રશસ્ત વિશુદ્ધ્યમાન લેશ્યાથી, અન્યદા કોઈ દિવસે તેના આવરક કર્મોના ક્ષયોપશમથી ઈહા–અપોહ–માર્ગણા–ગવેષણા કરતા વીર્યલબ્ધિ, વૈક્રિય લબ્ધિ અને અવધિજ્ઞાન લબ્ધિ સમુત્પન્ન થઈ છે. તેથી તે અંબડ પરિવ્રાજક તેવી વીર્યલબ્ધિ–વૈક્રિયલબ્ધિ–અવધિજ્ઞાન લબ્ધિ સમુત્પન્ન હોવાથી લોકોને વિસ્મય પમાડવાના હેતુથી કંપિલપુરના સો ઘરોમાં યાવત્ વસતિ કરે છે. તેથી હે ગૌતમ ! એમ કહ્યું કે – અંબડ પરિવ્રાજક કંપિલપુર નગરના સો ઘરોમાં યાવત્ વસે છે.

ભગવન્ ! અંબડ પરિવ્રાજક આપ દેવાનુપ્રિયની પાસે મુંડ થઈને, ઘરથી નીકળી અણગારિક પણે પ્રવ્રજિત થવા સમર્થ છે ? ના, આ અર્થ સંગત નથી. ગૌતમ! અંબડ પરિવ્રાજક શ્રાવક જીવાજીવનો જ્ઞાતા યાવત્ આત્માને ભાવિત કરતા વિચરે છે.

વિશેષ એ કે – (તેના ઘરના દરવાજાનો ભોગળીયો હંમેશા ઉંચો રહેતો, ઘરના દ્વાર ભિક્ષુકો માટે હંમેશા ખુલ્લા રહેતા અને રાજાના અંત:પૂરમાં કે બીજાના ઘરમાં પ્રવેશનો તેને ત્યાગ હતો.) આ ત્રણ વિશેષણ તેના માટે ન કહેવા કેમ કે આ ત્રણ વિશેષણ ગૃહસ્થ શ્રાવક માટે ઉપયુક્ત છે પણ અંબડ પરિવ્રાજક હતો અને પરિવ્રાજકપણામાં જ તેને શ્રાવકના વ્રત ધારણ કરેલા હતા.

અંબડ પરિવ્રાજકે સ્થૂળ પ્રાણાતિપાત યાવત્ પરિગ્રહનું જાવજ્જીવ માટે પ્રત્યાખ્યાન કરેલ છે. વિશેષ એ કે મૈથુનનું પચ્ચક્ખાણ જાવજ્જીવને માટે સર્વથા કરેલ છે. અંબડને માર્ગગમનથી અતિરિક્ત ગાડાની ધૂરિ પ્રમાણ જળમાં પણ શીઘ્રતાથી ઉતરવાનું કલ્પતુ નથી. અંબડને ગાડી આદિની સવારી કલ્પતી નથી, ઈત્યાદિ પૂર્વવત્ કહેવું યાવત્ ગંગાની માટીના લેપ સુધી બધું કહેવું.

અંબડ પરિવ્રાજકને આધાકર્મી, ઔદ્દેશિક, મિશ્રજાત, અધ્યવપૂરક, પૂતિકર્મ, ક્રીતકૃત્, પ્રામિત્ય, અનિસૃષ્ટ, અભ્યાહૃત, સ્થાપિત, રચિત, કાંતારભક્ત, દુર્ભિક્ષભક્ત, પ્રાહુણક ભક્ત, ગ્લાનભક્ત કે વર્દલિકાભક્ત, ભોજન–પાન કલ્પતા ન હતા.

અંબડ પરિવ્રાજકને મૂલભોજન યાવત્ બીજભોજન ખાવા–પીવા કલ્પતા ન હતા. અંબડ પરિવ્રાજકને ચતુર્વિધ અનર્થદંડના જાવજ્જીવને માટે પ્રત્યાખ્યાન હતા, તે આ પ્રમાણે – અપધ્યાનાચરિત, પ્રમાદાચરિત,

હિંસ્રપ્રદાન, પાપ કર્મોપદેશ. તેને માગધ અર્ધઆઢક જળ લેવું કલ્પતુ હતુ. તે પણ વહેતુ, ન વહેતુ નહીં યાવત્ તે પણ ગાળેલું–ગાળ્યા વિનાનું નહીં, તે પણ સાવદ્ય–નિરવદ્ય સમજીને નહીં, તે પણ સજીવ–અજીવ નહીં, તે પણ દત્ત–અદત્ત નહીં, તે પણ દાંત, હાથ, પગ, ચરુ, ચમસને ધોવાને માટે કે પીવાને માટે પણ સ્નાન માટે નહીં.

તેને માગધ આઢક જળ ગ્રહણ કરવું કલ્પે, તે પણ વહેતું યાવત્ દત્ત પણ અદત્ત નહીં, તે પણ ન્હાવા માટે, પણ હાથ–પગ–ચરુ–ચમસ ધોવા કે પીવાને માટે નહીં.

અંબડને અન્યતીર્થિક, તેના દેવ કે અન્યતીર્થિક પરિગૃહીત ચૈત્યને વંદન–નમન યાવત્ પર્યુપાસવા કલ્પતા નથી. સિવાય કે અર્હત્ અને અર્હત્ ચૈત્ય.

ભગવન્ ! અંબડ કાળમાસે કાળ કરીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? ગૌતમ ! તે ઉચ્ચાવચ્ચ શીલ–વ્રત–ગુણ–વેરમણ–પ્રત્યાખ્યાન–પૌષધોપવાસ વડે આત્માને ભાવિત કરતા ઘણા વર્ષો શ્રમણોપાસક પર્યાય પાળે છે, પાળીને માસિકી સંલેખનાથી આત્માને આરાધી, સાંઈઠ ભક્તોને અનશનથી છેદીને, આલોચના–પ્રતિક્રમણ કરીને સમાધિ પ્રાપ્ત થઈ, કાળમાસે કાળ કરી, બ્રહ્મલોકે દેવપણે ઉત્પન્ન થશે.

ત્યાં કેટલાક દેવોની દશ સાગરોપમ સ્થિતિ કહી છે. ત્યાં અંબડ દેવની પણ આ સ્થિતિ થશે.

ત્યાંથી આયુ–ભવ–સ્થિતિ ક્ષય કરી પછી ચ્યવીને ક્યાં જશે ? ક્યાં ઉપજશે ? ગૌતમ ! મહાવિદેહ વાસમાં જે કુળ આઢ્ય, દીપ્ત, વિત્ત, વિસ્તીર્ણ–વિપુલ–ભવન–શયન–આસન–યાન–વાહનવાળા કુળો છે, જેમાં બહુ ધન–જાત્યરૂપ–રજત આદિ છે, આયોગ–પ્રયોગ સંપ્રયુક્ત છે, વિચ્છર્દિત–પ્રચૂર–ભોજન પાન છે, ઘણા દાસ–દાસી–ગાય–ભેંસ–ઘેટા આદિ છે, ઘણા લોકો અપરિભૂત છે, તેવા પ્રકારના કુળોમાં પુત્રપણે ઉપજશે.

ત્યારપછી તે બાળક ગર્ભમાં આવ્યા પછી માતા–પિતા ધર્મમાં દઢ પ્રતિજ્ઞાવાળા થશે. તે ત્યાં નવ માસ પ્રતિપૂર્ણ અને સાડાસાત અહોરાત્ર વીત્યા પછી સુકુમાલ હાથ–પગવાળો યાવત્ શશિ–સૌમ્યાકાર, કાંત, પ્રિયદર્શન, સુરૂપ બાળકને જન્મ આપશે.

ત્યારપછી તે બાળકના માતા–પિતા પહેલા દિવસે સ્થિતિપતિતા કરશે, બીજા દિવસે ચંદ્ર–સૂર્યનું દર્શન કરાવશે, છટ્ઠે દિવસે જાગરિકા કરશે, અગિયારમો દિવસ વીત્યા પછી અશુચિ જાતકર્મ કરણથી નિવૃત્ત થઈ, બારમો દિવસ સંપ્રાપ્ત થતા, માતાપિતા આ આવા સ્વરૂપનું ગૌણ, ગુણનિષ્પન્ન નામ કરશે. જ્યારથી અમને આ બાળક ગર્ભમાં આવ્યો ત્યારથી અમે ધર્મમાં દઢ પ્રતિજ્ઞાવાળા થયા, તેથી અમારા આ બાળકનું દઢપ્રતિજ્ઞ નામ થાઓ. ત્યારે તે બાળકના માતાપિતા તેનું 'દઢપ્રતિજ્ઞ' એ પ્રમાણે નામ પાડશે.

તે દઢપ્રતિજ્ઞ બાળકને તેના માતા–પિતા સાતિરેક આઠ વર્ષનો થયો જાણીને શોભન–તિથિ–કરણ–નક્ષત્ર–મુહૂર્તમાં કલાચાર્ય પાસે લઈ જશે. ત્યારપછી તે કલાચાર્ય તે દઢપ્રતિજ્ઞ બાળકને જેમાં ગણિત પ્રધાન છે તેવી લેખાદિ શકુનરુત પર્યન્તની બોંતેર કળા સૂત્ર–અર્થ–કરણથી સાધિત કરાવશે, શીખવશે.

તે કળા આ પ્રમાણે – લેખ, ગણિત, રૂપ, નૃત્ય, ગીત, વાજિંત્ર, સ્વરગત, પુષ્કરગત, સમતાલ, દ્યુત, જનવાદ, પાસક, અષ્ટાપદ, પૌરસ્કૃત્ય, દક્મટ્ટીક અન્નવિધિ, પાનવિધિ, વસ્ત્રવિધિ, વિલેપનવિધિ, શયનવિધિ, આર્યા, પ્રહેલિકા, માગધિકા, ગાથા, ગીતિક, શ્લોક, હિરણ્યયુક્તિ, સુવર્ણયુક્તિ, ગંધયુક્તિ, ચૂર્ણયુક્તિ, આભરણવિધિ, તરુણીપ્રતિકર્મ, સ્ત્રી લક્ષણ, પુરુષ લક્ષણ, અશ્વ લક્ષણ, હાથીલક્ષણ, બળદલક્ષણ, કુર્કુટલક્ષણ, ચક્રલક્ષણ, છત્રલક્ષણ, વાસ્તુવિદ્યા, સ્કંધાવાર–માન, નગરમાન, વસ્તુનિવેશન, વ્યૂહ, પ્રતિવ્યૂહ, ચાર, પ્રતિચાર, ચક્રવ્યૂહ, ગરુડવ્યૂહ, શકટવ્યૂહ, યુદ્ધ, નિર્યુદ્ધ, યુદ્ધાતિયુદ્ધ, મુષ્ટિયુદ્ધ, બાહુયુદ્ધ, લતાયુદ્ધ, ઈષુશસ્ત્ર, ત્સરુપ્રવાહ, ધનુર્વેદ, હિરણ્યપાક, સુવર્ણપાક, વૃત્તખેડ, ક્ષુતાખેડ, નાલિકાખેડ, પત્રછેદ, કટછેદ, સજીવ, નિર્જીવ, શકુનઋત

આ બોંતેર કળા સધાવી–શીખવી માતાપિતાને સોંપ્યો.

ત્યારપછી તે દૃઢપ્રતિજ્ઞના માતા-પિતાએ તે કલાચાર્યને વિપુલ અશન-પાન-ખાદિમ-સ્વાદિમ વડે, વસ્ત્ર-ગંધ-માળા-અલંકાર વડે સત્કાર્યા, સન્માન્યા. સત્કાર અને સન્માન કરીને વિપુલ જીવિતાર્હ પ્રીતિદાન આપે છે. આપીને વિદાય કર્યા.

ત્યારપછી તે દૃઢપ્રતિજ્ઞ બાળક બોંતેર કલા પંડિત થયો, તેના નવ સુપ્તાંગ જાગૃત થઈ ગયા. અઢાર દેશી ભાષાનો વિશારદ થયો. ગીતરતિ, ગંધર્વ-નૃત્ય કુશળ, અશ્વયોધી, હસ્તિયોધી, રથયોધી, બાહુયોધી, બાહુપ્રમર્દી, વિકાલચારી, સાહસિક અને ભોગને માટે પર્યાપ્ત સમર્થ થયો.

ત્યારે દૃઢપ્રતિજ્ઞ દારકને માતાપિતાએ બોંતેર કલાપંડિત યાવત્ ભોગસમર્થ જાણીને વિપુલ અન્નભોગ, પાન-ભોગ, લયનભોગ, વસ્ત્રભોગ, શયનભોગ, કામભોગો વડે નિમંત્રિત કરશે. ત્યારે તે દૃઢપ્રતિજ્ઞ બાળક, વિપુલ અન્નભોગ યાવત્ શયનભોગમાં આસક્ત, અનુરક્ત, ગૃદ્ધ, અધ્યુપપન્ન થશે નહીં.

જેમ કોઈ ઉત્પલ, પદ્મ, કુસુમ, નલિન, સુભગ, સુગંધ, પુંડરીક, મહાપુંડરીક, શતપત્ર, સહસ્રપત્ર, લક્ષપત્ર (કમલો) કાદવમાં જન્મે છે, પાણીમાં વૃદ્ધિ પામે છે, પણ પંકરજમાં કે જલરજમાં ઉપલિપ્ત થતાં નથી. એ પ્રમાણે દૃઢપ્રતિજ્ઞ બાળક કામમાં જન્મ્યો, ભોગમાં વૃદ્ધિ પામ્યો પણ કામરજ કે ભોગરજમાં લિપ્ત થશે નહીં, મિત્ર-જ્ઞાતિ-નિજક-સ્વજન-સંબંધી-પરિજનમાં લિપ્ત થશે નહીં.

તે તથારૂપ સ્થવિરો પાસે કેવલી બોધિ પામશે, કેવલબોધી પામીને, ઘરથી નીકળી અણગારિક પ્રવ્રજ્યા લેશે. તે ઈર્યાસમિત યાવત્ ગુપ્ત બ્રહ્મચારી અણગાર થશે. તે ભગવંતને આવા વિહારથી વિચરતા અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, કૃત્સ્ન, પરિપૂર્ણ કેવળવર જ્ઞાનદર્શન સમુત્પન્ન થશે.

ત્યારે તે દૃઢપ્રતિજ્ઞ કેવલી ઘણા વર્ષો કેવલીપર્યાયને પાળશે. કેવલીપર્યાયને પાળીને, માસિકી સંલેખનાથી આત્માને આરાધીને, સાંઈઠ ભક્તોને અનશન વડે છેદીને, જે હેતુથી નગ્નભાવ અને મુંડભાવને કરેલ, અસ્નાન-અદંતવન-કેશલોચ-બ્રહ્મચર્ય વાસ-અછત્રક-અનોપાહનક-ભૂમિશય્યા-ફલકશય્યા-કાષ્ઠ શય્યા-પરગૃહ પ્રવેશ પ્રાપ્ત કે અપ્રાપ્ત આહારમાં-બીજા દ્વારા હીલના, ખિંસના, નિંદણા, ગર્હણા, તાલના, તર્જના, પરિભવના, પ્રવ્યથના-ઉચ્ચાવચ્ચ, ગ્રામકંટક, બાવીશ પરીષહ ઉપસર્ગોને સહન કરે છે, તે અર્થને આરાધીને છેલ્લા શ્વાસોચ્છ્વાસે સિદ્ધ થશે, બુદ્ધ થશે, મુક્ત થશે, પરિનિવૃત્ત થશે, સર્વ દુઃખોનો અંત કરશે.

**સૂત્ર-૫૧**

જે આ પ્રમાણે ગામ, આકર યાવત્ સન્નિવેશોમાં પ્રવ્રજિત થઈ શ્રમણ થાય છે તે આ - આચાર્યપ્રત્યનીક, ઉપાધ્યાયપ્રત્યનીક, કુલપ્રત્યનીક, ગણપ્રત્યનીક, આચાર્ય-ઉપાધ્યાયનો અપયશકારક, અવર્ણકારક, અકીર્તિકારક, ઘણી જ અસદ્ભાવના ઉદ્ભાવનાથી, મિથ્યાત્વાભિનિવેશ થકી પોતાને, બીજાને અને તદુભયને વ્યુદ્ગ્રાહિત કરતા, વ્યુત્પાદિત કરતા વિચરીને ઘણા વર્ષો શ્રામણ્ય પર્યાય પાળે છે.

પાળીને તે સ્થાનની આલોચના-પ્રતિક્રમણ કર્યા વિના કાળમાસે કાળ કરીને ઉત્કૃષ્ટથી લાંતક કલ્પમાં કિલ્બિષિક દેવમાં, કિલ્બિષિક દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં જ તેની ગતિ છે, ૧૩-સાગરોપમની સ્થિતિ છે. તેઓ અનારાધક હોય છે. બાકી પૂર્વવત્.

તે જે આ પર્યાપ્તા સંજ્ઞા પંચેન્દ્રિય તિર્યંચયોનિકો હોય છે. તે આ - જલચર, ખેચર, સ્થલચર. તેમાં કેટલાક શુભ પરિણામથી, પ્રશસ્ત અધ્યવસાનથી, વિશુદ્ધ થતી લેશ્યાથી, તદાવરણીય કર્મોના ક્ષયોપશમથી, ઈહા-અપોહ-માર્ગણા-ગવેષણા કરતા સંજ્ઞીપણાથી પૂર્વવર્તી ભવોની સ્મૃતિ ઉત્પન્ન થાય છે.

ત્યારપછી તે સમુત્પન્ન જાતિસ્મરણથી સ્વયં જ પાંચ અણુવ્રતોને સ્વીકારે છે, સ્વીકારીને ઘણાં શીલ-વ્રત-ગુણ-વેરમણ-પ્રત્યાખ્યાન-પૌષધોપવાસથી આત્માને ભાવિત કરતા, ઘણા વર્ષોનું આયુ પાળે છે, પાળીને ભક્ત

પ્રત્યાખ્યાન કરે છે. ઘણા ભોજનને અનશન વડે છેદે છે, છેદીને આલોચના–પ્રતિક્રમણ કરીને, સમાધિ પામી, કાળમાસે કાળ કરી ઉત્કૃષ્ટથી સહસ્રાર કલ્પમાં દેવપણે ઉપપાત પામે છે.

ત્યાં તેમની ગતિ, ૧૮–સાગરોપમની સ્થિતિ, પરલોકના આરાધક થાય છે.

તે જે આ ગામ, આકર યાવત્ સંનિવેશમાં આજીવિકો છે, જેવા કે – જે બે ઘર છોડીને ત્રીજા ઘેરથી લેનારા, તે જ રીતે ત્રણ ઘર છોડીને, સાત ઘર છોડીને ભિક્ષા લેનારા, ભિક્ષામા ફક્ત કમળનાલ લેનારા, ગૃહ સામુદાનિક ભિક્ષા લેનારા,વીજળી ચમકે ત્યારે ભિક્ષા ન લેનારા, માટીની મોટી નાંદમાં બેસી તપ કરનારા. આવા સ્વરૂપના વિહારથી (જીવન ચર્યાથી)વિચરતા ઘણા વર્ષોનો પર્યાય પાળે છે, પાળીને કાળમાસે કાળ કરીને ઉત્કૃષ્ટથી અચ્યુત કલ્પે દેવપણે ઉત્પન્ન થાય છે. ત્યાં જ તેમની ગતિ આદિ થાય છે. ત્યાં તેની સ્થિતિ ૨૨–સાગરોપમ હોય છે. તેઓ સમ્યક્ દર્શનના અભાવે અનારાધક થાય છે. શેષ વર્ણન પૂર્વવત.

તે જે આ ગામ, આકર યાવત્ સન્નિવેશમાં પ્રવ્રજિત શ્રમણ હોય છે. જેમ કે – આત્મોત્કર્ષક, પરપરિવાદિક, ભૂતિકર્મિક, વારંવાર કૌતુક કારક, તેઓ આવા પ્રકારના વિહારથી વિચરતા ઘણા વર્ષોનો શ્રામણ્ય પર્યાય પાળીને તે સ્થાનની આલોચના, પ્રતિક્રમણ ન કરીને કાળમાસે કાળ કરીને ઉત્કૃષ્ટથી અચ્યુત કલ્પમાં આભિયોગિક દેવમાં દેવપણે ઉપપાત પામે છે. ત્યાં તેમની ગતિ છે, ત્યાં તેમની બાવીશ સાગરોપમની સ્થિતિ છે, તેઓ પરલોકના અનારાધક છે. બાકી પૂર્વવત્.

તે જે આ ગામ, આકર યાવત્ સંનિવેશમાં નિહ્નવો હોય છે, જેવા કે – બહુરત, જીવપ્રદેશિક, અવ્રતિક, સામુચ્છેદિક, દ્વૈક્રિય, ત્રૈરાશિક, અબદ્ધિક. આ સાત પ્રવચન નિહ્નવો કેવળ ચર્યા, લિંગ શ્રામણ્ય, મિથ્યાદષ્ટિ, ઘણી અસત્ ઉદ્‌ભાવનાથી, મિથ્યાત્વાભિનિવેશથી પોતાને, બીજાને અને તદુભયને વ્યુદ્‌ગ્રાહિત કરતા, વ્યુત્પાદિત કરતા વિચરીને ઘણા વર્ષો શ્રામણ્ય પર્યાય પાળે છે.

શ્રામણ્ય પર્યાય પાળીને કાળમાસે કાળ કરીને ઉત્કૃષ્ટથી ઉપરી ગ્રૈવેયકમાં દેવપણે ઉપપાત થાય છે. ત્યાં તેમની ગતિ છે, તેમની એકત્રીશ સાગરોપમ સ્થિતિ છે, તેઓ પરલોકના આરાધક થાય છે, બાકી પૂર્વવત્.

તે જે આ ગામ, આકર, યાવત્ સન્નિવેશમાં મનુષ્યો થાય છે, જેવા કે – અલ્પારંભી, અલ્પપરિગ્રહી, ધાર્મિક, ધર્માનુગ, ધર્મિષ્ઠ, ધર્માખ્યાયી, ધર્મપ્રલોકી, ધર્મપ્રરંજન, ધર્મસમુદાચાર, ધર્મથી આજીવિકા કરનારા, સુશીલ, સુવ્રતી, સુપ્રત્યાનંદ હોય છે. તેઓ જીવનપર્યંત પ્રાણાતિપાત યાવત મિથ્યાદર્શનશલ્ય સુધી સર્વે દોષોથી સર્વથા નિવૃત થાય છે. તેઓ એક દેશથી એટલે સ્થૂળ પ્રાણાતિપાતથી જીવન પર્યંત નિવૃત્ત થાય છે અને એક દેશથી એટલે સૂક્ષ્મ પ્રાણાતિપાતથી નિવૃત્ત થતા નથી. એ જ રીતે સ્થૂળ મૃષાવાદ યાવત સ્થૂળ પરિગ્રહથી નિવૃત્ત થાય છે. પરંતુ સૂક્ષ્મ મૃષાવાદથી સૂક્ષ્મ પરિગ્રહ સુધી નિવૃત્ત થતા નથી. એ જ રીતે સ્થૂળ ક્રોધ આદિથી સ્થૂળ મિથ્યાદર્શનશલ્ય સુધી નિવૃત્ત થાય છે પણ સૂક્ષ્મ ક્રોધ આદિથી નિવૃત્ત થતા નથી.

તેઓ સ્થૂળરૂપે જાવજ્જીવ માટે આરંભ–સમારંભથી નિવૃત્ત થાય છે પણ સૂક્ષ્મરૂપે વિરત થતા નથી. કેટલાક કરણ–કારાવણ રૂપ પાપથી જાવજ્જીવ માટે વિરત થાય છે અને કેટલાક વિરાટ થતા નથી. એ જ રીતે કેટલાક પચન–પચાવન થકી વિરત થાય છે અને કેટલાક પચન–પચાવનથી વિરત થતા નથી.

તે રીતે કેટલાક કુટ્ટણ–પિટ્ટણ–તર્જન–તાડન–વધ–બંધ–પરિકલેશથી જાવજ્જીવ માટે વિરત થાય છે અને કેટલાક વિરત થતા નથી. કેટલાક સ્નાન, મર્દન, વર્ણક, વિલેપન, શબ્દ, સ્પર્શ, રસ, રૂપ, ગંધ, માળા, અલંકારથી જાવજ્જીવાર્થે વિરત થાય છે અને કેટલાક વિરત થતા નથી. જે આવા અને આવા પ્રકારના સાવદ્યયોગ યુક્ત કર્મવાળા, બીજાના પ્રાણોને પરિતાપ કરવાથી વિરત થાય છે, કેટલાક તેનાથી વિરત થતા નથી.

એવા શ્રાવકો હોય છે, જીવ–અજીવના જ્ઞાતા, ઉપલબ્ધ પુન્ય–પાપ, આશ્રવ–સંવર–નિર્જરા–ક્રિયા–

અધિકરણ–બંધ–મોક્ષ કુશલ હોય છે. તેઓ બીજાની સહાયના અનિચ્છુક હોય છે. જે દેવ–અસુર–નાગ–યક્ષ–રાક્ષસ–કિંનર–કિંપુરુષ–ગરુડ–ગંધર્વ–મહોરગાદિ દેવગણ વડે પણ નિર્ગ્રન્થ પ્રવચનથી ચલાયમાન થતા નથી. તેઓ નિર્ગ્રન્થ પ્રવચનમાં નિઃશંકિત, નિષ્કાંક્ષિત, નિર્વિચિકિત્સક હોય છે. તેઓ લબ્ધાર્થ, ગૃહીતાર્થ, પૃચ્છિતાર્થા, અભિગતાર્થા, વિનિશ્ચિતાર્થા, અસ્થિ–મિંજ–પ્રેમ–અનુરાગરક્ત હોય છે.

હે આયુષ્યમાન્ ! આ નિર્ગ્રન્થ પ્રવચન જ અર્થરૂપ છે, આ પરમાર્થ છે, બાકી બધું અનર્થક છે. તેના ઘરના બારણે ઉલાળિયો દેવાતો નથી. ઘરના બારણા ભિક્ષુકો આદિ માટે હંમેશા ખુલ્લા રહેતા. રાજ અંત:પુર અને બીજાના ઘરમાં તેનો પ્રવેશ અપ્રીતિકર નથી.તેઓ અનેક શિલવ્રત, ગુણવ્રત, વિરમણવ્રત, તપ, ત્યાગ, નિયમ આદિ ધારણ કરેલા હતા.

તેઓ ચૌદશ–આઠમ–અમાસ–પૂનમે પ્રતિપૂર્ણ પૌષધને સમ્યક્ પાલન કરતા, શ્રમણ નિર્ગ્રન્થને પ્રાસુક એષણીય; અશન–પાન–ખાદિમ–સ્વાદિમ વડે, વસ્ત્ર–પાત્ર–કંબલ–પાદપ્રૌંછનક વડે, ઔષધ–ભેષજ વડે, પ્રાતિહારિક પીઠ–ફલક–શય્યા–સંથારક વડે પ્રતિલાભિત કરતા વિચરે છે, વિચરીને ભક્ત (ભોજનના) પ્રત્યાખ્યાન કરે છે,

તેઓ ઘણા ભોજનને અનશન વડે છેદે છે, છેદીને આલોચના–પ્રતિક્રમણ કરી, સમાધિ પામીને, કાળમાસે કાળ કરીને, ઉત્કૃષ્ટથી અચ્યુત કલ્પમાં દેવપણે ઉપપાત પામે છે. ત્યાં તેમની ગતિ થાય છે, બાવીશ સાગરોપમની સ્થિતિ, થાય છે. તેઓ આરાધક થાય છે. બાકી પૂર્વવત્.

તે જે આ ગામ, આકર યાવત્ સંનિવેશમાં મનુષ્યો હોય છે, તેમાં કેટલાક મનુષ્યો – અનારંભ, અપરિગ્રહ, ધાર્મિક યાવત્ આજીવિકા કરનાર, સુશીલ, સુવ્રત, સુપ્રત્યાનંદ, તે સાધુઓ સર્વથા પ્રાણાતિપાત પ્રતિવિરત યાવત્ સર્વથા પરિગ્રહથી પ્રતિવિરત, સર્વથા ક્રોધ–માન–માયા–લોભ યાવત્ મિથ્યાદર્શનશલ્યથી પ્રતિવિરત, સર્વથા આરંભ–સમારંભથી પ્રતિવિરત, સર્વથા કરણ–કરાવણથી પ્રતિવિરત, સર્વથા પચન–પચાવનથી પ્રતિવિરત, સર્વથા કુટ્ટણ–પિટ્ટણ–તર્જન–તાડન–વધ–બંધ–પરિક્લેશથી પ્રતિવિરત, સર્વથા સ્નાન–મર્દન–વર્ણક–વિલેપન–શબ્દ–સ્પર્શ–રસ–રૂપ–ગંધ–માળા–અલંકારથી વિરત થાય છે, જે આવા અને આવા પ્રકારના સાવદ્ય યોગથી યુક્ત, પરપ્રાણ પરિતાપનાર કર્મોનો અંત કરનાર તથા તેનાથી જાવજ્જીવને માટે વિરત હોય છે.

તે જે કોઈ અણગાર હોય છે તે ઈર્યાસમિત, ભાષાસમિત યાવત્ આ નિર્ગ્રન્થ પ્રવચનને આગળ કરીને વિચરે છે. તે ભગવંતોને આ વિહારથી વિચરતા કેટલાકને અનંત યાવત્ કેવલવર જ્ઞાનદર્શન ઉત્પન્ન થાય છે, તેઓ ઘણા વર્ષો કેવલી પર્યાય પાળે છે, પાળીને ભક્ત પ્રત્યાખ્યાન કરે છે, ઘણા ભોજનને અનશન વડે છેદે છે, છેદીને જે હેતુને માટે નગ્નભાવ ધારણ કરેલ છે, યાવત્ અંત કરે છે.

જે કેટલાકને કેવળવર જ્ઞાનદર્શન ઉત્પન્ન થતા નથી તેઓ ઘણા વર્ષો છદ્મસ્થ પર્યાય પાળે છે, પાળીને આબાધા ઉત્પન્ન થતા કે ન થતા ભક્તપ્રત્યાખ્યાન કરે છે. ઘણા ભોજનને અનશન વડે છેદીને જે પ્રયોજન માટે નગ્નભાવ ધારણ કરેલ છે યાવત્ તે અર્થને આરાધી છેલ્લા શ્વાસોચ્છ્વાસે અનંત, અનુત્તર, નિર્વ્યાઘાત, નિરાવરણ, કૃત્સ્ન, પ્રતિપૂર્ણ, કેવળવર જ્ઞાનદર્શનને પ્રાપ્ત કરે છે, ત્યારપછી સિદ્ધ થાય છે યાવત્ સર્વે દુઃખોનો અંત કરે છે.

કેટલાક વળી એક ભવ કરનારા, પૂર્વકર્મ અવશેષ રહેતા કાળમાસે કાળ કરીને ઉત્કૃષ્ટ સર્વાર્થસિદ્ધ મહાવિમાનમાં દેવપણે ઉપપાત પામે છે. ત્યાં તેમની ગતિ છે, તેત્રીશ સાગરોપમની સ્થિતિ હોય છે. તેઓ આરાધક હોય છે. બાકી બધું પૂર્વવત્.

જે આ ગામ, આકર યાવત્ સંનિવેશમાં મનુષ્યો હોય છે, તે આ – સર્વકામ વિરત, સર્વરાગ વિરત, સર્વ સંગથી અતીત, સર્વ સ્નેહને ઉલ્લંઘી ગયેલ, અક્રોધી, નિષ્ક્રોધી, ક્ષીણક્રોધી, એ પ્રમાણે માન–માયા–લોભ ક્ષીણ કરેલા અનુક્રમે

આઠ કર્મ પ્રકૃતિઓનો ક્ષય કરીને ઉપર લોકાગ્રે પ્રતિષ્ઠિત થાય છે.

સૂત્ર–૫૨ થી ૫૪

**૫૨.** ભગવન્! ભાવિતાત્મા અણગાર કેવલી સમુદ્‌ઘાતથી સમવહત થઈને કેવલકલ્પ લોકને સ્પર્શીને રહે છે? હા, રહે છે. ભગવન્ ! તેઓ શું કેવલકલ્પ લોકમાં તે નિર્જરા પુદ્‌ગલથી સ્પર્શે ? હા, સ્પર્શે.

ભગવન્ ! છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્‌ગલના કંઈક વર્ણથી વર્ણ, ગંધથી ગંધ, રસથી રસ, સ્પર્શથી સ્પર્શને જાણે–જુએ ? ગૌતમ ! આ અર્થ સંગત નથી. ભગવન્ ! એમ કેમ કહ્યું કે છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્‌ગલોને કંઈપણ વર્ણથી વર્ણ યાવત્ ન જાણે–ન જુએ ?

ગૌતમ! આ જંબૂદ્વીપ દ્વીપ સર્વે દ્વીપસમુદ્રોમાં સર્વથી અંદરનો, બધાની નાનો, તેલના પૂડલાના આકારે સંસ્થિત એવો વૃત્ત, રથ ચક્રવાલ સંસ્થાન સંસ્થિત એવો વૃત્ત, પુષ્કરકર્ણિકા સંસ્થાને સંસ્થિત એવો વૃત્ત, પ્રતિપૂર્ણ ચંદ્ર સંસ્થાને સંસ્થિત એવો વૃત્ત, એક લાખ યોજન લંબાઈ–વિષ્કંભથી, ૩,૧૬,૨૨૭ યોજન, ત્રણ કોશ, ૨૮ ધનુષ, ૧૩॥ અંગુલથી કંઈક વિશેષ પરિક્ષેપથી કહેલો છે. કોઈ મહર્દ્ધિક, મહાદ્યુતિક, મહાબલી, મહાયશસ્વી, મહાસૌખ્ય, મહાનુભાવ દેવ, વિલેપન સહિત ગંધના દાબડાને લઈને તેને વિખેરે, વિખેરીતે યાવત્ આમ કરી કેવલકલ્પ જંબૂદ્વીપને ત્રણ ચપટી વગાડવા જેટલા સમયમાં એકવીશ વખત ભ્રમણ કરીને જલદી પાછો આવે.

તો હે ગૌતમ ! તે કેવલકલ્પ જંબૂદ્વીપ દ્વીપમાં તે ઘ્રાણ પુદ્‌ગલને સ્પર્શે ? હા, સ્પર્શે. ગૌતમ ! છદ્મસ્થ મનુષ્ય તે ઘ્રાણ પુદ્‌ગલોને કંઈક વર્ણથી વર્ણ યાવત્ જાણે જુએ? ભગવન્! તે અર્થ સંગત નથી. હે ગૌતમ! તે કારણથી કહ્યું કે છદ્મસ્થ મનુષ્ય તે નિર્જરા પુદ્‌ગલને વર્ણથી વર્ણ યાવત્ કંઈપણ ન જાણે–ન જુએ. તે પુદ્‌ગલો આટલા સૂક્ષ્મ કહ્યા છે. હે આયુષ્યમાન્ શ્રમણો! તે પુદ્‌ગલો સમગ્ર લોકનો સ્પર્શ કરીને સ્થિત રહે છે.

ભગવન્! કેવલી કયા કારણે સમુદ્‌ઘાત કરે છે ? કેવલી શા માટે સમુદ્‌ઘાત કરીને જાય છે ? ગૌતમ ! કેવલીને ચાર કર્માંશો ક્ષીણ થયા હોતા નથી. તે આ – વેદનીય, આયુ, નામ, ગોત્ર. તેમાં સૌથી વધુ વેદનીય કર્મ હોય છે. સૌથી થોડા આયુકર્મ હોય છે. બંધન અને સ્થિતિ વડે વિષમને સમ કરે છે. બંધન અને સ્થિતિથી વિસમને સમ કરવાને માટે કેવળી સમવહત થાય છે. એ રીતે નિશ્ચે કેવલી સમુદ્‌ઘાતને કરે છે.

ભગવન્ ! બધા જ કેવલી, સમુદ્‌ઘાત કરે છે? ના, આ અર્થ સંગત નથી.

**૫૩.** સમુદ્‌ઘાત કર્યા વિના જ અનંત કેવલી, જિન જરામરણથી વિપ્રમુક્ત થઈ ઉત્તમ સિદ્ધિ ગતિને પામ્યા છે.

**૫૪.** ભગવન્ ! આવર્જીકરણ કેટલા સમયનું કહેલ છે ? ગૌતમ ! અસંખ્યાતસમયિક અંતર્મુહૂર્ત કહેલ છે. ભગવન્ ! કેવલી સમુદ્‌ઘાત કેટલા સમયના કહેલ છે ? ગૌતમ ! આઠ સમયનું કહે છે. તે આ પ્રમાણે – પહેલા સમયે દંડ કરે છે, બીજા સમયે કપાટ કરે છે, ત્રીજા સમયે મથન કરે છે, ચોથા સમયે લોકને પૂરે છે, પાંચમાં સમયે લોકનું પ્રતિસંહરણ કરે છે, છઠ્ઠે સમયે મંથનનું પ્રતિસંહરણ કરે છે. સાતમે સમયે કપાટને પ્રતિસંહરે છે, આઠમે સમયે દંડને પ્રતિસંહરે છે. પડિસંહરણ કરીને પછી શરીરસ્થ થાય.

ભગવન્ ! તે તેવા સમુદ્‌ઘાતમાં જતા શું મનોયોગને જોડે છે ? વચનયોગને જોડે છે ? કાયયોગને જોડે છે ? ગૌતમ ! મનોયોગને જોડતા નથી, વચનયોગને જોડતા નથી, પણ કાયયોગને જોડે છે.

કાયયોગને જોડતા શું ઔદારિક શરીર કાયયોગને જોડે છે ? ઔદારિક મિશ્ર શરીર કાયયોગને જોડે છે ? વૈક્રિય શરીર કાયયોગને જોડે છે ? વૈક્રિયમિશ્ર શરીર કાયયોગને જોડે છે ? કે કાર્મણશરીર કાયયોગને જોડે છે ? ગૌતમ ! ઔદારિકશરીર કાયયોગને જોડે છે, ઔદારિક મિશ્રશરીર કાયયોગને જોડે છે, વૈક્રિયશરીર કાયયોગને જોડતા નથી. વૈક્રિયમિશ્રશરીર કાયયોગને જોડતા નથી, આહારકશરીર કાયયોગને જોડતા નથી, આહારકમિશ્રશરીર કાયયોગને જોડતા નથી, કાર્મણશરીર કાયયોગને પણ જોડે છે, બીજા–છઠ્ઠા અને સાતમાં સમયમાં ઔદારિક–મિશ્રશરીર

કાયયોગને જોડે છે, ત્રીજા–ચોથા–પાંચમામાં કાર્મણશરીર કાયયોગને જોડે છે.

ભગવન્ ! તે તેવા સમુદ્‌ઘાતગત સિદ્ધ–બુદ્ધ–મુક્ત–પરિનિવૃત્ત–સર્વ દુઃખોના અંતકર થાય ? આ અર્થ સંગત નથી. તે ત્યાંથી પ્રતિનિવૃત્ત થઈ, પછી અહીં પાછા આવે છે. આવીને પછી મનોયોગને, વચનયોગને, કાયયોગને પણ જોડે છે. મનોયોગમાં જોડાયેલ શું સત્યમનોયોગને જોડે છે કે મૃષામનોયોગને, સત્યામૃષા–મનોયોગને કે અસત્યામૃષા મનોયોગને જોડે છે ?

ગૌતમ! સત્ય મનોયોગને જોડે છે, મૃષા મનોયોગને જોડતા નથી. સત્યામૃષા મનોયોગને જોડતા નથી. અસત્યા–મૃષા મનોયોગને પણ જોડે છે. વચનયોગને જોડતા શું સત્યવચન યોગને જોડે છે કે યાવત્ અસત્યામૃષા વચનયોગને જોડે છે ? ગૌતમ ! સત્યવચન અને અસત્યામૃષા વચનયોગને જોડે છે પણ મૃષાવચનયોગને અને સત્યામૃષા વચનયોગને જોડતા નથી. કાયયોગને જોડતા આવે છે, ઊભે છે, બેસે છે, સૂવે છે, ઉલ્લંઘે છે, પ્રલંઘે છે, ક્ષેપણ–અવક્ષેપણ–તિર્યક્ક્ષેપણ કરે છે. પ્રાતિહારિક પીઠ–ફલક–શય્યા–સંસ્તારક પાછા આપે છે.

સૂત્ર–૫૫

ભગવન્ ! તે તેવા સયોગી સિદ્ધ થાય યાવત્ અંત કરે ? એ અર્થ સંગત નથી. તે પૂર્વે પર્યાપ્ત પંચેન્દ્રિય સંજ્ઞીના જઘન્ય મનોયોગના નીચલા સ્તરે અસંખ્યાતગુણ પરિહીન પહેલા મનોયોગનું રુંધન કરે છે. ત્યારપછી પર્યાપ્ત બેઇન્દ્રિયના જઘન્યયોગના નીચે અસંખ્યાતગુણ પરિહીન બીજા વચનયોગનું રુંધન કરે છે.

ત્યારપછી અપર્યાપ્ત સૂક્ષ્મ પનગ જીવના જઘન્યયોગના નીચે અસંખ્યાતગુણ પરિહીન ત્રીજા કાયયોગનું રુંધન કરે છે. તે આ ઉપાયથી પહેલા મનોયોગને રુંધે છે, મનોયોગને રુંધીને વચનયોગને રુંધે છે, વચનયોગને રુંધીને કાયયોગને રુંધે છે અને કાયયોગને રુંધીને યોગ નિરોધ કરે છે.

યોગનિરોધને કરીને અયોગત્વને પ્રાપ્ત કરે છે. અયોગત્વ પામીને ઈષત્ સ્પૃષ્ટ પાંચ હ્રસ્વાક્ષર ઉચ્ચારણ કાળમાં અસંખ્યાત સમયિક અંતર્મુહૂર્તિક શૈલેશીને સ્વીકારે છે. શૈલેશીકાળમાં પૂર્વરચિત ગુણશ્રેણિ રૂપમાં રહેલ કર્મોને અસંખ્યાત ગુણશ્રેણીઓમાં અનંત કર્માંશો રૂપે ક્ષીણ કરતો વેદનીય, આયુ, નામ, ગોત્રનો એકસાથે ક્ષય કરે છે. આ ચાર કર્મોને એકસાથે ખપાવીને ઔદારિક–તૈજસ–કાર્મણ શરીરનો સર્વથા ત્યાગ કરે છે, એ રીતે ત્યાગ કરીને ઋજુ શ્રેણિ પ્રતિપન્ન થઈ અસ્પૃશ્યમાન ગતિ દ્વારા એક સમયમાં ઊંચે અવિગ્રહ ગતિથી જઈ સાકારોપયોગથી સિદ્ધ થાય.

તે ત્યાં સિદ્ધ થાય છે, સાદિ અનંત, અશરીરી, જીવઘન, દર્શનજ્ઞાનોપયુક્ત, નિષ્ઠિતાર્થ, નિશ્ચલ, નીરજ, નિર્મળ, વિતિમિર, વિશુદ્ધ, શાશ્વત અનાગત કાળ રહે છે. ભગવન્! એમ કેમ કહ્યું – તે ત્યાં સિદ્ધ થઈ, સાદિ અનંતકાળ યાવત્ રહે છે ? ગૌતમ ! જેમ કોઈ બીજ અગ્નિથી બળીને ફરી અંકુરરૂપે ઉત્પન્ન થતું નથી તેમ સિદ્ધોનું કર્મબીજ બળી ગયા પછી ફરી જન્મ–ઉત્પત્તિ થતી નથી. તેથી હે ગૌતમ! એમ કહ્યું કે તે ત્યાં સિદ્ધ થઈ સાદિ અનંતકાળ રહે છે.

ભગવન્ ! સિદ્ધ થતા જીવો કયા સંઘયણે સિદ્ધ થાય ? ગૌતમ ! વજ્રઋષભનારાચ સંઘયણે સિદ્ધ થાય છે.

ભગવન્ ! સિદ્ધ થતા જીવો કયા સંસ્થાને સિદ્ધ થાય છે ? છમાંના કોઈપણ સંસ્થાને સિદ્ધ થાય. ભગવન્ ! સિદ્ધ થનાર જીવ કઈ ઊંચાઈથી સિદ્ધ થાય? ગૌતમ! જઘન્ય સાત હાથ, ઉત્કૃષ્ટ–૫૦૦ ધનુષ.

ભગવન્ ! સિદ્ધ થનાર જીવ કેટલા આયુએ સિદ્ધ થાય ? ગૌતમ ! જઘન્યથી સાતિરેક આઠ વર્ષાયુ, ઉત્કૃષ્ટથી પૂર્વકોડી આયુ. ભગવન્ ! આ રત્નપ્રભા પૃથ્વીની નીચે સિદ્ધો વસે છે ? આ અર્થ સંગત નથી. એ પ્રમાણે યાવત્ અધઃસપ્તમી કહેવું.

ભગવન્ ! સૌધર્મકલ્પની નીચે સિદ્ધો વસે છે ? આ અર્થ સંગત નથી. આ પ્રમાણે ઈશાનની, સનત્કુમારની યાવત્ અચ્યુતની, ગ્રૈવેયકની, અનુત્તર વિમાનની બધાની પૃચ્છા કરવી.

ભગવન્ ! ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીની નીચે સિદ્ધો વસે છે ? એ અર્થ સંગત નથી.

ભગવન્! તો સિદ્ધો ક્યાં વસે છે?

ગૌતમ ! આ રત્નપ્રભાપૃથ્વીના બહુસમ રમણીય ભૂમિભાગથી ઉપર ચંદ્ર, સૂર્ય, ગ્રહ, નક્ષત્ર, તારાના ભવનોથી ઘણા સેંકડો યોજન, ઘણા હજારો યોજન, ઘણા લાખો યોજન, ઘણા કરોડો યોજન, ઘણા ક્રોડાક્રોડ યોજન ઉર્ધ્વતર– ઊંચે ઊંચે ગયા બાદ સૌધર્મ, ઈશાન, સનત્કુમાર, માહેન્દ્ર, બ્રહ્મલોક, લાંતક, મહાશુક્ર, સહસ્રાર, આનત, પ્રાણત, આરણ, અચ્યુત પછી ૩૧૮ ગ્રૈવેયક વિમાનવાસી વ્યતિક્રાંત થયા પછી વિજય–વૈજયંત–જયંત–અપરાજિત–સર્વાર્થસિદ્ધ મહાવિમાનના સૌથી ઉપરના શિખરના અગ્રભાગથી ઉપર બાર યોજનના અંતરે ‘ઈષત્ પ્રાગ્ભારા’ નામની પૃથ્વી કહેલ છે. આ પૃથ્વી ૪૫–લાખ યોજન લાંબી–પહોળી છે, ૧,૪૨,૩૦,૨૪૯ યોજનથી કંઈક વિશેષ પરિધિ છે.

આ ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીના બહુમધ્ય દેશભાગમાં આઠ યોજન ક્ષેત્રમાં આઠ યોજન બાહલ્યથી છે. ત્યારપછી જાડાઈમાં ક્રમશઃ થોડી થોડી ઘટતા જતા સૌથી અંતિમ કિનારે માખીની પાંખથી પાતળી છે. તે અંતિમ છેડાની જાડાઈ અંગુલના અસંખ્યાતમાં ભાગ તુલ્ય છે.

ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીના બાર નામો કહ્યા છે. તે આ પ્રમાણે – ઈષત્, ઈષત્ પ્રાગ્ભારા, તનુ, તનુતનુ, સિદ્ધિ, સિદ્ધાલય, મુક્તિ, મુક્તાલય, લોકાગ્ર, લોકાગ્રસ્તૂપિકા, લોકાગ્ર પ્રતિબોધના, સર્વપ્રાણ ભૂત જીવસત્ત્વ સુખાવહા.

ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વી શ્વેત, શંખતલ જેવી વિમલ, સોલ્લિય પુષ્પ, કમળનાલ, જલકણ, તુષાર, ગોક્ષીર, હાર જેવા વર્ણયુક્ત છે. ઉલટા છત્રના આકારે સ્થિત, સર્વ અર્જુન સુવર્ણમયી, સ્વચ્છ, શ્લક્ષ્ણ, લષ્ટ, ઘૃષ્ટ, મૃષ્ટ, નીરજ, નિર્મળ, નિષ્પંક, નિષ્કંડછાયા, સમરીચિકા, સુપ્રભા, પ્રાસાદીય, દર્શનીય, અભિરૂપ, પ્રતિરૂપ છે.

ઈષત્ પ્રાગ્ભારા પૃથ્વીતલથી એક યોજન ઉપર લોકાંત છે, તે યોજનના ઉપરના ગાઉના છટ્ઠા ભાગમાં સિદ્ધ ભગવંતો સાદિ અનંત સ્થિતિથી, અનેક જન્મ–જરા–મરણ–યોનિ–વેદન–સંસારના ભીષણ ભાવ–પુનર્ભવ–ગર્ભવાસમાં વસવા રૂપ પ્રપંચને ઉલ્લંઘીને શાશ્વત અનાગત કાળ સુધી સુસ્થિર રહે છે.

### સૂત્ર–૫૬ થી ૭૭

**૫૬.** સિદ્ધો ક્યાં પ્રતિહત છે ? સિદ્ધો ક્યાં પ્રતિષ્ઠિત છે ? અહીં શરીર ત્યાગ કરીને ક્યાં જઈને સિદ્ધ થાય છે ?

**૫૭.** સિદ્ધો અલોકમાં પ્રતિહત થાય છે, લોકાગ્રે પ્રતિષ્ઠિત થાય છે, અહીં શરીર છોડીને, ત્યાં જઈને સિદ્ધ થાય છે.

**૫૮.** જે સંસ્થાન આ ભવે છે, તેને છેલ્લા સમયે ત્યજીને પ્રદેશઘન સંસ્થાન થઈને ત્યાં રહે છે.

**૫૯.** છેલ્લા ભવમાં દીર્ઘ કે હ્રસ્વ જે સંસ્થાન હોય છે, તેથી ત્રણ ભાગ હીન સિદ્ધની અવગાહના કહેલી છે.

**૬૦.** ૩૩૩ ધનુષ તથા ૧/૩ ધનુષ સિદ્ધોની ઉત્કૃષ્ટ અવગાહના હોય છે, તેમ સર્વજ્ઞએ કહેલ છે.

**૬૧.** સિદ્ધોની મધ્યમ અવગાહના ચાર હાથ અને ૧/૩ ભાગ ન્યૂન એક હાથ હોય છે, તેમ સર્વજ્ઞોએ નિરૂપિત કરેલ છે.

**૬૨.** સિદ્ધોની જઘન્ય અવગાહના એક હાથ અને આઠ અંગુલ હોય છે, એ પ્રમાણે સિદ્ધોએ ભણેલ છે.

**૬૩.** સિદ્ધો અંતિમ ભવની અવગાહનાથી ત્રીજો ભાગ ન્યૂન અવગાહના યુક્ત હોય છે. જરા–મરણથી મુક્ત થયેલનો આકાર–સંસ્થાન અનિત્થંત્થ–કોઈ લૌકીક આકારને મળતું નથી.

**૬૪.** જ્યાં એક સિદ્ધ છે, ત્યાં ભવક્ષયથી વિમુક્ત અનંત સિદ્ધો છે, જે પરસ્પર અવગાઢ છે, તે બધાં લોકાંતે સંસ્પર્શ કરીને છે.

**૬૫.** સિદ્ધો સર્વ આત્મપ્રદેશથી અનંત સિદ્ધોને સંપૂર્ણરૂપે સંસ્પર્શ કરેલ છે, તેનાથી અંખ્યાતગુણ સિદ્ધ એવા છે, જે દેશ અને પ્રદેશોથી એકબીજામાં અવગાઢ છે.

**૬૬.** સિદ્ધો, અશરીરી–જીવઘન–દર્શન અને જ્ઞાનોપયુક્ત છે. એ રીતે સાકાર અને અનાકાર ચેતનાએ

સિદ્ધોનું લક્ષણ છે.

**૬૭.** તેઓ કેવળ જ્ઞાનોપયોગથી બધા પદાર્થોના ગુણો અને પર્યાયોને જાણે છે, અનંત કેવલીદર્શનથી સર્વતઃ સર્વ ભાવો જુએ છે.

**૬૮.** સિદ્ધોને જે અવ્યાબાધ, શાશ્વત સુખ પ્રાપ્ત છે, તે મનુષ્યોને કે સર્વે દેવતાઓને પણ પ્રાપ્ત થતું નથી.

**૬૯.** દેવોનું જે સુખ ત્રણે કાળનું છે, તેના સમૂહને અનંત ગુણ કરાય તો પણ તે મોક્ષ સુખની સમાન થઈ શકતું નથી.

**૭૦.** એક સિદ્ધના સુખોને સર્વકાળથી ગુણિત કરવાથી જે સુખરાશિ નિષ્પન્ન થાય છે, તેને જો અનંત વર્ગથી વિભાજિત કરવામાં આવે, તો જે સુખરાશિ ભાગફળના સ્વરૂપમાં પ્રાપ્ત થાય, તે પણ એટલી અધિક હોય છે કે સંપૂર્ણ આકાશમાં સમાવિષ્ટ થઈ શકતી નથી.

**૭૧.** જેમ કોઈ મ્લેચ્છ પુરુષ નગરના અનેકવિધ ગુણોને જાણતો પણ વનમાં તેવી ઉપમાના અભાવે તે ગુણોને વર્ણવી ન શકે.

**૭૨.** તેમ સિદ્ધોનું સુખ અનુપમ છે, તેની કોઈ ઉપમા નથી. તો પણ વિશેષરૂપે તેને ઉપમા દ્વારા સમજાવાય છે, તે સાંભળો.

**૭૩.** જેમ કોઈ પુરુષ સર્વકામગુણિત ભોજન કરી, ભૂખ–તરસથી મુક્ત થઈને અપરિમિત તૃપ્તિને અનુભવે છે, તેમ –

**૭૪.** સર્વકાલતૃપ્ત – અનુપમ શાંતિયુક્ત સિદ્ધ શાશ્વત તથા અવ્યાબાધ પરમ સુખમાં નિમગ્ન રહે છે.

**૭૫.** તેઓ સિદ્ધ છે, બુદ્ધ છે, પારગત છે, પરંપરગત છે, કર્મકવચથી ઉન્મુક્ત છે, અજર–અમર અને અસંગ છે.

**૭૬.** સિદ્ધ બધા દુઃખોથી નિસ્તીર્ણ છે, જન્મ–જરા–મરણ બંધનથી વિમુક્ત છે, અવ્યાબાધ–શાશ્વત સુખોને અનુભવતા રહે છે.

**૭૭.** અતુલ્ય સુખ સાગરમાં લીન, અવ્યાબાધ–અનુપમ મુક્તાવસ્થા પ્રાપ્ત, સિદ્ધો સર્વ અનાગતકાળમાં સદા સુખ પ્રાપ્ત રહે છે.

ઉપપાત વર્ણન”નો મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

# [૧૨] ઔપપાતિક સૂત્રનો
# મુનિ દીપરત્નસાગરે કરેલ ગુજરાતી અનુવાદ પૂર્ણ

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| [૧] | **मूल आगम साहित्य**<br>મૂળ આગમ 3 પ્રકાશનોમાં 147 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 07850 પૃષ્ઠોમાં છે | 147 | 07850 |
| 1 | **आगम सुत्ताणि–मूलं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 49 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3510 છે | | |
| 2 | **आगम सुत्ताणि–मूलं** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 45 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2810 છે | | |
| 3 | **आगम सुत्ताणि–मंजूषा** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 53 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1530 છે | | |
| [૨] | **आगम अनुवाद साहित्य**<br>આગમ ભાવાનુવાદ 5 પ્રકાશનોમાં165 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 20150 પૃષ્ઠોમાં છે | 165 | 20050 |
| 1 | **आगम सूत्र–गुजराती अनुवाद–मूळ** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3400 છે | | |
| 2 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 47 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2800 છે | | |
| 3 | **आगम सूत्र–इंग्लिश अनुवाद** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 11 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 400 છે | | |
| 4 | **आगम सूत्र–गुजराती अनुवाद–सटीक** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 48 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 10340 છે | | |
| 5 | **आगम सूत्र–हिन्दी अनुवाद** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 12 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 3110 છે | | |
| [૩] | **आगम विवेचन साहित्य**<br>આગમ વિવેચન 7 પ્રકાશનોમાં 171 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 60900 પૃષ્ઠોમાં છે | 171 | 60900 |
| 1 | **आगम सूत्र–सटीकं** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 46 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 13800 છે | | |
| 2 | **आगम मूलं एवं वृत्ति**–1 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 51 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 17990 છે | | |
| 3 | **आगम मूलं एवं वृत्ति**–2 Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2560 છે | | |

| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
|---|---|---|---|
| 4 | **आगम चूर्णि साहित्य** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2670 છે | | |
| 5 | **सवृत्तिक आगम सूत्राणि**–1 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 40 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 18460 છે | | |
| 6 | **सवृत्तिक आगम सूत्राणि**–2 Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2660 છે | | |
| 7 | **सचूर्णिक आगम सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 8 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2760 છે | | |
| [४] | **आगम कोष साहित्य**<br>આગમ કોષ સાહિત્ય 5 પ્રકાશનોમાં 16 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 5190 પૃષ્ઠોમાં છે | 16 | 05190 |
| 1 | **आगम सद्दकोसो** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2100 છે | | |
| 2 | **आगम नाम व कहा–कोसो** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 210 છે | | |
| 3 | **आगम सागर कोष:** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1130 છે | | |
| 4 | **आगम शब्दादि संग्रह [प्रा० सं० गु०]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1250 છે | | |
| 5 | **आगम बृहत् नाम कोष: [प्रा० सं० गु० नाम परिचय ]** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 500 છે | | |
| [५] | **आगम अन्य साहित्य**<br>આગમ અન્ય સાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં કુલ 1590 પૃષ્ઠોમાં છે | 10 | 03220 |
| 1 | **आगम कथानुयोग** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2170 છે | | |
| 2 | **आगम संबंधी साहित्य** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 870 છે | | |
| 3 | **ऋषिभाषित सूत्राणि** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 80 છે | | |
| 4 | **आगमिय सूक्तावली** Printed.<br>આ સંપુટમાં અમારુ 1 પ્રકાશન છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

| | | | |
|---|---|---|---|
| મુનિશ્રી દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000<br>આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070 | | | |
| [૬] | **आगम अनुक्रम साहित्य**<br>આગમઅનુક્રમસાહિત્ય 3 પ્રકાશનોમાં 9 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 1590 પૃષ્ઠોમાં છે | 9 | 01590 |
| 1 | **आगम विषयानुक्रम–मूल** Printed.<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 730 છે | | |
| 2 | **आगम विषयानुक्रम–सटीक** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 3 | **आगम सूत्र–गाथा अनुक्रम** Net.<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| [૭] | મુનિ દીપરત્નસાગર લિખિત "આગમ સિવાયનું અન્ય સાહિત્ય"<br>આગમેતર સાહિત્ય 12 પ્રકાશનોમાં 84 પુસ્તકોમાં નીચે પ્રમાણે કુલ 9270 પૃષ્ઠોમાં છે | 85 | 09270 |
| 1 | તત્ત્વાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 13 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 2090 છે | | |
| 2 | સૂત્રાભ્યાસ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 6 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1480 છે | | |
| 3 | વ્યાકરણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1050 છે | | |
| 4 | વ્યાખ્યાન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1220 છે | | |
| 5 | જિનભક્તિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 9 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 1190 છે | | |
| 6 | વિધિ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 300 છે | | |
| 7 | આરાધના સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 3 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 430 છે | | |
| 8 | પરિચય સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 4 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |
| 9 | પૂજન સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 2 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 100 છે | | |

**દીપરત્નસાગરજીના પ્રકાશનો–4 [603+DVD] 1,36,000**
**આ પ્રકાશન પૂર્વેના કુલ પ્રકાશનો– 603, તેના કુલ પૃષ્ઠો 1,08,070**

| | | | |
|---|---|---|---|
| 10 | તીર્થંકર સંક્ષિપ્ત દર્શન<br>આ સંપુટમાં અમારા કુલ 25 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 680 છે | | |
| 11 | પ્રકીર્ણ સાહિત્ય<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 290 છે | | |
| 12 | દીપરત્નસાગરના લઘુશોધ નિબંધ<br>આ સંપુટમાં અમારા કુલ 5 પ્રકાશનો છે, જેના કુલ પાના આશરે 220 છે | | |

મુનિ દીપરત્નસાગરનું સાહિત્ય

| | |
|---|---|
| 1 | મુનિ દીપરત્નસાગરનું આગમ સાહિત્ય [કુલ પુસ્તક 518] તેના કુલ પાના [98,800] |
| 2 | મુનિ દીપરત્નસાગરનું અન્ય સાહિત્ય [કુલ પુસ્તક 85] તેના કુલ પાના [09,270] |
| 3 | મુનિ દીપરત્નસાગર સંકલિત 'તત્ત્વાર્થસૂત્ર'ની વિશિષ્ટ **DVD** તેના કુલ પાના [27,930] |

**અમારા પ્રકાશનો કુલ ૬૦૩ + વિશિષ્ટ DVD કુલ પાના 1,36,000**

**અમારું બધું જ સાહિત્ય on-line પણ ઉપલબ્ધ છે અને 5 DVD માં પણ મળી શકે છે**

વેબ સાઈટ:– 1. www.jainelibrary.org 2. deepratnasagar.in
ઈમેલ એડ્રેસ:– jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397

સંપર્ક:– મુનિશ્રી દીપરત્નસાગરજી મહારાજ સાહેબ
"પાર્શ્વ વિહાર", જૈન દેરાસરજી, ફોરેસ્ટ રેસ્ટ હાઉસ સામે, કાલાવડ હાઈવે–ટચ
Post: - ઠેબા, Dis:–જામનગર, ગુજરાત, India. [Pin- 361120]

नमो नमो निम्मलदंसणस्स

बाल ब्रह्मचारी श्री नेमिनाथाय नम:

पूज्य आनन्द-क्षमा-ललित-सुशील-सुधर्मसागर-गुरूभ्यो नम:

આગમ- ૧૨

# ઉववाઈય

## આગમસૂત્ર ગુજરાતી ભાવાનુવાદ

વેબ સાઈટ:– (1) www.jainelibrary.org (2) deepratnasagar.in

ઈમેલ એડ્રેસ:- jainmunideepratnasagar@gmail.com મોબાઈલ 09825967397